# આરાધના સાર

શ્રુતસ્થવિર ભગવાન શ્રીવીરભદ્ર
મહર્ષિપ્રણીત-શ્રીચઉસરણપયન્ના
આદિ (૪) પયન્નાસૂત્રોઃ
: મૂળ અને ભાવાનુવાદ :

-: સંપાદક :-

પૂ૦ મુનિરાજ શ્રી કનકવિજયજી
મહારાજ

आचार्य श्रीविजयसिद्धिसूरिग्रन्थमालायाः तृतीयं पुष्पम् (३)

શ્રુતસ્થવિર ભગવાન શ્રીવીરભદ્રમહર્ષિ સંકલિત-

# આરાધના સાર

શ્રીચઉસરણ, શ્રીઆઉર પચ્ચક્ખાણ, શ્રીભત્તપરિણ્ણય,

શ્રીસંથારગપરિણ્ણય. [૪] પયન્નાસૂત્રો

મૂળ અને ભાવાનુ[illegible]

-: પ્ર કા શ ક :-

પૂ. શાન્તતપોમૂર્તિ સુવિહિત શિરોમણિ સૂ[illegible]

શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના પરમવિનેય

મુનિરાજ શ્રીપ્રમોદવિજયજી મહારાજના શિષ્યરત્ન

શાન્તમૂર્તિ પૂ. પંન્યાસજી મહારાજ શ્રીમેરૂવિજયજી

ગણિવરના સદુપદેશથી પ્રાપ્ત આર્થિક સહાયથી-

-: આચાર્ય શ્રીવિજયસિદ્ધિસૂરિ ગ્રન્થમાળા :-

શ્રીશાન્તિનાથ જૈન દેરાસર પેઢી, બીલીમોરા.

: પ્રકાશક :

માસ્તર પ્રભુદાસ દીપચંદ.

[ વ્યવસ્થાપક ]

આ૦ શ્રીવિજયસિદ્ધિસૂરિ ગ્રન્થમાળા.

જૈન દેરાસર પેઢી, બીલીમોરા [બી. બી. રેલ્વે]

વિ. સં. ૧૯૯૭ વીર સં. ૨૪૬૭

પ્રત ૫૦૦

મૂલ્ય : સદુપયોગ.

: મુદ્રક :

૧૨૦ પૃષ્ઠ સુધી

જૈન ભાસ્કરોદય પ્રીં. પ્રેસ, જામનગર.

શેષ ભાગ

શ્રી શારદા મુદ્રણાલય

પાનકોર નાકા—અમદાવાદ.

॥ श्री शान्तिनाथाय नमः ॥

॥ पू. आचार्यदेवश्रीमद्विजयसिद्धिसूरीश्वरपादपद्मेभ्यो नमः ॥

# નિવેદન

**સ**કલશ્રમણસમૂહશિરોમણિ સુવિહિતાગ્રણી વયોવૃદ્ધ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી** મહારાજશ્રીના પુનીત અભિધાનથી સંકળાયેલ અમારી ગ્રન્થમાળા આજે આ નૂતન ગ્રન્થને, આરાધનાના ખપી આત્માઓની સમક્ષ રજુ કરે છે.

પ્રસ્તુત ગ્રન્થમાં, શ્રુતસ્થવિર **ભગવાન શ્રી વીરભદ્ર મહર્ષિ;** કે જેઓ વર્તમાન શાસનના પ્રવર્તક, દેવાધિદેવ **શ્રમણ ભગવાન શ્રીમહાવીર પરમાત્મા**ના હસ્તદીક્ષિત શિષ્ય છે. તેઓએ સંકલિત કરેલ **શ્રી ચઉસરણ, શ્રી આઉર પચ્ચકખાણ, શ્રી ભત્ત પરિણ્ણય અને શ્રી સંથારગ પરિણ્ણય** આ ચાર પયન્નાસૂત્રો મૂળ અને ભાવાનુવાદ સાથે **'આરાધના સાર'** તરિકે આપવામાં આવેલ છે.

આ પયન્નાસૂત્રોનાં ભાવાનુવાદનું કાર્ય, **પૂ. મુનિરાજ શ્રીમદ્ કનકવિજયજી મહારાજ**, કે જેઓ **પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાવક પૂજનીય વ્યાખ્યાનવાચસ્પતિ પરમશાસનપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્ય છે.** તેઓએ પૂર્ણકાળજીપૂર્વક મૂળસૂત્રોના ભાવને સ્પર્શીને, સ્પષ્ટતાથી ટૂંકમાં અને સરળ ભાષામાં કર્યું છે.

વળી પઠન, પાઠન વગેરેના કાર્યમાંથી સમય મેળવીને, તેઓએ

આ ગ્રંથનું સંપાદનકાર્ય તકેદારી પૂર્વક સારી રીતે કર્યું છે. આ પ્રકાશન શુદ્ધ, સ્વચ્છ અને સર્વગ્રાહ્ય બને તે સારૂ પૂજ્ય મહારાજશ્રીએ ઠીક પરિશ્રમ લીધો છે. શ્રુતજ્ઞાનની ભક્તિરુપ પૂ. મહારાજશ્રીનો આ પરિશ્રમ સાચે જ અનુમોદનીય અને પ્રશંસનીય છે.

અને અમારી સંસ્થાના પ્રકાશનકાર્યમાં અનેક રીતિયે સહકાર આપનાર પૂજનીય પરમશાન્તમૂર્તિ ગુણાનુરાગી **પંન્યાસજી મહારાજ શ્રીમદ્ મેરૂવિજયજી ગણિવર**ના અપ્રતિમ ઉપકારોને કેમ ભૂલી શકાય ? તેઓશ્રીના સદુપદેશથી પ્રાપ્ત થતી આર્થિક સહાયથી અમારી સંસ્થા–**'આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરિ ગ્રન્થમાળા'** આ ગ્રન્થોનાં પ્રકાશનને કરી શકી છે.

પ્રાન્તે હું કહીશ કે: પ્રસ્તુત ગ્રન્થના પ્રકાશનને શુદ્ધ અને મનોરમ બનાવવા માટે શકય કાળજી રાખવામાં આવી છે. છતાંયે પાઠ ફેર, મુદ્રણદોષ, પ્રુફ સુધારણાનો દોષ યા તેવા પ્રકારના અન્ય કારણે ક્ષતિઓ રહી જવા પામી હોય તો તે ક્ષન્તવ્ય છે. આરાધનાનો અભિલાષુક વાંચક વર્ગ ક્ષીરનીર ન્યાયે આ વસ્તુને ગ્રહણ કરશે, અને આના પઠન, પાઠનથી આત્મકલ્યાણને સાધશે. એજ અભિલાષા.

—પ્રકાશક.

॥ ॐ अर्हं नमः ॥

# આભાર દર્શન

પૂજનીય શાન્તતપોમૂર્તિ વયોવૃદ્ધ સુરિપુરંદર આચાર્યદેવ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્યરત્ન શાન્તમૂર્તિ પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રીમદ્ મેરૂવિજયજી ગણિવરના સદુપદેશથી, ગામ બેડા [મારવાડ] નિવાસી ધર્માત્મા શા. રાજમલ ભીમાજીએ તથા ગામ બેડા નિવાસી શ્રાવિકા સમરથબેને, આ પુસ્તકના પ્રકાશન કાર્યમાં જે આર્થિક સહાય કરી છે, તે સાચે જ અનુમોદનીય અને પ્રશંસનીય છે.

તે પુણ્યવાન આત્માઓએ, આ રીતે જે પોતાની લક્ષ્મીનો સદુપયોગ કર્યો છે, તે માટે પ્રકાશક સંસ્થા તેની આભારપૂર્વક નોંધ લે છે.

—પ્રકાશક.

## —— વિષય નિર્દેશ ——


| વિષય. | પૃષ્ઠ: |
|---|---|
| નિવેદન ... ... ... ... | ૩ |
| આભાર દર્શન ... ... ... | ૫ |
| વિષય નિર્દેશ ... ... ... | ૬ |
| શુદ્ધિસૂચન ... ... ... | ૭ |
| આદિવચન ... ... ... | ૯ |
| શ્રીચઉસરણ પયન્ના મૂળ, ભાવાનુવાદ ... | ૧ |
| શ્રીઆઉરપચ્ચક્ખાણ ,, ,, ... | ૨૬ |
| શ્રીભત્તપરિજ્ઞા ,, ,, ,, ... | ૫૯ |
| અનશન સ્વીકાર, પચ્ચક્ખાણસૂત્ર ... | ૧૧૭ |
| શ્રીસંથારા પરિજ્ઞા મૂળ, ,, ... | ૧૨૧ |
| પંડિત મૃત્યુ, મહામહોત્સવ ,, ... | ૧૬૧ |
| અન્તિમ આરાધના... | ૧૬૬ |

# —શુદ્ધિ સૂચન—

| પૃષ્ઠ: | પંક્તિ: | અશુદ્ધિ: | શુદ્ધિ: |
|---|---|---|---|
| ૧ | ૧ | श्रुतस्थवीर | श्रुतस्थविर |
| ૩ | ૭ | વર્તમાના | વર્તમાન |
| ૩ | ૧૭ | શ્રુતસ્થવીર | શ્રુતસ્થવિર |
| ૬ | ૨૭ | શ્રીતિર્થંકરદેવા | શ્રીતીર્થંકર દેવા |
| ૭ | ૫ | चउगमुहरणा | चउगइहरणा |
| ૯ | ૧૫ | સર્વથા યોગ્ય છે | સર્વથા યોગ્ય |
| ૧૩ | ૧૫ | તદ્દન આવરી દેનારા; | સર્વથા જીતી લેનારા; |
| ૧૫ | ૪ | दुयालसिक्कारसंगिणो | दुवालसिक्कारसंगिणो |
| ૧૯ | ૧૬ | પ્રરૂપ્રનાર; | પ્રરૂપનાર; |
| ૩૨ | ૬ | સર્વ દુષ્કૃતોની | સર્વ દુષ્કૃતોનું |
| ૩૫ | ૨૨ | વિકલ્પો કર્યો. | વિકલ્પ કર્યો. |
| ૪૩ | ૬ | गरिहणिज्जं | गरहणिज्जं |
| ૪૪ | ૪ | अकंपा | अकंपो |
| ૪૯ | ૧૨ | અતિયશય | અતિશય |
| ૬૦ | ૩ | परट्ठाय | परट्ठा य |
| ૬૫ | ૪ | –निकुरंपो | –निकुंरबो |

| પૃષ્ઠઃ | પંક્તિઃ | અશુદ્ધિઃ | શુદ્ધિઃ |
|---|---|---|---|
| ૬૬ | ૨ | गुरुपागमूलेऽभिम्म | गुरुपायमूलेऽभिगम्म |
| ૬૭ | ૭ | देह | देइ |
| ૬૯ | ૬ | —नमंतसासस्स | —नमंतसीसस्स |
| ૮૬ | ૯ | ચઢાયો હતો | ચઢાવ્યો હતો |
| ૯૯ | ૪ | रमणाअदंसणाओ | रमणीअदंसणाओ |
| ૧૧૯ | ૫ | अहोत्तं वा | अहोरत्तं वा |
| ૧૨૯ | ૧૮ | વિનયને ઉદ્દેશીને | વિનેયને ઉદ્દેશીને |
| ૧૩૬ | ૨ | सोत हिं | सो तहिं |
| ૧૩૯ | ૭ | निविसिआ | निवेसिआ |
| ૧૬૧ | ૨ | नरसत्तम | नरसत्तमः |
| ૧૬૪ | ૧૯ | દેનારા. | દેનારા છે. |

# આદિવચન.

શ્રી જૈનશાસનમાં સમાધિભાવે મરણને પ્રાપ્ત કરવું, એ અતિદુર્લભ ગણાય છે. જીવન પર્યન્તની સઘળીયે શુભ આરાધનાઓનું પરિણામ, મરણના કાલની આસપાસના સમાધિભાવ પર અવલંબે છે. આ કારણે સમાધિમરણનું મૂલ્ય અમાપ છે. અજ્ઞાન આત્માઓ સાચે જ દેવદુર્લભ સમાધિમરણની મહત્તાને કદાચ ન પણ સમજી શકે.

વાસ્તવિક વાત એ છે કે શ્રી જૈનશાસ્ત્રોમાં પ્રતિપાદિત કરવામાં આવેલ સમાધિમરણમાટેની અન્તિમ આરાધના, તત્ત્વજ્ઞાનનાં [ Philosophy ] પાયા પર નિર્ભર છે. સૂક્ષ્મ દૃષ્ટિથી તે ગ્રાહ્ય બને છે, એને સમજવા માટે આથી જ વસ્તુસ્વરુપનાં પારમાર્થિક દૃષ્ટા તેમ જ જ્ઞાતા બનવાની જરૂર રહે છે.

જ્યારે મરણ એ સ્વાભાવિક છે, જન્મ પામનાર પ્રત્યેક સંસારી આત્માને મૃત્યુના કારમા પાશમાં ભીંસાયા વિના રહેવાનું નથી. આ કારણે મરણનો ડર, તત્ત્વજ્ઞાતા આત્માઓના

હૈયામાં તેવા પ્રકારનો ન હોય, જેવો જન્મ કર્મ અને કષાય-રુપ સંસારની મૂળ બીજભૂત ત્રિપુટીનો હોય.

મરણુની ભયંકર યાતનાઓને સમભાવે વેદવા પૂર્વક આવા તત્ત્વજ્ઞ ધર્મશીલ આત્માઓ, સાચેજ અન્તિમ કાળે શ્રી જિનકથિત આરાધનાઓને સુખપૂર્વક સાધી શકે છે. આવી સ્થિતિનાં પરિણુત આત્માઓ, શ્રી જિનપ્રણીત અન્તિમ-કાલીન આરાધનાવિધિની ઉપયોગિતા અવશ્ય પીછાણી શકે છે.

આ સિવાય જ્યાંસુધી દેહ અને આત્માના સંયોગોની એકાન્ત દુઃખરુપતા; આત્માનો અજરામર સ્વભાવ; જન્મ મરણુની પરંપરામાં રહેલી ભયંકર દુઃખદતા; વગેરેનો વાસ્તવિક ખ્યાલ જે આત્માઓને ન હોય, ત્યાંસુધી મરણુના અવસરે ઉપકારક બની શકવાના પ્રબલ સામર્થ્યવાળી અન્તિમ-કાલીન આરાધના વિધિની ઉપયોગિતાનો વિચાર, તે આત્માઓને ભાગ્યેજ આવી શકે.

તત્વદૃષ્ટા પુરૂષો [Philosopher], કે જેઓ દેહ અને આત્માના સંબન્ધનો તથા તેના સ્વરૂપનો; વિચાર કરી શકયા છે, પોતાના જીવન દરમ્યાન જેઓ કર્મસમૂહને વિખેરી નાંખવાનું કાર્ય કરવાને તૈયાર રહેલા છે, તેમ શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલ રત્નત્રયીની અખંડ આરાધનાઓમાં જેઓ સતત પ્રયત્નશીલ બન્યા છે, તેઓ પોતાના અન્તિમકાળને સુધારવાને ખૂબજ તૈયાર હોય છે.

કારણ કે : જન્માન્તરની ગતિનો આધાર મરણુકાલની છેલ્લી ઘડિયે પડેલા આયુષ્યના બન્ધ ઉપર પ્રાયઃ રહે છે, એ વેળાયે જો જાગૃતિ ન રહી, તો કુગતિ કે દુર્ગતિનું

આયુષ્ય બંધાઇ જાય છે. આથી ભવાન્તરમાં ધર્મની આરાધના માટેની શુભ સામગ્રીઓ મળવી મુશ્કેલ બને છે. કદાચ સામગ્રીઓની પ્રાપ્તિ થતાં વિરાધના પણ થઇ જાય છે.

આ કારણે : મરણકાલની ઘડિઓ સંપૂર્ણ સાવધદશામાં શ્રી જિનકથિત આરાધનાઓમાં સંપૂર્ણપણે વ્યતીત થવી જોઈએ. આને સારૂ આલંબનની આવશ્યક્તા ખરી.

જો કે: અન્તિમ આરાધનામાટેનાં અનેક આલંબનો છે. છતાંયે તે આરાધનાના રહસ્યને; વિધિવિધાનોને; તથા તેવા પ્રકારની મનોભાવનાઓને; દરેક રીતિયે ઉપયોગી બની શકે તેવા પ્રકારનું સુંદર સાહિત્ય પણ અન્તિમ આરાધના કરનારા પુણ્યવાન આત્માઓ માટે અવશ્ય આલંબનરૂપ છે.

અન્તિમ આરાધનાના પ્રકારોને; વિધિવિધાનોને સ્હમજાવતું અનેક પ્રકારનું સાહિત્ય, શ્રીજૈનશાસનમાં વર્તમાનકાલે અસ્તિતાને ધરાવે છે. તો પણ ચરમતીર્થપતિ આસન્ન ઉપકારી **શ્રમણભગવાનશ્રી મહાવીર પરમાત્માના** હસ્તદીક્ષિત શિષ્ય, **શ્રીવીરભદ્રશ્રુતસ્થવિરપ્રણીત** ચાર પયન્નાસૂત્રોમાં સંકલિત સાહિત્યવસ્તુ, સાચે અન્તિમકાલીન આરાધનાના માર્ગનું યથાર્થ દર્શન કરાવનાર છે.

'**ત્રિલોકનાથ શ્રી અરિહંતપરમાત્મા વગેરે ચાર શરણસ્થાનોનાં શરણનો સ્વીકાર; પૂર્વકૃત દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના**' આ મુજબની ત્રણપ્રકારની આરાધના; શ્રીજૈનશાસ્ત્રોમાં સામાન્યરીતિયે અન્તિમસમયની આરાધ્યવસ્તુ તરિકે આદરણીય ગણાય છે. અન્તિમ આરાધનાનો સાર, આજ ત્રણ વસ્તુ મુખ્યતયા કહી શકાય તેમ છે.

અંગસૂત્રો, ઉપાંગસૂત્રો, પ્રકીર્ણસૂત્રો વગેરેમાં આને અંગે ઘણાં ઘણાં ઉલ્લેખો-વિવેચનો મળી રહે છે. કારણ સ્પષ્ટ છે, અન્તિમ આરાધનાનો વિષય જ એવો વ્યાપક, મહત્વનો તથા ગંભીર છે.

શ્રી ચઉસરણપયન્ના આદિ દશપયન્ના [પ્રકીર્ણક] સૂત્રો, વર્તમાનકાલમાં ૪૫ આગમોની ગણનામાં આગમસૂત્રો તરીકે ગણાય છે. તેમાંયે ઉપર જણાવ્યા મુજબ **'શ્રી ચઉસરણ, શ્રીઆઉરપચ્ચક્ખાણ, શ્રીભત્તપરિણ્ણય, શ્રીસંથારગપરિણ્ણય'** આ ચાર પયન્નાસૂત્રોમાં ખાસ અન્તિમ આરાધનાની વસ્તુને, ખૂબ જ સ્પષ્ટતાથી મનોરમ પદ્ધતિયે જણાવવામાં આવી છે. એટલે કે: જીવનનો અન્તિમભાગ સુધારવા અને આગામિકાલની સદ્ગતિને પ્રાપ્ત કરવા માટે આ ચારેય પયન્નાસૂત્રોમાં સુંદરરીતિયે જણાવાયું છે.

જો કે: અન્ય અનેક ગ્રન્થોમાં અન્તિમકાલીન આરાધનાના વિવિધ ભેદ-પ્રભેદોનું સૂચન કરવામાં આવ્યું છે. તેમાં મુખ્યતયા જે [1]છ, દશ અધિકારોનો નિર્દેશ કરવામાં આવ્યો છે, તે અધિકારો, શ્રી ચઉસરણપયન્ના આદિ સૂત્રોમાં સૂચિત અન્તિમકાલની ત્રણ પ્રકારની આરાધનામાં અન્તર્ભાવને પામી શકે છે. શ્રીજિનકથિત વિવિધ પ્રકારની સઘળીયે આરા-

---

૧ છ અધિકારો આ પ્રકારે: પાપકર્મોની નિન્દા, સર્વજીવોને ક્ષમાપના, શુભભાવના, શ્રી અરિહંત વગેરે ચાર શરણા, શ્રીનમસ્કાર મહામંત્ર, અને અનશન. તથા દશ અધિકારોમાં આ છ, અને સુકૃતનું અનુમોદન, વ્રતનો સ્વીકાર, પાપસ્થાનકોના ત્યાગ, અતિચારોની આલોચના. શ્રી પુણ્યપ્રકાશના સ્તવનમાં આ દશ અધિકારો છે.

ધનાઓમાં આ ત્રણેય આરાધનવસ્તુ, દૂધમાં રહેલા માખણ કે ઘીની જેમ સંકળાઇને રહેલ છે.

આથી શ્રીચઉસરણપયન્ના વગેરે ચાર પયન્નાસૂત્રો, આરાધક આત્માઓના આરાધનકાર્યમાં અત્યન્ત ઉપકારક અને યથાર્થ માર્ગદર્શક છે. આમાં અન્ત્યસમયને સુધારવાને સારૂ ઉપયોગી દરેક વિષયો સર્વજનગ્રાહ્ય પ્રાકૃતભાષામાં ગૂંથિત કરવામાં આવેલ છે.

સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારુપ ચતુર્વિધસંઘ, આ ચારેય પયન્નાસૂત્રોને વિધિમુજબ ત્રણ ત્રણ આયંબીલની તપશ્ચર્યાપૂર્વક ભણવાને અધિકારી છે. પ્રાકૃતભાષાનો અભ્યાસી અને તેમાં રસ લેનારો વર્ગ, આ સૂત્રોના મૂળપાઠનું મનન કરતી વેળાયે સારામાં સારી રીતિયે આત્મજાગૃતિને પ્રાપ્ત કરી શકે તેમ છે.

પણ પ્રાકૃતભાષાના અભ્યાસવિનાનો શ્રદ્ધાળુવર્ગ, કે જે શ્રીવીતરાગદેવપ્રરૂપિત આરાધના કરવાની સદાકાલ ઝંખના સેવે છે. તેમ જ તે આરાધના કરવાપૂર્વક પોતાના જીવનની ઘડિપળોને સુધારવાને અભિલષે છે, આવો આરાધકવર્ગ; આ પયન્નાસૂત્રોના મૂળપાઠના પરિશીલનરુપ સ્વાધ્યાયને કરતી વેળાયે તેના ગંભીરભાવની આછી પણ ઉપયોગી સ્પર્શના કરી શકે, તેજ એક આશયથી આ ચારેય સૂત્રોના ભાવાનુવાદનું કાર્ય મેં હાથ ધર્યું હતું.

પૂજનીય પરમગુરૂદેવોની આજ્ઞા મુજબ જ્યારે વિ. સં. ૧૯૯૫ ની સાલનું મારૂં ચાતુર્માસ મુંબઇ લાલબાગ[ભૂલેશ્વર] ખાતે થયું હતું. તે દરમ્યાન 'ચાર પયન્નાસૂત્રોનો સ્પષ્ટ

તેમ જ સરળ ભાવાનુવાદ સાદી ભાષામાં થાય તો ઇચ્છનીય છે'–આ મુજબની તેના ખપી આત્માઓની–મુખ્યતયાએ મૂળપાઠના સ્વાધ્યાયમાં રસ લેનાર શ્રાવિકવર્ગની વિનતિરૂપ માગણી થઈ. બાદ સમયની અનુકૂળતાએ શ્રી ચઉસરણ આદિ ચારે પયન્નાસૂત્રોના ભાવાનુવાદનું કાર્ય મેં નવેસરથી શરૂ કર્યું.

જો કે : અત્યાર અગાઉ આમાંના કેટલાક પયન્નાસૂત્રોના ગુજરાતી ભાષામાં અનુવાદો થયા છે. પણ તે અનુવાદોનું કાર્ય જોઈએ તે રીતિએ નથી થયું. તે અનુવાદોમાં ભાવની સ્પષ્ટતા, શબ્દગત સરળતા અને રોચકતા નથી આવી શકી, એમ મારે કહેવું પડે છે. વળી કેટલાક ભાષાન્તરો, જો કે વિસ્તૃત બન્યા છે, પણ મૂળમાંનો ભાવ તેમાં અસ્પષ્ટ અને સંદિગ્ધરૂપે રજુ થયેલો જણાય છે.

આ બધા દૂષણોથી પ્રસ્તુત ભાવાનુવાદ પર છે, એમ કહેવાની ધૃષ્ટતા હું ન જ સેવી શકું. આમ કરવાથી આત્મપ્રશંસાના મહાપાપથી હું ભારે બનું. હા, આટલી સ્પષ્ટતા આ અવસરે મારે કરવી જ રહી, કે 'પ્રસ્તુત ભાવાનુવાદના કાર્યને અંગે શક્તિ અને સ્થિતિ મુજબની ખબરદારી રાખવામાં આવી છે. ભાવની સ્પષ્ટતા, શબ્દોની સરળતા વગેરે માટે પૂર્ણ કાળજી રાખવામાં આવી છે. અને અત્યાર અગાઉનાં ભાષાંતરોનાં દૂષણોની પુનરાવૃત્તિથી બચવા માટે પૂર્ણ તકેદારી રાખવામાં આવી છે.

પ્રસ્તુત ભાવાનુવાદને અંગે વધુ એક વાત મારે કહેવાની રહે છે: કે, 'મેં આ પયન્નાસૂત્રોનો ભાવાનુવાદ, મૂળકારના કથનાશયને મારી શક્તિ તથા સામગ્રી મુજબ સમજી,

વારંવાર ધારી, આજુબાજુના સંબંધની સંગાતને પૂર્ણરીતિયે જાળવીને, અવચૂરી, ટીકા વગેરે પ્રાચીન ઉપલબ્ધ સાધનોની સહાયતાથી કર્યો છે.'

આ કારણે: કેવળ શબ્દેશબ્દનો અર્થ આ અનુવાદમાં નહિ મળે, તો પણ મૂળની વસ્તુનું પરિશીલન કરવા ઇચ્છનારાઓને આમાંથી અવશ્ય ઉપયોગી મળી રહેશે. મૂળની વસ્તુને કેવળ ગૂર્જરભાષામાં ઉતારવાની ઈચ્છાથી જ આ પ્રયત્ન થયો છે. આથી વિભક્તિપ્રત્યયો કે સામાસિકવાકયોનો શબ્દશ: અર્થ, આમાંથી ન પણ મળે એ સંભાવ્ય છે, છતાંયે ભાવની સંગતિ; મૂળવસ્તુનો સંબન્ધ; વગેરે અખંડિત રહે તે માટે પૂર્ણ તકેદારી રાખવામાં આવી છે. વળી મૂળ ગાથાઓની શુદ્ધિમાટે લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ કારણે શ્રી દે. લા. સંસ્થા તરફથી છાયાસહિત પ્રકાશિત થયેલ શ્રી દશ-પયન્નાની પ્રતનો આદર્શ પ્રત તરિકે ઉપયોગ લેવામાં આવેલ છે.

આ પ્રકારે: પાપભીરૂ મનોવૃત્તિથી, જિનાજ્ઞાને શિરોધાર્ય રાખીને મેં આ કાર્ય કર્યું છે. છતાંયે છદ્મસ્થસુલભ મતિદોષથી હું ચૂકયો હોઉં; કે મૂલકારના આશયને સ્હમજવામાં હું ભૂલ્યો પણ હોઉં, તો આ વિષયના જ્ઞાતા પુરૂષો અવશ્ય મને માર્ગદર્શન આપશે. મારી સ્ખલનાઓનું પરિમાર્જન કરવાપૂર્વક મને જણાવશે.

ઓછું ભણેલા કે અધિક ભણેલા સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકારુપ ચારેય પ્રકારના સંઘને, આ ગ્રન્થમાં રજુ થયેલ વસ્તુ સાચે જ અત્યન્ત ઉપકારક છે. શ્રીજિનકથિત

અનેક પ્રકારની આરાધનાઓમાં આ આરાધ્યવસ્તુ સર્વસ્વ-રુપ છે. આ કારણે; **આરાધનાઓનો સાર-આરાધના-સાર** તરિકે આ ગ્રન્થની વસ્તુ ઓળખી શકાય તેમ છે.

વર્તમાનકાલના પ્રાયઃ આરાધનાવિમુખ વાતાવરણમાં ભવ્ય જનસમાજને, શ્રીજિનેશ્વરદેવપ્રણીત આરાધનામાર્ગમાં સદાકાલ પ્રેરણા પાનાર આવા પ્રકારના સાહિત્યનો જેમ બને તેમ બ્હોળો પ્રચાર થવો-કરવો દરેક રીતિયે ઇચ્છનીય છે. કારણ કેઃ આવા પ્રકારનું સાહિત્ય, એ વર્તમાનકાલના જડ-વાતાવરણમાં પરમ આલંબનરુપ છે. આત્મકલ્યાણના અભિ-લાષુકોને માટે સાચે જ દૂષમકાલના ઝેરીલા નાગનું વિષ ઉતારનાર મણિરત્ન છે.

સૌ કોઇ આરાધક આત્માઓ, આ ગ્રન્થનો સદુપયોગ કરીને સ્વ-પર હિતને સાધો. એજ અખંડ અભિલાષા.

પોષ શુકલા. ૫. ગુરૂવાર<br>
વિ. સ. ૧૯૯૭. વી. સં. ૨૪૬૭<br>
શાન્તિ ભુવન, મહાજનનો વંડો.<br>
શ્રીસિદ્ધક્ષેત્ર. [પાલીતાણા]

મુનિ કનકવિજય

श्रुतस्थवीर श्रीवीरभद्रमहामुनिप्रणीत—

# ॥ चउसरणपइण्णयम् ॥

[ મૂલગાથા–(૬૩); અને ભાવાનુવાદ. ]

## સૂચના

ત્રણ આયંબીલની તપશ્ચર્યા પૂર્વક, સુવિહીત ગુરૂની
પાસે વિધિમૂજબ આ સૂત્રનું પઠન
કરવું જોઇએ.

सावज्जजोगविरई उक्कित्तण गुणवओ अ पडिवत्ती।
खलिअस्स निंदणा वणतिगिच्छ गुणधारणा चेव॥१॥

## —: ભાવાનુવાદ :—

***મંગલસ્વરૂપ છ આવશ્યકો**

રાગ અને દ્વેષથી અચરાતી સાવદ્ય–સપાપ પ્રવૃત્તિઓની વિરતિ એ સામાયિક આવશ્યકની અર્થાધિકારરુપ વસ્તુ છે. આરાધનાનો માર્ગ બતાવનાર વર્તમાન:અવસર્પિણીકાલના તીર્થંકર દેવોનું ઉત્કીર્તનસ્તવન કરવું તે ચઉવીસત્થો આવશ્યકની વસ્તુ છે. મૂલ અને ઉત્તરગુણોના ધરનાર નિર્ગ્રન્થ સાધુપુરૂષોની પ્રતિપત્તિ–સેવા વંદણુ આવશ્યકનું સ્વરુપ છે. મૂલ અને ઉત્તરગુણોની પાલનામાં થઇ ગએલી સ્ખલનાઓની નિન્દા કરવી એ પડિક્કમણુ આવશ્યકની વસ્તુ છે. મૂલ અને ઉત્તરગુણરુપ વ્રતના તીવ્ર અતિચારોરુપ આત્માના ભાવવ્રણની પ્રતિકાર સમી-ચિકીત્સા એ કાઉસ્સગ્ગ આવશ્યકનો અધિકાર છે. મૂલ અને ઉત્તરગુણોને ધારણ કરવા પૂર્વક નવા નવા ગુણોની પ્રાપ્તિને સારૂ આલંબનરૂપ આચરણા એ પચ્ચક્ખાણ આવશ્યકનો અધિકાર છે. (૧)

---

* શ્રી મહાવીર પરમાત્માના હસ્તદીક્ષિત શિષ્ય શ્રુતસ્થવીર શ્રીવીરભદ્રમુનિ, શ્રીચઉસરણપયન્ના ગ્રન્થની શરૂઆત કરવા અગાઉ, ગ્રન્થની નિર્વિઘ્ન સમાપ્તિને સારૂ મંગલ તરીકે જૈન શાસનમાં ઉભયકાલ અવશ્ય કર્તવ્ય ગણાતા છ આવશ્યકોને અત્ર યાદ કરે છે. ગા. ૧ થી ૭ સુધી સામાયિક આદિ આવશ્યકોના અર્થાધિકાર તેમજ તેના અનન્તર ફલનો નિર્દેશ છે.

**चारित्तस्स विसोही कीरइ सामाइएण किल इहयं ।**
**सावज्जेअरजोगाण वज्जणासेवणत्तणओ ॥ २ ॥**
**दंसणयारविसोही चउवीसायत्थएण किच्चइ य ।**
**अच्चब्भुअगुणकित्तणरूवेण जिणवरिंदाणं ॥ ३ ॥**
**नाणाईआ उ गुणा तस्संपन्नपडिवत्तिकरणाओ ।**
**वंदणएणं विहिणा कीरइ सोहि उ तेसिं तु ॥ ४ ॥**

---

શ્રી જૈન શાસનમાં સામાયિક મહામૂલ્યવાન છે. જઘન્યથી મુહૂર્ત કાલસુધી અશુભ-પાપ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવા પૂર્વક, શુભ-નિરવદ્ય પ્રવૃત્તિઓનું સેવન એ સામાયિકનું સ્વરૂપ છે. આ સામાયિક આવશ્યકથી નિઃશંકરીતિયે સર્વવિરતિ તેમજ દેશવિરતિરૂપ ચારિત્રધર્મની ક્રમશઃ વિશુદ્ધિ થાય છે. (૨)

વર્તમાન અવસર્પિણી કાલમાં પ્રથમ માર્ગ બતાવનાર શ્રી જિનેશ્વર દેવો છે. તે કારણે તે તીર્થંકર પરમાત્માના અતિઆશ્ચર્ય-કારી ગુણોની 'લોગસ્સ'ના પાઠથી સ્તવના કરવી તે ચઉવીસત્થો આવશ્યકની વસ્તુ છે. આ આવશ્યકથી દર્શનાચારની પરમશુદ્ધિ થાય છે. (૩)

જ્ઞાન આદિ ઉત્તમ પ્રકારના ગુણોના આધારસમા ગુણવાન ગુરૂમહારાજને વિધિપૂર્વક વંદન કરવું તે વંદન આવશ્યકનું સ્વરૂપ છે. આ વંદન, વાંદણાના પાઠથી થાય છે. ગુણવાન જનોની આ મૂજબની પ્રતિપત્તિ-સેવાથી, જ્ઞાન વિગેરે આત્માના ગુણોની નિર્મ-લતા થાય છે. (૪).

खलिअस्स य तेसि पुणो विहिणा जं निंदणाइ पडिकमणं
तेण पडिक्कमणेणं तेसिंपि अ कीरए सोही ॥ ५ ॥

चरणाईयाराणं जहक्कम्मं वणतिगिच्छरूवेणं ।
पडिकमणासुद्धाणं सोही तह काउसग्गेणं ॥ ६ ॥

गुणधारणरूवेणं पच्चक्खाणेण तवइआरस्स ।
विरिआयारस्स पुणो सव्वेहि वि कीरए सोही ॥७॥

---

મૂલ અને ઉત્તરગુણોની અનેક પ્રકારની સ્ખલના–ક્ષતિઓની વિધિપૂર્વક ગુરૂજનની સમક્ષ નિંદા કરવી–ગર્હા કરવી. તે પડિક્કમણુ આવશ્યકનું સ્વરૂપ છે. આથી સર્વવિરતિ તેમજ દેશવિરતિ ધર્મના મૂલ તેમજ ઉત્તર ગુણોની શુદ્ધિ થાય છે. (૫)

પ્રતિક્રમણુથી હજૂ નહિ શુદ્ધ થયેલ વ્રતના અતિચારોરૂપ આત્માના વ્રણુને સારૂ શરીરના વ્રણુની જેમ તીવ્ર ચિકીત્સા–પ્રતિકાર સમાન કાઉસગ્ગ આવશ્યક છે. આના યોગે આત્માના મૂલ–ઉત્તરગુણોમાં સવિશેષ નિર્મલતા જન્મે છે. (૬)

આત્માના વિરતિગુણુસ્વરૂપ જ્ઞાનાચાર વિગેરે આચારોમાં આત્માને સદાકાલ જાગૃત રાખનાર, અને નવા નવા ગુણોની પ્રાપ્તિને સારૂ આલંબનરૂપ પચ્ચક્ખાણુ આવશ્યક છે. આ મૂજબ ગુણુધારણા એ આનું મૂલ સ્વરૂપ છે. આથી તપાચારની શુદ્ધિ થાય છે. જ્યારે છયે પ્રકારના ઉપરના આવશ્યકની પાલનાથી મન–વચન અને કાયાનું બલ ફોરવવાનું હોવાને અંગે વીર્યાચારની નિર્મલતા થાય છે. (૭)

**गय वसह सीह अभिसेअ दाम ससि दिणयरं झयं कुंभं।**
**पउमसर सागर विमाण भवण रयणुच्चय सिहिं च॥८॥**
**अमरिंदनरिंदमुणिंदवंदिअं वंदिउं महावीरं ।**
**कुसलाणुबंधि बंधुरमज्झयणं कित्तइस्सामि ॥ ९ ॥**

**મંગલસ્મરણ અને ઉપોદ્દ્ઘાત—**

તીર્થંકરોની સ્તુતિ એ પણ મંગલરૂપ છે. ગ્રન્થની આદિમાં મંગલ હોવું જોઇએ. આથી ચૌદ મહાસ્વપ્નોનાં નામસ્મરણપૂર્વક સર્વ-તીર્થંકરોની સ્તુતિ આ ગાથામાં કરી છે. ચૌદ મહા સ્વપ્નોનાં નામ—

*ગજ (૧), વૃષભ (૨), સિંહ (૩), શ્રીદેવીનો અભિષેક (૪), પુષ્પમાલા (૫), ચન્દ્ર (૬), સૂર્ય (૭), ધ્વજા (૮), રજતમયપૂર્ણકલશ (૯), પદ્મસરોવર (૧૦), ક્ષીરસાગર (૧૧), વિમાન-ભવન (૧૨), રત્નરાશિ (૧૩) અને નિર્ધૂમઅગ્નિ (૧૪) આ મૂજબ છે. (૮).

આ ચૌદ મહાસ્વપ્નોના નામસ્મરણથી સર્વ તીર્થંકર પરમાત્માની સામાન્ય સ્તુતિ થઇ. બાદ વર્તમાન શાસનના પ્રવર્તક આસન્ન ઉપકારી શ્રીમહાવીર ભગવાનને નમસ્કાર કરવારૂપ મંગલ આ રીતિયે છે- સુર અને અસુરના ઇન્દ્રો, માનવોના ઇન્દ્ર–ચક્રવર્તિઓ, તેમજ સાધુજનોમાં સર્વશ્રેષ્ઠ શ્રુત કેવલીઓ વિગેરે સઘલાયે, જે પરમાત્માના ચરણકમલમાં ભક્તિપૂર્વક સદાકાલ નમન કરે છે. તે દેવાધિદેવ શ્રીમહાવીર પરમાત્માને નમસ્કાર કરીને, કુશલના કારણભૂત અને એજ કારણે સુંદર આ અધ્યયનને હું કહીશ. (૯)

* શ્રીતિર્થંકર દેવો, જે રાત્રીએ માતાની કુક્ષીએ અવતરે છે. તે રાત્રીમાં તેઓની માતા આ ચૌદ મહાસ્વપ્નોને દેખે છે. જેઓ ઉર્ધ્વલોકથી આવીને અવતરે છે. તેમની માતા બારમા સ્વપ્નમાં વિમાનને દેખે છે, જ્યારે અન્યની માતા ભવનને દેખે છે.

**चउसरणगमण दुक्कडगरिहा सुकडाणुमोअणा चेव।**
**एस गणो अणवरयं कायव्वो कुसलहेउत्ति ॥ १० ॥**
**अरिहंत सिद्ध साहू केवलिकहिओ सुहावहो धम्मो।**
**एए चउरो चउगमुहरणा सरणं लहइ धन्नो ॥ ११ ॥**
**अह सो जिणभत्तिभरुच्छरंतरोमंचकंचुअकरालो ।**
**पहरिसपणउम्मीसं सीसंमि कयंजली भणइ ॥१२॥**

આ અધ્યયનમાં ત્રણ વસ્તુઓ કહેવાની છે. તે આ મૂજબ—

વિધિપૂર્વક શ્રીઅરિહંત પરમાત્મા આદિ ચાર શરણા-શરણ-સ્થાનોનો સ્વીકાર, પૂર્વકૃત દુષ્કર્મની શલ્યરહિતપણે નિન્દા, અને સ્વ તેમજ પરના સુકૃતની શુભભાવપૂર્વક અનુમોદના; આ ત્રણેય અધિકારો કુશલનાં કારણરુપ છે, માટેજ સદાકાલ તે કરવા યોગ્ય છે. જિનશાસનમાં આજ એક સારભૂત છે. તેમજ પરમાર્થભૂત છે. (૧૦)

શ્રીઅરિહંત પરમાત્મા, શ્રીસિદ્ધભગવાન, શ્રી નિર્ગ્રન્થ સાધુ-પુરૂષો અને શ્રીજિનકથિત સુખને આપનાર ધર્મ, આ ચારેય શરણ-સ્થાનો-શરણાઓ; દેવ-નરક તિર્યંચ-અને મનુષ્યગતિરૂપ સંસારનાદુઃખોને ટાળનાર છે. ધન્યવાન પુરૂષજ આ શરણાઓને પામી શકે છે. (૧૧)

**શ્રીઅરિહંતપરમાત્માનું શરણ—**

શ્રીજિનેશ્વરદેવની ભક્તિના સમૂહથી, ઉલ્લાસના યોગે બખ્તરની પેઠે વિકસ્વર બનેલી રોમરાજીથી ઉન્નત-શોભતો ભાગ્યવાન આત્મા; અતિહર્ષપૂર્વક મસ્તક પર બેહાથ જોડીને શ્રીઅરિહંત પરમાત્માના શરણને સ્વીકારવાને સારૂ આ મૂજબ કહે છે.+ (૧૨)

* ચઉસરણપયન્ના–અધ્યયની શરૂઆત કરતા પહેલાં ગ્રન્થકાર મહાપ શ્રોતાજનોને સન્મુખ વાલવાને સારૂ આ મૂજબ કહે છે, આ અભિધેયનો નિર્દેશ કહેવાય. + મૂલની ૧૨ મી ગાથાથી ૨૨ મી ગાથા સુધી.

**रागद्दोसारीणं हंता कम्मट्ठगाइ अरिहंता ।**
**विसयकसायारीणं अरिहंता हुंतु मे सरणं ॥ १३ ॥**

**रायसिरिमुवक्कमित्ता तवचरणं दुच्चरं अणुचरित्ता ।**
**केवलसिरिमरिहंता अरिहंता हुंतु मे सरणं ॥ १४ ॥**

**थुइवंदणमरिहंता अमरिंदनरिंदपूअमरिहंता ।**
**सासयसुहमरहंता अरिहंता हुंतु मे सरणं ॥ १५ ॥**

---

સર્વ દુઃખોનાં મૂલ કારણ રાગ અને દ્વેષરૂપ શત્રુઓનો નાશ કરનારા, સંસારના મૂલ આઠ કર્મોનો સર્વથા ક્ષય કરનારા, અને વિષય તેમજ કષાયોને શત્રુની જેમ જીતી લેનારા શ્રી અરિહંત પરમાત્મા મારા શરણ હો. (૧૩)

સર્વ પ્રકારની રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરવા પૂર્વક અલ્પ સત્ત્વવાલા જીવોથી દુઃશ્ચર તપ તેમજ સંયમધર્મનું પાલન કરી, જેઓ કેવલ જ્ઞાનરૂપ લક્ષ્મીને ભોગવવાને સમર્થ બન્યા છે, તે શ્રી અરિહંત દેવો મારા શરણ હો. (૧૪)

ભવ્યજીવોની સ્તુતિ તેમજ વંદનાને લાયક; વલી ઇન્દ્રો અને ચક્રવર્તિ વિગેરેની પૂજાને યોગ્ય; અને શાશ્વતસુખ–મોક્ષ સુખને મેલવવાને સમર્થ, શ્રીઅરિહંતદેવોનું શરણ મને સર્વદા હો. (૧૫)

परमणगयं मुणंता जोइंदमहिंदझाणमरहंता ।
धम्मकहं अरहंता अरिहंता हुंतु मे सरणं ॥ १६ ॥

सव्वजिआणमहिंसं अरहंता सच्चवयणमरहंता ।
बंभव्वयमरहंता अरिहंता हुंतु मे सरणं ॥ १७ ॥

ओसरणमवसरित्ता चउतीसं अइसए निसेवित्ता ।
धम्मकहं च कहंता अरिहंता हुंतु मे सरणं ॥१८॥

---

લોકોત્તર કેવલજ્ઞાનના યોગે અન્ય સર્વજીવોના મનમાં રહેલા ભાવોને જાણનારા; તેમજ યોગી પુરૂષોના ઇન્દ્ર શ્રી ગણધરદેવો અને દેવોના ઇન્દ્ર દેવેન્દ્રો વિગેરેથી સદાકાલ પરમધ્યેયરુપ; અને વાસ્તવિક કલ્યાણને કરનારી ધર્મકથાને કહેવાને લાયક; શ્રીઅરિહંતદેવો મારા શરણ હો. (૧૬)

સર્વજીવોની પારમાર્થિક દયા-અહિંસાનું પાલન કરવાને સમર્થ; સત્યવચનને ઉચ્ચારવાને યોગ્ય; તેમજ બ્રહ્મવ્રતનું પાલન કરવાને સર્વથા યોગ્ય છે, એવા ત્રિલોકનાથ શ્રી અરિહંતદેવો સર્વકાલ મને શરણ હો. (૧૭)

દેવોના સમુદાયે ભક્તિથી રચેલા સમવસરણમાં બેસી, ચોત્રીશ અતિશયોની લીલાને વીતરાગભાવે સેવવાપૂર્વક, પાંત્રીશ ગુણયુક્ત મનોહર વાણીથી સદા ધર્મકથાને કહેનારા શ્રીઅરિહંતદેવો મારા શરણભૂત હો. (૧૮

एगाइ गिराऽणेगे संदेहे देहिणं समं छित्ता ।
तिहुयणमणुसासंता अरिहंता हुंतु मे सरणं ॥१९॥

वयणामएण भुवणं निव्वाविंता गुणेसु ठावंता ।
जिअलोअमुद्धरंता अरिहंता हुंतु मे सरणं ॥२०॥

अच्चब्भुयगुणवंते निअजससससहरपसाहिअदिअंते ।
निअयमणाइअणंते पडिवन्नो सरणमरिहंते ॥२१॥

એક પ્રકારની-સમાન વાણીથી એકજ કાલે સર્વ જીવોના સંશયોને છેદનારા; તેમજ ત્રણેય લોકના ભવ્ય જનસમાજ પર ધર્મરૂપ શાસનને ચલાવનારા; શ્રીઅરિહંતદેવો મને નિરંતર શરણુ હો. (૧૯)

અમૃતસમા વચનથી ત્રણેય જગતના જીવોની વેદનાને શમાવનારા તેમજ ભવ્યજીવોને ગુણુના માર્ગે સ્થાપનારા; વળી ભવભીરૂ આત્માઓને સંસારરૂપ ભયંકર કૂપ-કુવામાંથી ઉદ્ધારનારા; શ્રી અરિહંતદેવો મારા શરણુરૂપ હો. (૨૦)

અતિ આશ્ચર્યકારી ગુણોથી શોભાને પામનારા; અને પોતાના ચન્દ્રસમાન યશથી દિશાઓના અન્તભાગસુધી ગુણરૂપ પ્રકાશને વિસ્તારનારા; તેમજ શાશ્વત[1]-આનાદિ અનન્ત એવા શ્રીઅરિહંતદેવોના શરણુને હું સ્વીકારૂં છું. (૨૧)

૧ એક અરિહંતની અપેક્ષાયે, શ્રી અરિહંતદેવોને માટે વપરાયેલું આ વિશેષણ ન ઘટે. પણ ત્રણેય કાલના શ્રી અરિહંતદેવોની અપેક્ષાયે આ વિશેષણ સંગત છે.

**उज्झिअजरमरणाणं समत्तदुक्खत्तसत्तसरणाणं ।
तिहुअणजणसुहयाणं अरिहंताणं नमो ताणं ॥२२॥**

**अरिहंतसरणमलसुद्धिलद्धसुविसुद्धसिद्धबहुमाणो ।
पणयसिररइयकरकमलसेहरो सहरिसं भणइ ॥२३॥**

---

જરા-વૃદ્ધાવસ્થા અને મરણને સર્વથા ત્યજી દેનારા; તેમજ સંસારના અનેક પ્રકારના દુઃખોથી પીડાતા ભવભીરૂ આત્માઓને ધર્મનો માર્ગ દર્શાવવાપૂર્વક સાચા શરણ-આશ્રયરૂપ; અને ત્રણેય લોકના ભવ્યજીવોને સાચું સુખ આપનારા; શ્રી અરિહંતદેવોના ચરણોને હું નમું છુ. (૨૨)

*** શ્રીસિદ્ધભગવાનનું શરણ—**

આ મૂજબ શ્રી અરિહંતદેવના શરણથી કર્મમલની શુદ્ધિ થવાના યોગે; જેને શ્રી શુદ્ધસ્વરૂપમય સિદ્ધપરમાત્મા પરત્વે પૂર્ણ બહુમાન પ્રગટ થયું છે, તે પુણ્યવાન આત્મા; ભક્તિથી નમેલા પોતાના મસ્તકને વિષે વિકસ્વર કમલના ડોડાસમાન અંજલિ જોડીને હર્ષપૂર્વક આ રીતિયે કહે છે. (૨૩)

---

* મૂલની ૨૩ મી ગાથાથી ૨૯ મી ગાથા સુધી.

**कम्मट्ठक्खयसिद्धा साहाविअनाणदंसणसमिद्धा ।**
**सव्वट्ठलद्धिसिद्धा ते सिद्धा हुंतु मे सरणं ॥२४॥**

**तिअलोअमत्थयत्था परमपयत्था अचिंतसामत्था ।**
**मंगलसिद्धपयत्था सिद्धा सरणं सुहपसत्था ॥२५॥**

**मूलुक्खयपडिवक्खा अमूढलक्खा सजोगिपच्चक्खा ।**
**साहाविअत्तसुक्खा सिद्धा सरणं परममुक्खा ॥२६॥**

---

સંસારના મૂલકારણસમા આઠેય પ્રકારના કર્મનો સર્વનાશ કરવા પૂર્વક સિદ્ધતાને પ્રાપ્ત કરનારા; તેમજ આત્માના સ્વાભાવિક ગુણો–જ્ઞાનદર્શન વિગેરેની સમૃદ્ધિથી શોભનારા; અને સર્વ અર્થો–પ્રયોજનોની પ્રાપ્તિથી સિદ્ધ; (ફરી જેને કોઇપણ પ્રકારનું કાર્ય સાધવું બાકી રહ્યું નથી.) એવા શ્રી સિદ્ધભગવંતો મને શરણ હો.

ત્રણ લોકના મસ્તકપર સિદ્ધશિલાનામના સ્થાનને વિષે રહેલા; તેમજ પરમપદ–મોક્ષપદને પ્રાપ્ત કરનારા; અને અચિન્ત્ય સામર્થ્યથી પરિપૂર્ણ; વળી પરમમંગલભૂત સિદ્ધપદને મેળવીને સદાકાલ અનુપમ આત્મારામ–સુખનો અનુભવ કરવાના કારણે પ્રશસ્ત; એવા શ્રી સિદ્ધભગવંતો મારા શરણરૂપ હો. (૨૫)

કર્મરૂપ ભાવશત્રુઓનું સર્વથા ઉન્મૂલન કરનારા; તેમજ અમૂઢલક્ષ્ય–સદા ઉપયોગશીલ; વલી જેઓના સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ સયોગી કેવલજ્ઞાનીઓજ ફકત કરી શકે છે; અને જેઓ સ્વભાવસ્થ પારમાર્થિક સુખનો ઉપભોગ સર્વકાલ કરનારા છે; તે પરમમુકત સ્વરૂપ શ્રી સિદ્ધભગવંતો મને શરણ હો. (૨૬)

**पडिपिल्लिअपडिणीया समग्गझाणग्गिदड्ढभवबीआ।**
**जोईसरसरणीया सिद्धा सरणं सुमरणीया ॥ २७ ॥**

**पावियपरमाणंदा गुणनीसंदा विभिन्नभवकंदा ।**
**लहुईकयरविचंदा सिद्धा सरणं खविअदंदा ॥२८॥**

**उवलद्धपरमबंभा दुल्लहलंभा विमुक्कसंरंभा ।**
**भुवणघरधरणखंभा सिद्धा सरणं निरारंभा ॥२९॥**

---

પ્રત્યનીક સમા રાગ દ્વેષ વિગેરેનો તિરસ્કાર કરનારા; તેમજ સંસારના બીજરૂપ સકલકર્મોને અગ્નિની જેમ શુભધ્યાનથી બાળી નાખનારા; અને યોગીશ્વરોને પણ સર્વદા ધ્યેયરૂપ હોવાને કારણે સ્મરણ કરવાને યોગ્ય; એવા શ્રી સિદ્ધભગવંતો મારા શરણ હો. (૨૭)

આત્મરમણતાના યોગે સદાકાલ પરમ આનન્દનો અનુભવ કરનારા; તેમજ સકલગુણોના સારરૂપ; વલી ભવરૂપ કંદનો સર્વથા ભેદ કરનારા; અને શ્રીકેવલજ્ઞાનના પ્રકાશથી સૂર્ય તેમજ ચન્દ્રના પ્રકાશને તદ્દન આવરી દેનારા; તથા રાગ-દ્વેષ વિગેરે દુઃખરૂપ દ્વંદ્વો-યુગલોનો ક્ષય કરનારા; શ્રીસિદ્ધભગવંતો મને શરણ હો. (૨૮)

સર્વથા કર્મનાશના યોગે પરમબ્રહ્મસ્વરૂપ ચૈતનદશાનો અનુભવ કરનારા; વલી જગતમાં દુર્લભ ગણાતા લાભોને મેલવનારા; તેમજ અનેક પ્રકારના પાપમય સમારંભોને[1] ત્યજી દેનારા; અને ત્રણભુવનરૂપ ઘરને સારૂ આધારભૂત સ્થંભસમા; તથા કોઇપણ પ્રકારના આરંભોથી રહિત શ્રીસિદ્ધભગવાન મારા શરણ હો. (૨૯)

---

૧ આરંભ અને સમારંભ બન્ને શબ્દોના ભાવમાં શાસ્ત્રીયદૃષ્ટિએ ભિન્નતા છે.

सिद्धसरणेण नवबंभहेउसाहुगुणजणिअबहुमाणो ।
मेइणिमिलंतसुपसत्थमत्थओ तत्थिमं भणइ ॥३०॥

जिअलोअबंधुणो कुगइसिंधुणो पारगा महाभागा ।
नाणाइएहिं सिवसुक्खसाहगा साहुणो सरणं ॥३१॥

---

*** શ્રી સાધુપુરૂષોનું શરણ—**

આ મૂજબ ભક્તિપૂર્વક શ્રીસિદ્ધભગવંતોના શરણનો યોગે, જ્ઞાન અને બ્રહ્મના કારણભૂત સાધુતાગુણ પરત્ત્વે જેને પૂર્ણ અનુરાગ પ્રગટ્યો છે તે મહાનુભાવ આત્મા; પોતાના પ્રશસ્ત મસ્તકને ધરણીપર મૂકીને આ રીતિયે કહે છે— (૩૦)

ષડ્જીવનિકાયરુપ જીવલોકના સાચા બંધુ સમા; ગંભીર અને અપાર સાગરની જેમ દુર્ગતિના પારને પામનારા; અને મહાભાગ્યવાન હોવાને કારણે સમ્યગ્જ્ઞાનદર્શન ચારિત્રરૂપ રત્નત્રયીની આરાધનાના યોગે મોક્ષના સુખને સાધનારા; શ્રી સાધુપુરૂષો મારા શરણ હો. (૩૧)

---

* મૂલ ગાથા ૩૦ થી ૪૦ સુધી.

**केवलिणो परमोही विउलमई सुअहरा जिणमयंमि ।**
**आयरिअ उवज्झाया ते सव्वे साहुणो सरणं ॥३२॥**

**चउदसदसनवपुव्वी दुयालसिक्कारसंगिणो जे अ ।**
**जिणकप्पाहालंदिअ परिहारविसुद्धिसाहू अ ॥३३॥**

**खीरासवमहुआसवसंभिन्नस्सोअकुट्ठबुद्धी अ ।**
**चारणवेउव्विपयाणुसारिणो साहुणो सरणं ॥३४॥**

---

કેવલજ્ઞાનને ધરનારા; પરમાવધિજ્ઞાનને ધરનારા, તથા વિપુલમતિ મન: પર્યાયજ્ઞાનના ધારક; તેમજ જિનમાર્ગમાં રહેલા આચાર્યદેવો અને ઉપાધ્યાયદેવો વિગેરે પદસ્થો, તે સર્વ સાધુતાગુણમાં એકસમાન સાધુજનો મને શરણરુપ હો. (૩૨)

વલી ચૌદપૂર્વને ધરનારા; દશપૂર્વને ધરનારા; અને નવપૂર્વને ધરનારા પૂર્વધર મહાપુરૂષો, તેમજ બાર અંગના ધારક; અને અગીયાર અંગના ધારક વિગેરે અંગસૂત્રોના ધરનારા સાધુ મહાત્માઓ; તથા જિનકલ્પને અંગીકાર કરનારા; યથાલન્દિક ચારિત્રવાળા અને પરિહાર વિશુદ્ધિ સંયમવાળા વિગેરે વિશુદ્ધ સંયમને પાળનારા નિર્ગ્રન્થ સાધુપુરૂષો મને શરણ હો. (૩૩)

તથા ક્ષીરાશ્રવલબ્ધિને ધરનારા; મધ્વાશ્રવલબ્ધિને ધરનારા તેમજ સંભિન્નશ્રોતોલબ્ધિના ધારક વિગેરે લબ્ધિધારી મુનિવરો; વળી કોષ્ઠબુદ્ધિના ધરનારા સાધુઓ; અને ચારણશ્રમણસાધુઓ, તથા વૈક્રિયલબ્ધિના ધારક અને પદાનુસારી લબ્ધિના ધરનારા મહાપુરૂષો; વિગેરે સાધુ મહાત્માઓ મને શરણભૂત હો. (૩૪)

उज्झियवइरविरोहा निच्चमदोहा पसंतमुहसोहा ।
अभिमयगुणसंदोहा हयमोहा साहुणो सरणं ॥३५॥

खंडिअसिणेहदामा अकामधामा निकामसुहकामा ।
सुपुरिसमणाभिरामा आयारामा मुणी सरणं ॥३६॥

मिल्हिअविसयकसाया उज्झियघरघरणिसंगसुहसाया
अकलिअहरिसविसाया साहू सरणं गयपमाया॥३७॥

---

વૈર વિરોધ વિગેરેને ત્યજી દેનારા; તેમજ સદાકાલ અદ્રોહવૃત્તિવાલા; અને સર્વદા પ્રસન્નતાપૂર્ણ મુખથી શોભાને ધરનારા; વળી-જ્ઞાન આદિ ઉત્તમગુણોનું બહુમાન રાખનારા; તથા કર્મસમૂહની મૂલ-જડસમા મોહને હણનારા શ્રીસાધુ પુરૂષોનું મને શરણ હો. (૩૫)

સ્નેહરૂપ બંધનને તોડી નાંખનારા; અને નિર્વિકારસ્થાનમાં વાસ કરનારા; તેમજ વિકારરહિત સ્વાભાવિક સુખની અભિલાષા રાખનારા; વળી સત્પુરૂષોના મનને આનન્દ આપનારા; તથા સદાકાલ આત્મામાં રમનારા શ્રી સાધુજનો મારા શરણ હો. (૩૬)

પાંચેય ઇન્દ્રિયોના વિષયોને તેમજ ચાર પ્રકારના કષાયોને દૂર કરનારા; ઘર તથા સ્ત્રીસંગના પરિણામ કટુ સુખોને ઇચ્છાપૂર્વક ત્યજી દેનારા; અને ઇષ્ટવિયોગ યા અનિષ્ટસંયોગ વિગેરેમાં હર્ષ કે શોક આદિથી રહિત; વળી નિરંતર પ્રમાદને ત્યજનારા; શ્રી સાધુ પુરૂષો મને શરણરૂપ હો. (૩૭)

हिंसाइदोससुन्ना कयकारुन्ना सयंभुरुप्पन्ना ।
अजरामरपहखुन्ना साहू सरणं सुकयपुन्ना ॥३८॥

कामविडंबणचुक्का कलिमलमुक्का विमुक्कचोरिक्का ।
पावरयसुरयरिक्का साहू गुणरयणचच्चिक्का ॥ ३९ ॥

साहुत्तसुट्ठिया जं आयरिआई तओ य ते साहू ।
साहुभणिएण गहिया तम्हा ते साहुणो सरणं ।४०।

---

હિંસા આદિ મહાદોષોને ત્યજી દેનારા; કરૂણાભાવને ધરનારા; તેમજ સ્વયંભૂરમણ સાગરના જેવી વિસ્તીર્ણ બુદ્ધિવાલા; તથા અજરામર અવસ્થારુપ મોક્ષના માર્ગે ગતિ કરનારા; અને અતિશય પુણ્યવાન શ્રી સાધુજનો મારા શરણભૂત હો. (૩૮)

કામ-વિષયવિકારની વિટંબણાઓથી મૂકાયેલા; અને પાપના મલથી રહિત; ચોરી વિગેરેનો ત્યાગ કરનારા; વલી પાપરુપ રજના કારણભૂત મૈથુન-વિષયક્રીડાને મૂકી દેનારા; તથા સાધુના ગુણસ્વરુપ નિર્મલ રત્નની કાન્તિથી શોભાને ધરનારા શ્રી સાધુપુરૂષો મને શરણ હો. (૩૯)

આચાર્ય તેમજ ઉપાધ્યાય વિગેરે પદસ્થો, સાધુતામાં સારી રીતિયે ઉજમાલ છે, તે કારણે આચાર્ય વિગેરે પદસ્થો સાધુ ગણાય છે. સામાન્ય રીતિયે સાધુ કહેવાથી તેઓ પણ સાધુ તરિકે સમજી શકાય છે. એથી એ સાધુપુરૂષો મને શરણ હો. (૪૦)

पडिवन्नसाहुसरणो सरणं काउं पुणोवि जिणधम्मं।
पहरिसरोमंचपवंचकंचुअंचिअतणू भणइ ॥ ४१ ॥

पवरसुकएहिं पत्तं पत्तेहिवि नवरि केहिवि न पत्तं।
तं केवलिपन्नत्तं धम्मं सरणं पवन्नोऽहं ॥ ४२ ॥

पत्तेण अपत्तेण य पत्ताणि अ जेण नरसुरसुहाइं।
मुक्खसुहं पुण पत्तेण नवरि धम्मो स मे सरणं ।४३।

---

શ્રી જિનકથિત ધર્મનું શરણ—

આ મૂજબ શ્રી સાધુપુરૂષોના શરણના સ્વીકારથી, અતિ હર્ષના યોગે કંચુકની પેઠે જેના શરીરની રોમરાજી-રૂંવાટાનો સમૂહ વિકસ્વર થયો છે, એવો ભાગ્યવાન આત્મા શ્રી જિનકથિત ધર્મના શરણને અંગીકાર કરવાને સારૂ ફરી આ રીતિયે બોલે છે—

સામાન્ય પુણ્યવાન આત્માઓને નહિ પ્રાપ્ત થનાર; તે કારણે પ્રવર સુકૃતના યોગેજ પ્રાપ્ત થઇ શકનાર; શ્રી સર્વજ્ઞભાષિત ધર્મના પુણ્ય શરણને હું સદાકાલ સ્વીકારૂં છું. (૪૨)

શ્રી જિનકથિત ધર્મની પ્રાપ્તિ વિના પણ, મનુષ્યગતિ અને દેવગતિનાં સુખો મળી શકે છે. જ્યારે મોક્ષનાં શાશ્વતસુખોનો લાભ શ્રી જિનભાષિત ધર્મની આરાધનાના યોગેજ મળે છે. માટે તે શ્રી જિનકથિત ધર્મજ મારા શરણરુપ હો. (૪૩)

---

૧ મૂલ ગાથા ૪૧ થી ૪૮ સુધી.

निद्दलिअकलुसकम्मो कयसुहजम्मो खलीकयअहम्मो
पमुहपरिणामरम्मो सरणं मे होउ जिणधम्मो ॥४४॥

कालत्तएवि न मयं जम्मणजरमरणवाहिसयसमयं ।
अमयं व बहुमयं जिणमयं च सरणं पवन्नोऽहं ॥

पसमिअकामपमोहं दिट्ठादिट्ठेसु न कलिअविरोहं ।
सिवसुहफलयममोहं धम्मं सरणं पवन्नोऽहं ॥४६॥

---

મલીન પાપકર્મોનો નાશ કરનાર; તેમજ જન્મને પવિત્ર અને સફલ બનાવનાર; વળી અધર્મોને દૂર કરનાર; અને આરાધક આત્માઓને આદિકાલમાં તથા અન્તકાલમાં સુખકર-સુંદર શ્રી જિનપ્રણીત ધર્મ મને સર્વદા શરણુ હો. (૪૪)

ત્રણેય કાલમાં અમર-અવિનશ્વર; વળી જન્મ જરા અને મરણુ રૂપ સેંકડો વ્યાધિઓને શમાવનાર; તથા અમૃતની પેઠે ભવ્ય આત્માઓને સર્વકાલ ઇષ્ટ; શ્રી જિનમતના શરણુને હું સ્વીકારૂ છુ.

કામના ઉન્માદને સારીરીતિયે શમાવનાર; તેમજ પ્રત્યક્ષ યા પરોક્ષ પદાર્થોને અવિરૂદ્ધપણે પ્રરૂપનાર; વળી મોક્ષના આત્યન્તિક સુખરુપ ફલને આપનાર; શ્રી જિનભાષિત ધર્મનુ મને શરણુ હો.

**नरयगइगमणरोहं गुणसंदोहं पवाइनिक्खोहं ।**
**निहणिअवम्महजोहं धम्मं सरणं पवन्नोऽहं ॥४७॥**

**भासुरसुवन्नसुंदररयणालंकारगारवमहग्घं ।**
**निहिमिव दोगच्चहरं धम्मं जिणदेसिअं वंदे ॥४८॥**

**चउसरणगमणसंचिअसुचरिअरोमंचअंचियसरीरो ।**
**कयदुक्कडगरिहाअसुहकम्मक्खयकंखिरो भणइ ।४९।**

નરક આદિ દુર્ગતિના ગમનને રોકનાર; તેમજ અનુપમ ગુણ સમૂહનો આધાર; વળી પ્રબળ વાદિજનોથી પણ અક્ષોભ્ય; અને કામરુપ સમર્થ યોદ્ધાને હણનાર; શ્રીજિનકથિત ધર્મ મારા શરણરુપ હો.

પ્રકાશવાલા સુવર્ણ તેમજ સુંદર રત્નોના અલંકારો વિગેરેથી મહામૂલ્યવાન નિધિ–ધનભંડારની જેમ દુર્ગતિના પતનરૂપ દારિદ્ર-તાનો નાશ કરનાર શ્રી જિનભાષિત ધર્મને હું વંદન કરૂં છુ.× (૪૮)

*પૂર્વકૃત દુષ્કૃતની નિન્દા—

આ મૂજબ અતિ હર્ષપૂર્વક ચારેય શરણાઓના સ્વીકારવાથી, સુકૃતના યોગે જેના શરીરની રોમરાજી વિકસ્વર થઇ છે, એવો પુણ્યવાન આત્મા, પૂર્વકૃત દુષ્કૃતની નિન્દા કરવાપૂર્વક અશુભ કર્મના ક્ષયની અભિલાષાવાલો આ મૂજબ કહે છે— (૪૯)

× આ ગાથામાં નિધિ–ભંડારના સ્વરૂપને દર્શાવનારા **सुवण्ण'**–વિગેરે વિશેષણો ધર્મને પણ એક દૃષ્ટિએ ઘટી શકે છે.

* મૂલ ગાથા ૪૯ થી ૫૪ સુધી.

इहभविअमन्नभविअं मिच्छत्तपवत्तणं जमहिगरणं ।
जिणपवयणपडिकुट्ठं दुट्ठं गरिहामि तं पावं ॥५०॥

मिच्छत्ततमंधेणं अरिहंताइसु अवन्नवयणं जं ।
अन्नाणेण विरइयं इण्हिं गरिहामि तं पावं ॥५१॥

सुअधम्मसंघसाहुसु पावं पडिणीअयाइ जं रइअं ।
अन्नेसु अ पावेसुं इण्हिं गरिहामि तं पावं ॥५२॥

---

શ્રીજૈનશાસનમાં સર્વથા નિષિદ્ધ ગણાતી મિથ્યાત્ત્વના પ્રવર્તનરુપ અધિકરણની પાપપ્રવૃત્તિઓ; આ ભવમાં કે અન્ય ભવમાં મારાથી અજ્ઞાન વિગેરેના યોગે અચરાઇ ગઈ હોય તે સર્વ પાપપ્રવૃત્તિઓને હું નિન્દુ છું. પુનઃ પુનઃ ગુરુની સાક્ષીએ ગર્હુ છુ.

મિથ્યાત્ત્વરુપ અંધકારથી અંધ બનીને, મેં શ્રી અરિહંતદેવ આદિ લોકોત્તર ઉપકારી મહાપુરૂષોના અવર્ણવાદ ઉચ્ચાર્યા હોય; અજ્ઞાનતાના યોગે જીવનકાલ દરમ્યાન અચરાઇ ગયેલ તે સર્વ પાપકાર્યોને આજે હું નિન્દુ છુ–ગર્હુ છુ. (૫૧)

શ્રી શ્રુતધર્મ, તેમજ શ્રી સંઘ, અને સાધુપુરૂષો વિગેરે શ્રી જિનકથિત ધર્મના અનુપમ આલંબનરુપ સ્થાનોને અંગે, શત્રુભાવથી–પ્રત્યનીકભાવથી અવર્ણવાદ આદિ જે કાંઇ પાપ મેં આચર્યું હોય, તેમજ અન્ય જે કાંઇ પાપો મારાથી અચરાયા હોય, તે સર્વ પાપોને હમણાં હું ગર્હુ છુ. (૫૨)

अन्नेसु अ जीवेसुं मित्तीकरुणाइगोयरेसु कयं ।
परिआवणाइ दुक्खं इण्हिं गरिहामि तं पावं ॥५३॥

जं मणवयकाएहिं कयकारिअअणुमईहिं आयरियं ।
धम्मविरुद्धमसुद्धं सव्वं गरिहामि तं पावं ॥५४॥

अह सो दुक्कडगरिहादलिउक्कडदुक्कडो फुडं भणइ ।
सुकडाणुरायसमुइन्नपुन्नपुलयंकुरकरालो ॥ ५५ ॥

---

વળી મૈત્રી, કરૂણા તેમજ ઉપેક્ષાને યોગ્ય એવા અન્ય જીવોને પરિતાપના–સંક્લેશ ઉપજાવવાપૂર્વક મેં જે કાંઇ દુઃખ આપ્યું હોય, આલોક કે પરલોક સંબંધી ભૂતકાલીન તે સર્વ દુષ્કૃતોને હમણાં હું ગર્હું છું. (૫૩)

મન, વચન તેમજ કાયાથી કરવા કરાવવા અને અનુમોદવા દ્વારાયે જે કાંઇ શ્રી જિનભાષિત ધર્મની વિરૂદ્ધનું અશુભ–અશુદ્ધ, મારાથી આચરાઇ ગયું હોય તે સર્વ પ્રકારના પાપને આજે હું નિન્દુ છું–ગુરૂની સાક્ષીએ ગર્હું છું. (૫૪)

×**સુકૃતની અનુમોદના—**

આ મૂજબ, પૂર્વજીવનનાં દુષ્કૃતોની નિન્દાથી પાપકર્મોનો નાશ કરનાર; વળી સુકૃતના અનુરાગ–બહુમાનના યોગે વિકસ્વર બનેલી પુણ્યમય રોમરાજીથી શોભાને ધારણ કરનાર; તે ભાગ્યવાન આત્મા પ્રગટપણે આ રીતિયે સુકૃતની અનુમોદના કરે છે. (૫૫)

---

× ૫૫ મી ગાથાથી ૫૮ મી ગાથા સુધી.

अरिहत्तं अरिहंतेसु जं च सिद्धत्तणं च सिद्धेसु ।
आयारं आयरिए उज्झायत्तं उवज्झाए ॥ ५६ ॥

साहूण साहुचरिअं च देसविरइं च सावयजणाणं ।
अणुमन्ने सव्वेसिं सम्मत्तं सम्मदिट्ठीणं ॥ ५७ ॥

अहवा सव्वं चिअ वीअरायवयणाणुसारि जं सुकयं ।
कालत्तएवि तिविहं अणुमोएमो तयं सव्वं ॥५८॥

---

શ્રી અરિહંતદેવોનો ધર્મતીર્થનાં પ્રવર્તનરૂપ અરિહંતતાગુણ; શ્રીસિદ્ધપરમાત્માનો સ્વસ્વરૂપની રમણતારુપ સિદ્ધત્વગુણ; અને શ્રી આચાર્યદેવોનો પાંચ પ્રકારના આચારોના પાલવા પલાવવારુપ આચાર્યત્વગુણ; શ્રીઉપાધ્યાયદેવોનો પાંચેય પ્રકારના સ્વાધ્યાયનું પ્રવર્તન કરાવવારૂપ વાચકતાગુણ; શ્રીસાધુપુરૂષોનો સાધુ-નિર્મલ ચારિત્રના આચરણસ્વરુપ સાધુત્વગુણ; શ્રીજિનકથિત ધર્મના આરાધક શ્રાવકવર્ગનો દેશવિરતિરૂપ શ્રાવકતાગુણ; અને શ્રીસમ્યગ્દૃષ્ટિ-આત્માઓનો શ્રીજિનભાષિત તત્ત્વોની શ્રદ્ધારુપ સમ્યગ્દર્શનગુણ; આ મૂજબ ધર્મના નાયક તેમજ ધર્મના આરાધક આત્માઓના સર્વ પ્રકારના લોકોત્તરગુણોની હું અનુમોદના કરૂ છું. (૫૬-૫૭)

અથવા ઘણું કહેવાથી સર્યું, શ્રીજિન-વીતરાગના વચનને અનુસરનારૂં ધમારાધનરુપ જે કાંઇ સુકૃત, મન-વચન અને કાયાથી કરવા કરાવવા કે અનુમોદવા દ્વારાયે ત્રણેય કાલમાં મેં આચર્યું હોય, તે સર્વ પ્રકારના સુકૃતની હું પુનઃ પુનઃ અનુમોદના કરૂ છું. (૫૮)

सुहपरिणामो निच्चं चउसरणगमाइ आयरं जीवो।
कुसलपयडीउ बंधइ बद्धाउ सुहाणुबंधाउ ॥५९॥

मंदणुभावा बद्धा तिव्वणुभावाउ कुणइ ता चेव।
असुहाउ निरणुबंधाउ कुणइ तिव्वाउ मंदाउ ॥६०॥

ता एयं कायव्वं बुहेहि निच्चंपि संकिलेसम्मि।
होइ तिकालं सम्मं असंकिलेसंमि सुकयफलं ॥६१॥

ફલનો સામાન્ય નિર્દેશ+

સર્વકાલ શુભ પરિણામવાળો મહાનુભાવ આત્મા, "ચાર શરણાઓનો સ્વીકાર, પૂર્વદુષ્કૃતની નિંદા અને સુકૃતની અનુમોદના" આ ત્રણેય પ્રકારની વસ્તુનાં સેવનથી પુણ્ય પ્રકૃતિઓને બાંધે છે. તથા પૂર્વે બાંધેલ અશુભ પ્રકૃતિઓને શુભ અનુબંધવાળી કરે છે.

વળી તે મહાભાગ આત્મા, પૂર્વકાલમાં બાંધેલી મંદરસવાળી શુભપ્રકૃતિઓને તીવ્ર રસવાળી કરે છે. તેમજ પૂર્વે બંધાઈ ગયેલી મંદરસવ.ળી અશુભપ્રકૃતિઓને અનુબંધ રહિત કરે છે. તથા તીવ્ર-રસવાળી અશુભપ્રકૃતિઓને મંદરસવાળી કરે છે. (૬૦)

આ કારણે પંડિતપુરૂષોએ; સંક્લેશ-રોગાદિના સમયે આ ત્રણેય વસ્તુઓનું આરાધન હંમેશા કરવું જોઇએ. તેમજ અસંક્લેશ અવ-સ્થામાં પણ આત્મજાગૃતિને માટે ત્રણેય કાળ આ વસ્તુઓનું સેવન કરવું. જે કારણે આ વસ્તુઓનું સેવન સુકૃતના ઉપાર્જનરુપ ફ્લનું નિમીત્ત છે. (૬૧)

+ મૂલ ગથા ૫૩ થી ૬૩ સુધી.

**चउरंगो जिणधम्मो न कओ चउरंगसरणमवि न कयं।**
**चउरंगभवुच्छेओ न कओ हा हारिओ जम्मो ॥६२॥**

**इअजीवपमायमहारिवीरभद्दंतमेअमज्झयणं ।**
**झाएसु तिसंझमवंझकारणं निव्वुइसुहाणं ॥६३॥**

---

મનુષ્યભવને પામવા છતાંયે, દાન–શીલ–તપ અને ભાવરૂપ ચારેય અંગવાળો શ્રીજિનેકથિત ધર્મ જેણે ન કર્યો હોય; ચાર પ્રકારના શરણુસ્થાનો જેણે ન સ્વીકાર્યા હોય;અને પૂર્વ દુષ્કૃતની નિંદા કે સ્વ–પરનાં સુકૃતની અનુમોદના જેણે ન કરી હોય; તથા ચાર-ગતિસ્વરૂપ સંસારનો નાશ જેણે ન કર્યો હોય; તેનો મનુષ્યજન્મ ખરેખર નિષ્ફલ સમજવો. (૬૨)

હે આત્મન્! શ્રી અરિહંત આદિ ચારે પ્રકારના શરણુ-સ્થાનો વગેરે ત્રણેય વસ્તુઓનું પ્રતિપાદન કરનાર આ **ચઉસરણુપયન્ના** સૂત્રનું અધ્યયન, તારે ત્રિકાલ કરવું જોઇએ. કારણકે–આ પ્રકારનું અધ્યયન, પ્રમાદરૂપ મહાન્ શત્રુને જીતનાર છે. પરિણામે ભદ્ર–કલ્યાણરૂપ છે. તેમજ મોક્ષસુખના અવન્ધ્ય–સફલ કારણરૂપ છે. (૬૩)

---

૧૫ મૂલગાથામાં **'वीरभद्दंत'** એ પદથી ગ્રન્થકારનું નામ પણ ગર્ભિતરીતિયે સૂચિત થયું છે.

(२)

श्रुतस्थविर श्रीवीरभद्रमहामुनि प्रणीत-

# श्री आउरपच्चक्खाण पइण्णयम्

[ મૂલ ગાથા. (૭૦); અને ભાવાનુવાદ. ]

## સૂચના

૦૦૦

ત્રણ આયંબીલની તપશ્ચર્યા પૂર્વક સુવિહીત ગુરૂની પાસે વિધિ મૂજબ આ પયન્ના સૂત્રનો પાઠ લેવો જોઈએ.

(૨)

**देसिक्कदेसविरओ सम्मद्दिट्ठी मरिज्ज जो जीवो।**
**तं होइ बालपंडियमरणं जिणसासणे भणियं ॥१॥**

---

**બાલપંડિતમરણનું સ્વરૂપ***

સર્વવિરતિ ધર્મની અપેક્ષાયે, હિંસા આદિ પાપોનો એક દેશ ત્રસ હિંસા વગેરે; તેનો એક દેશ–સંકલ્પપૂર્વક નિરપરાધી જીવોની નિરપેક્ષપણે હિંસા; આ મૂજબ દેશના એક દેશ હિંસા વગેરે પાપોથી વિરત સમ્યગ્દૃષ્ટિ આત્મા, સમાધિપૂર્વક મરણને પામે તે મરણ શ્રી જૈનશાસનમાં બાલપંડિતમરણ કહેવાય છે.(૧)

---

*શ્રીજૈનશાસનમાં પાંચ પ્રકારના મરણો દર્શાવ્યા છે. જીવનકાલની સઘળી પ્રવૃત્તિઓનું અન્તિમ પરિણામ મરણની દશાથી માપી શકાય છે. બાલપંડિતમરણ, પંડિતમરણ અને પંડિતપંડિતમરણ એ ત્રણેય મરણો ક્રમશઃ અનુપમકોટિનાં ગણાય છે. જ્યારે બાલબાલમરણ અને બાલમરણ એ બન્ને પ્રકારનાં મરણો સામાન્યકોટિનાં છે. ગ્રન્થકાર મહામુનિ શ્રી વીરભદ્રઋષિ, આ આઉરપચ્ચક્ખાણપયન્ના નામના ગ્રન્થમાં સમાધિમરણને પામવા ઇચ્છનાર પુણ્યવાન આત્માઓના હિતને માટે આ પાંચેય મરણો-માંના અનુપમકોટિનાં મરણોનું સ્વરૂપ સંક્ષેપથી દર્શાવે છે. શરૂમાં મૂલ-ગાથા ૧ થી ૯ સુધી, બાલપંડિતમરણનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે.

**पंच य अणुव्वयाइं सत्त उ सिक्खिया उ देसजइधम्मो**
**सव्वेण व देसेण व तेण जुओ होइ देसजई ॥२॥**
**पाणिवहमुसावाए अदत्तपरदारनियमणेहिं च ।**
**अपरिमिइच्छाओऽवि य अणुव्वयाइं विरमणाइं ॥३॥**
**जं च दिसावेरमणं अणत्थदंडाउ जं च वेरमणं ।**
**देसावगासियंपि य गुणव्वयाइं भवे ताइं ॥४॥**

---

શ્રી જિનકથિતધર્મના અધિકારભેદથી મુખ્ય બે પ્રકારો છે. સર્વવિરતિધર્મ અને દેશવિરતિધર્મ આ બન્ને ધર્મના પ્રકારો છે. સર્વવિરતિધર્મ પાંચ મહાવ્રતમય છે. દેશવિરતિધર્મમાં પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો ગણાય છે. સર્વથી વિરતિને આદરનાર સર્વવિરત ગણાય છે. દેશથી વિરતિને આચરનારા દેશવિરતિ કહેવાય છે. (૨)

[૧]જીવની હિંસા, [૨]જૂઠ–મૃષાવચન, નહિ [૩]આપેલું લેવું–અદત્તનું ગ્રહણ, [૪]પરસ્ત્રીગમન અને પરિમાણરહિત–નિર્મર્યાદાપૂર્વક ધન વગેરે બાહ્યપદાર્થોનો [૫]સંગ્રહ, આ મુજબ પાંચેય પાપોની દેશથી વિરતિ કરવી—નિયમ કરવો એ દેશવિરતિ ધર્મના અણુવ્રતો—લઘુવ્રતો છે. (૩)

દિશાઓમાં ગમનાગમનની મર્યાદા કરવારૂપ દિગ્વિરમણવ્રત[૧] આત્માને દંડરૂપ બનતી નિરર્થકની પ્રવૃત્તિઓનું રોકાણ અનર્થદંડ વિરમણવ્રત[૨] અને દેશાવકાશિકવ્રત આ ત્રણેય ગુણવ્રતો ગણાય છે. દેશવિરતિધર્મના પાંચ અણુવ્રતોની પાલનામાં આ વ્રતો સહાયક છે. માટે મૂલ અણુવ્રતોના ગુણરૂપ છે. (૪)

**भोगाणं परिसंखा सामाइय अतिहिसंविभागो य ।**
**पोसहविही य सव्वो चउरो सिक्खाउ वुत्ताओ ॥५॥**
**आसुक्कारे मरणे अच्छिन्नाए य जीवियासाए ।**
**नाएहि वा अमुक्को पच्छिमसंलेहणमकिच्चा ॥६॥**
**आलोइय निस्सल्लो सघरे चेवारुहित्तु संथारं ।**
**जइ मरइ देसविरओ तं वुत्तं बालपंडिययं ॥७॥**

---

ભોગ અને ઉપભોગરૂપ ગણાતા પદાર્થોનું નિયમન ભોગોપભોગ વિરમણવ્ર[1]ત, રાગ અને દ્વેષની પરિણિતિથી પર બનીને બે ઘડિના કાલ સુધી સમતાની પ્રાપ્તિ માટેનું આરાધન સા[2]માયિક વ્રત, અને અતિથિ–સાધુના પાત્રમાં વિધિપૂર્વકનો સદુપયોગ અતિથિ[3]સંવિભાગવ્રત, વલી આહાર વગેરેનો ત્યાગ કરવાપૂર્વક આત્મધર્મને પોષણ આપનારી નિરવદ્ય પ્રવૃત્તિ પોષધવ્રત[4] છે. આ ચારેય શિક્ષાવ્રતો કહેલાં છે. (૫)

અચાનક મરણકાલ પ્રાપ્ત થાય, તથા જીવવાની આશા રહી હોય, વલી સંલેખનાને સારૂ સ્વજનોની અનુમતિ ન મલી હોય, આ ત્રણમાંથી એક કોઇ કારણે મૃત્યુના અવસરે સંલેખનારૂપ અન્તિમ આરાધના ન થઈ શકે, તો દેશવિરતિધારી શ્રાવક, શલ્યને મૂકીને, આલોચનાપૂર્વક પોતાના ઘરમાં સંથારા ઉપર રહીને, મરણને પામે તે બાલ પંડિત મરણ ગણાય છે. દેશથી વિરત હોવાને કારણે દેશવિરતિને ધરનારો શ્રાવક બાલપંડિત કહેવાય છે. (૬–૭)

**जो भत्तपरिन्नाए उवक्कमो वित्थरेण निद्दिट्ठो ।**
**सो चेव बालपंडियमरणे नेओ जहाजुग्गं ॥८॥**
**वेमाणिएसु कप्पोवगेसु नियमेण तस्स उववाओ ।**
**नियमा सिज्झइ उक्कोसएण सो सत्तमंमि भवे ॥९॥**
**इय बालपंडियं होइ मरणमरिहंतसासणे दिट्ठं ।**
**इत्तो पंडिय पंडियमरणं वुच्छं समासेणं ॥ १० ॥**

---

શ્રી ભક્તપરિજ્ઞા નામના અધ્યયનમાં વિસ્તારપૂર્વક જે વિધિનો નિર્દેશ કર્યો છે. તે વિધિનું આરાધન બાલપંડિતમરણને પામનાર આત્માઓએ અવશ્ય કરણીય છે. માટે એને જાણવા પ્રયત્ન કરવો જોઇએ. (૮)

આ મુજબની વિધિથી બાલપંડિતમરણને પામનાર ભાગ્યવાન આત્મા; સમાધિપૂર્વક મરણને પામી વૈમાનિકમાં કલ્પોપપન્ન-દેવલોકને વિષે ઉત્પન્ન થાય છે, તેમજ આવા પ્રકારની જાગૃતદશામાં રહેનારો તે ભાગ્યવાન ઉત્કૃષ્ટથી સાતમા ભવને વિષે નિયમા મોક્ષને મેળવે છે. (૯)

શ્રી અરિહંતદેવના શાસનમાં બાલપંડિતમરણનું સ્વરૂપ આ મૂજબ દર્શાવેલું છે. હવે પંડિત મરણનું સ્વરૂપ સંક્ષેપથી હું અહીં દર્શાવું છું. વિદ્વાન પુરૂષોએ એકાગ્ર બનીને તે સાંભળવું જોઈએ. કારણકે પંડિતમરણ અનુપમ કોટિનું મરણ ગણાય છે. (૧૦)

**इच्छामि भंते! उत्तमट्ठं पडिक्कमामि अइयं पडिक्कमामि अणागयं पडिक्कमामि पच्चुप्पन्नं पडिक्कमामि, कयं पडिक्कमामि कारियं पडिक्कमामि अणुमोइयं पडिक्कमामि, मिच्छत्तं पडिक्कमामि असंजमं पडि-**

---

પંડિતમરણને સ્વીકારનાર સાધુપુરૂષ ગુરૂજનની સમક્ષ પોતાનાં સર્વપ્રકારનાં દુષ્કૃતોને આ મૂજબ પડિક્કમે× છે–હે ભગવન્ ! અનશનને સ્વીકારવા અગાઉ સામાન્યપણે સઘળાં પાપવ્યાપારોને હું પડિક્કમું છું. વલી વિશેષતઃ ભૂતકાલીન પાપોને નિન્દા દ્વારાયે પડિક્કમું છું. તેમજ પચ્ચકખાણ કરવાપૂર્વક ભાવિકાલનાં પાપોને પડિક્કમું છું. અને સંવરથી વર્તમાનકાલના પાપોને હું પડિક્કમું છું.

જીવનકાલ દરમ્યાન મેં સ્વયં કરેલા પાપોને હું પડિક્કમું છું; અન્યની પાસે કરાવેલા પાપોને હું પડિક્કમું છું. અને સ્વ કે પરના પાપોની અનુમોદનાને હું પડિક્કમું છું; તથા પાપના મૂલ–કારણ મિથ્યાત્વને પડિક્કમું છું; અવિરતિને પડિક્કમું છું.

---

* સર્વવિરતિ ધર્મનું આરાધન કરનારા નિર્ગ્રન્થ સાધુપુરૂષો, શ્રી જૈનશાસનમાં પંડિતમરણને અંગીકાર કરવાને યોગ્ય છે. પોતાના મૃત્યુકાલને નજીક જાણીને પંડિતમરણને અંગીકાર કરવાને તૈયાર થનારા સાધુએ, ગીતાર્થ ગુરૂની સમીપે પોતાના સર્વ દુષ્કૃતોને પડિક્કમવા જોઈએ. કારણકે દુષ્કૃતોનું પડિક્કમણ એટલે કે દુષ્કૃતોથી પાછા હઠવું એ સમાધિમરણનું અંગ છે.

× અહિંથી શરૂ થતો મૂલપાઠ ગદ્યરૂપે છે. પડિક્કમવું એટલે પાછા હઠવું. પાપોનું પડિક્કમણ એટલે પાપોથી પાછા હઠવું.

**क्कमामि कसायं पडिक्कमामि पावप्पओगं पडिक्कमामि, मिच्छादंसणपरिणामेसु वा इहलोगेसु वा परलोगेसु वा सच्चित्तेसु वा अच्चित्तेसु वा पंचसु इंदियत्थेसु वा, अन्नाणंझाणे अणायारंझाणे, कुदंसणंझाणे कोहंझाणे माणंझाणे मायंझाणे लोभंझाणे रागंझाणे दोसंझाणे**

---

મિથ્યાદર્શનના પરિણામને વિષે, ઇહલોકને વિષે કે પરલોકને વિષે, વળી સચિત્ત પદાર્થોને વિષે કે અચિત્તપદાર્થોને વિષે તથા પાંચ ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયોને વિષે, કોઇપણ નિમિત્તથી સુતા કે જાગતાં મેં જે કાંઇ દુષ્કૃત ચિન્તવ્યું હોય તેને હું પડિક્કમું છું. મારૂં તે સર્વ દુષ્કૃત મિથ્યા થાઓ !

નીચે કહેવાતા ૬૩ પ્રકારના નિમિત્તોથી, સુતાં કે જાગતાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર તેમજ અનાચારરુપ દુષ્કૃત મેં ચિન્તવ્યું હોય, તે સર્વ પ્રકારનું મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. તે નિમિત્તો આ મૂજબ—૧ જ્ઞાનપર કંટાળો આવવાના યોગે અજ્ઞાન સારૂં એ વિકલ્પ કર્યો. ૨ આચારવિરૂદ્ધ પ્રવૃત્તિઓનો વિકલ્પ કર્યો. ૩ મિથ્યાદર્શનો ઠીક છે એ વિકલ્પ કર્યો. ૪ ક્રોધવશ બની વિકલ્પ કર્યો. ૫ માનવશ બની વિકલ્પ કર્યો. ૬ માયાને વશ થઇ વિકલ્પ કર્યો. ૭ લોભને વશ બની વિકલ્પ કર્યો. ૮ રાગવશ બની વિકલ્પ કર્યો. ૯ દ્વેષને આધીન બની વિકલ્પ કર્યો. ૧૦ અજ્ઞાનને વશ બની વિકલ્પ કર્યો. ૧૧ કોઇપણ પૌદ્ગલિક પદાર્થની ઇચ્છાને વશ બની વિકલ્પ કર્યો. ૧૨ મિથ્યાદર્શનને આધીન બની વિકલ્પ કર્યો.

**मोहंझाणे इच्छंझाणे मिच्छंझाणे मुच्छंझाणे, संकंझाणे कंखंझाणे गेहिंझाणे आसंझाणे तण्हंझाणे छुहंझाणे पंथंझाणे पंथाणंझाणे, निद्दंझाणे नियाणंझाणे नेहंझाणे कामंझाणे कलुसंझाणे कलहंझाणेजुज्झंझाणे निजुज्झंझाणे, संगंझाणे संगहंझाणे ववहारंझाणे कयविक्कयंझाणे अणत्थदंडंझाणे**

---

૧૩ મૂર્ચ્છાવશ વિકલ્પ કર્યો. ૧૪ શંકાવશ બની વિકલ્પ કર્યો. ૧૫ અન્ય મતની વાંચ્છાના યોગે વિકલ્પ કર્યો.

૧૬ ઘરકુટુંબ આદિ ઋદ્ધિનો વિકલ્પ કર્યો. ૧૭ જલની તરસના યોગે વિકલ્પ કર્યો. ૧૮ ક્ષુધાના યોગે વિકલ્પ કર્યો. ૧૯ સામાન્ય માર્ગના પરિશ્રમના યોગે વિકલ્પ કર્યો ૨૦ કઠીન માર્ગની પ્રતિકૂળતાને અંગે દુર્ધ્યાન કર્યું. ૨૧ નિદ્રામાં દુર્ધ્યાન કર્યું. ૨૨ નિદાનનિયાણાનો વિકલ્પ કર્યો. ૨૩ સ્નેહને વશ વિકલ્પ કર્યો. ૨૪ વિકારને વશ બની વિકલ્પ કર્યો. ૨૫ કલુષિતતાને અંગે વિકલ્પ કર્યો. ૨૬ કામવિષયને વશ બનીને વિકલ્પ કર્યો. ૨૭ કલેશને અંગેનો વિકલ્પ કર્યો. ૨૮ યુદ્ધને માટે વિકલ્પ કર્યો. ૨૯ મહાયુદ્ધને અંગેનો વિકલ્પ કર્યો. ૩૦ વિષયસુખોના સંગનો વિકલ્પ કર્યો. ૩૧ ધન ધાન્ય સંઘરવાનો વિકલ્પ કર્યો. ૩૨ ઝઘડાની પતાવટ વિગેરે વ્યવહારને વશ વિકલ્પ કર્યો. ૩૩ ખરીદીનો અને વેચાણનો વિકલ્પ કર્યો. ૩૪ નિરર્થક અનર્થોના નિમિત્તોનો વિકલ્પ કર્યો. ૩૫ અશુભ ઉપયોગને વશ બની વિકલ્પ કર્યો. ૩૬ અનુપયોગના યોગે વિકલ્પ કર્યો. ૩૭ દેવા-

**आभोगंझाणे अणाभोगंझाणे अणाइल्लंझाणे वेरंझाणे वियक्कंझाणे हिंसंझाणे हासंझाणे पहासंझाणे पओसंझाणे फरुसंझाणे भयंझाणे रूवंझाणे अप्पपसंसंझाणे परनिंदंझाणे परगरिहंझाणे परिग्गहंझाणे परपरिवायंझाणे, परदूसणंझाणे आरंभंझाणे संरंभंझाणे पावाणुमोयणंझाणे अहिगरणंझाणे असमाहिमरणंझाणे, कम्मोदयपच्चयंझाणे इड्ढि-**

---

દાર દશાના યોગે વિકલ્પ કર્યો. ૩૮ તીવ્ર વૈરના યોગે વિકલ્પ કર્યો. ૩૯ પૌદ્ગલિક લાભને પામવાના વિર્તકથી વિકલ્પ કર્યો. ૪૦ હિંસાનો વિકલ્પ કર્યો. ૪૧ સામાન્ય હાસ્યને વશ થઇ વિકલ્પ કર્યો. ૪૨ વિશેષ પ્રકારના હાસ્યને વશ બની વિકલ્પ કર્યો. ૪૩ અતિરોષને વશ વિકલ્પ કર્યો. ૪૪ કઠોર પાપકર્મનો વિકલ્પ કર્યો. ૪૫ ભયને વશ વિકલ્પ કર્યો.

૪૬ અન્યના સુંદર રુપને આધીન બનીને વિકલ્પ કર્યો. ૪૭ પોતાની પ્રશંસાનો વિકલ્પ કર્યો. ૪૮ અન્યની નિંદાનો વિકલ્પ કર્યો. ૪૯ અન્યની ગર્હાનો વિકલ્પ કર્યો. ૫૦ ધન ધાન્યરુપ પરિગ્રહ મેળવવાનો વિકલ્પ કર્યો. ૫૧ અન્યને કલેશ ઉપજાવવાનો વિકલ્પ કર્યો. ૫૨ પોતાના દોષો અન્ય ઉપર આરોપવાનો વિકલ્પ કર્યો. ૫૩ પાપના આરંભનો વિકલ્પ કર્યો. ૫૪ વિષયની તીવ્ર અભિલાષાના યોગે વિકલ્પ કર્યો. ૫૫ પાપકાર્યોની અનુમોદનાનો વિકલ્પ કર્યો. ૫૬ જીવહિંસાના સાધનોને મેળવવાનો વિકલ્પો કર્યો. ૫૭ અસમાધિમરણનો વિકલ્પ કર્યો. ૫૮ ગાઢપાપકર્મના ઉદયથી વિકલ્પ

गारवंझाणे रसगारवंझाणे सायागारवंझाणे अवेर-
मणंझाणे अमुत्तिमरणंझाणे पसुत्तस्स वा पडि-
बुद्धस्स वा जो मे कोई देवसिओ राइओ उत्तमट्ठे
अइक्कमो वइक्कमो अईयारो अणायारो तस्स
मिच्छामिदुक्कडं.

एस करेमि पणामं जिणवरवसहस्स वद्धमाणस्स ।
सेसाणं च जिणाणं सगणहराणं च सव्वेसिं ॥११॥

---

કર્યા. ૫૯ ઋદ્ધિના ઉન્માદરુપ ઋદ્ધિગારવના વિકલ્પો કર્યા. ૬૦ રસગારવના વિકલ્પો કર્યા. ૬૧ સાતાગારવના વિકલ્પો કર્યા. ૬૨ અવિરતિને અંગેના વિકલ્પો કર્યા. ૬૩ સંસારસુખની અભિલાષા-પૂર્વકના મરણના વિકલ્પો કર્યા.

ઉપર મૂજબ આ ૬૩ સ્થાનોના વિકલ્પોના યોગે દિવસ સંબન્ધી યા રાત્રી સંબન્ધી, સૂતાકે જાગતા, અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર કે અનાચારરૂપ દુષ્કૃત, જીવનમાં મેં આચર્યું હોય, તે સર્વ મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ.

હવે પંડિત મરણને અંગીકાર કરવાની ભાવનાવાળા સાધુ-પુરૂષ નમસ્કારરૂપ મંગલનો આ મૂજબ ઉચ્ચાર કરે. 'શ્રી સામાન્ય કેવલજ્ઞાની રૂપ જિનોને વિષે અનુપમ હોવાને કારણ વૃષભસમાન શ્રીમહાવીરસ્વામીને, તેમજ અન્ય શ્રીજિનેશ્વર ભગવન્તોને તથા શ્રી ગણધર દેવોને, સાગારિક અનશન કરવાને તૈયાર થયેલો હું નમસ્કાર કરૂ છું. ૧૧

सव्वं पाणारंभं पच्चक्खामित्ति अलियवयणं च ।
सव्वमदिन्नादाणं मेहुणपरिग्गहं चेव ॥ १२ ॥
सम्मं मे सव्वभूएसु, वेरं मज्झ न केणई ।
आसाओ ओसिरित्ताणं समाहिमणुपालए ॥ १३ ॥
सव्वं चाहारविहिं सन्नाओ गारवे कसाए य ।
सव्वं चेव ममत्तं चएमि सव्वं खमावेमि ॥ १४ ॥

---

સ્થૂલ કે સૂક્ષ્મસર્વ પ્રકારની [1] જીવહિંસા, સર્વ પ્રકારનાં [2] મૃષાવચનો, સૂક્ષ્મ કે સ્થૂલ સર્વ પ્રકારની [3] અદત્તાદાનરૂપ ચોરી, વળી દેવ નનુષ્ય કે તિર્યંચ સંબંધી અઢાર પ્રકારની મૈથુન [4] ક્રિયા, અને ધનધાન્યાદિ નવ પ્રકારનો બાહ્ય [5] પરિગ્રહ તથા અભ્યન્તર પરિગ્રહ; આ પાંચેય મહાપાપોનું હું ત્રિવિધે ત્રિવિધે પચ્ચક્ખાણ કરૂં છું. ૧૨

જગતના સર્વ જીવો મારા મિત્રરૂપ છે, સર્વની સાથે મારી મૈત્રી અખંડિત છે; કોઇપણ જીવની સાથે મારે શત્રુભાવ નથી. અને ઉપકરણ, સ્વજનજન કે શરીર સંબંધી સર્વ પ્રકારની અભિલાષાઓને સર્વથા ત્યજવાપૂર્વક હવે હું સમાધિભાવને અંગીકાર કરૂં છુ. ૧૩

અશન આદિ ચાર પ્રકારના આહારને, અને આહારઆદિ દશ સંજ્ઞાઓને હું ત્યજુ છું. રસગારવઆદિ ત્રણ પ્રકારના ગારવને તથા સર્વ પ્રકારના કષાયોને હું છોડુ છું. વલી બાહ્યના સર્વ પૌદ્ગલિક ભાવોના મમત્વ-મારાપણાને મૂકી દઉ છું. જગતના સર્વ જીવોને હું ખમાવું છું. ૧૪

हुज्जा इमंमि समए उवक्कमो जीवियस्स जइ मज्झं।
एयं पच्चक्खाणं विउला आराहणा होउ ॥ १५ ॥

सव्वदुक्खपहीणाणं, सिद्धाणं अरहो नमो ।
सद्दहे जिणपन्नत्तं, पच्चक्खामि य पावगं ॥ १६ ॥

---

વર્તમાનકાળમાં જીવોના આયુષ્ય સોપક્રમ છે. કઇ વેલાએ કયા નિમિત્તથી આયુષ્યનો નાશ થાય એ અચોક્કસ છે. કદાચ આ અવસરે મારા આયુષનો નાશ થાય તો સર્વ પ્રકારના મહા પાપોના આ (૧૨ મી ગાથા મૂજબ) પચ્ચક્ખાણુ અને દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયીની વિસ્તારપૂર્વકની આરાધના મને હો. ૧૫

જન્મકર્મ અને કષાયરૂપ દુઃખોનો સર્વથા ક્ષય કરનારા શ્રીસિદ્ધભગવન્તોને,[1] તથા નિરંતર ચોત્રીશ પ્રકારના અતિશયોની લક્ષ્મીના ધારક શ્રીઅરિહંતદેવોને[2] હું નમસ્કાર કરૂં છું, વળી શ્રીજિનભાષિત ધર્મને સદ્દહુ[3] છું. તથા સર્વ પાપ વ્યાપારોના પચ્ચક્ખાણુને[4] કરૂં છું. ૧૬

नमुत्थु धुयपावाणं, सिद्धाणं च महेसिणं ।
संथारं पडिवज्जामि, जहा केवलिदेसियं ॥ १७ ॥

जं किंचिवि दुच्चरियं तं सव्वं वोसिरामि तिविहेणं।
सामाइयं च तिविहं करेमि सव्वं निरागारं ॥१८॥

बज्झं अब्भितरं उवहिं सरीराइ सभोयणं ।
मणसा वयकाएहिं सव्वभावेण वोसिरे ॥ १९ ॥

---

પાપોનો સર્વથા નાશ કરનારા શ્રીસિદ્ધભગવન્તોના અને શ્રીમહર્ષિ પુરૂષોના ચરણે મારા ફરી ફરી નમસ્કાર હો. મંગળરૂપ નમસ્કારને કરીને શ્રી સર્વજ્ઞકથિત સંથારાને હું વિધિપૂર્વક સ્વીકારૂં છું. ૧૭

આ લોક કે પરલોકમાં મેં જે કાંઈ દુષ્કૃત આચર્યું હોય, તે સર્વ દુષ્કૃતને મન, વચન અને કાયાના ત્રિવિધયોગે હું ત્યજુ છું. વલી સમ્યકૃત્વ, શ્રુત, અને સર્વવિરતિરુપ ત્રણ પ્રકારના સામાયિકોને અપવાદ રહિતપણે હું સ્વીકારૂં છું. ૧૮

વસ્ત્ર, પાત્ર વિગેરે બાહ્ય ઉપધિને, વલી રાગદ્વેષરૂપ અન્તર ઉપધિને તથા ભોજનસહિત શરીરઆદિને, હું મન વચન કાયરૂપ ત્રણેય યોગથી, સર્વથા ભાવપૂર્વક વોસિરાવું છું. ૧૯

सव्वं पाणारंभं पच्चक्खामित्ति अलियवयणं च ।
सव्वमदिन्नादाणं मेहुण्णपरिग्गहं चेव ॥ २० ॥

सम्मं मे सव्वभूएसु वेरं मज्झ न केणई ।
आसाउ ओसरित्ताणं समाहिमणुपालए ॥ २१ ॥

रागं बंधं पओसं च हरिसं दीणभावयं ।
उस्सुगत्तं भयं सोगं रइं अरइं च वोसिरे ॥ २२ ॥

---

વળી ૧ સર્વ જીવોની હિંસા, ૨ સ્થૂલ કે સૂક્ષ્મ મૃષાવચન, ૩ સર્વ અદત્તાદાન, તથા ૪ મૈથુન-વિષયક્રીડા અને ૪ બાહ્ય-અભ્યન્તર પરિગ્રહઃ આ પાંચ મહાપાપોના પચ્ચક્ખાણને ફરી અપવાદ રહિતપણે હું કરૂં છું. ૨૦

ફરી હું કહુ છુંઃ 'જગતના સર્વ જીવો મારા મિત્ર છે. કોઇની સાથે મારે વૈરભાવ નથી. સર્વ અભિલાષાઓને ત્યજવા પૂર્વક સમાધિભાવને હું સ્વીકારૂં છું.' ૨૧

[1]રાગ, [2]દ્વેષ, વળી [3]હર્ષ, [4]દીનભાવ, અને [5]ચપલતા તથા [6]ભય, [7]શોક, [8]રતિ અને [9]અરતિ, કર્મબંધના આ સઘલાયે નિમિતોને હું વોસિરાવું છું.ત્યજી દઉ છું. ૨૨

**ममत्तं परिवज्जामि निम्ममत्तं उवट्ठिओ ।**
**आलंबणं च मे आया अवसेसं च वोसिरे ॥२३॥**

**आया हु महं नाणे आया मे दंसणे चरित्ते य ।**
**आया पच्चक्खाणे आया मे संजमे जोगे ॥ २४ ॥**

**एगो वच्चइ जीवो एगो चेवुववज्जई ।**
**एगस्स चेव मरणं एगो सिज्झइ नीरओ ॥२५॥**

---

સંસારના મૂળકારણ મમત્ત્વભાવને હું ત્યજી દઉં છું, આથી મારાપણાથી રહિત દશાને સારૂ હું સાવધ રહું છું. તથા દુઃખમાંથી ઉદ્ધારનાર આલંબનરૂપ કેવલ મારો આત્મા છે. આ કારણે આત્મા સિવાય અન્ય સર્વને હું વોસિરાવુ છું. ૨૩

જ્ઞાનમાં મારો આત્માજ આલંબનરૂપ છે, દર્શન તેમજ ચારિત્રમાં કેવલ મારો આત્મા આલંબન છે, પાપવ્યાપારોની નિર્વૃત્તિના પચ્ચક્ખાણમાં મને આત્માજ આલંબનરૂપ છે, અને સંયમયોગોમાં પણ મને કેવળ મારો આત્મા આલંબન છે. આથી આત્મા સિવાય અન્ય આલંબનોની મારે જરૂર નથી. ૨૪

કર્મવિવશ આત્મા સદાકાલ એકલો જાય છે, એકલો જન્મે છે, અને અશરણની પેઠે આત્મા એકલોજ મરણને પામે છે. વળી સકળ કર્મમલને દૂર કરી આત્મા એકલો નિર્વાણસ્થાનને પ્રાપ્ત કરે છે. ૨૫

एगो मे सासओ अप्पा नाणदंसणसंजुओ ।
सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ॥२६॥

संजोगमूला जीवेणं पत्ता दुक्खपरंपरा ।
तम्हा संजोगसंबंधं सव्वभावेण[1] वोसिरे ॥ २७ ॥

मूलगुणे उत्तरगुणे जे मे नाराहिया पमाएणं ।
तमहं सव्वं निंदे पडिक्कमे आगमिस्साणं ॥२८॥

---

જ્ઞાન દર્શનગુણવાળો મારો આત્મા શાશ્વત છે, એ સિવાયના અન્ય સર્વ બાહ્ય પદાર્થો સંયોગજન્ય છે. આ કારણે ક્ષણજીવી છે, આશુવિનશ્વર છે. ૨૬

દુઃખની પરંપરાનું મૂળ કારણ સંયોગ છે, અનાદિ સંસારમાં સંયોગના યોગે આત્મા દુઃખોને મેળવતો આવ્યો છે. તે કારણે સર્વ પુદ્ગલજન્ય સંયોગ સંબંધોને હું વોસિરાવું છુ. ૨૭

વ્રતના મૂળગુણો અને ઉત્તરગુણોની જે આરાધનાને મેં પ્રયત્નપૂર્વક ન આચરી હોય, તે સર્વ વિરાધનારૂપ પાપોને હું નિન્દુ છુ, તેમજ ભાવિકાલની વિરાધનાના પાપોને હું પડિક્કમુ છું. અર્થાત્ એ પાપોથી હું પાછો હઠું છુ. ૨૮

---

१ सव्वं तिविहेण ए पाठा०

सत्त भए अट्ठ मए सन्ना चत्तारि गारवे तिन्नि ।
आसायण तेत्तीसं रागं दोसं च गरिहामि ॥२९॥

अस्संजममन्नाणं मिच्छत्तं सव्वमेव य ममत्तं ।
जीवेसु अजीवेसु य तं निंदे तं च गरिहामि ॥३०॥

निंदामि निंदणिज्जं गरिहामि य जं च मे गरिहणिज्जं।
आलोएमि य सव्वं सब्भिंतरबाहिरं उवहिं ॥३१॥

---

આજીવિકાભય. આદિ સાત પ્રકારના મહાભય, જાતિમદ આદિ આઠ મદસ્થાનો; આહારસંજ્ઞા વિગેરે ચાર સંજ્ઞા; તથા રસગારવ આદિ ત્રણ પ્રકારના ગારવ; તેત્રીશ મહાઅશાતના; અને રાગ તેમજ દ્વેષ; કર્મબન્ધના કારણભૂત આ સઘળાંય મહાપાપોને હું નિંદુ છુ. ૨૯

સત્તર પ્રકારનો અસંયમ; સર્વ પ્રકારનું અજ્ઞાન; પાંચ પ્રકારનું મિથ્યાત્વ; તથા સર્વ સજીવ કે નિર્જીવ પદાર્થોને વિષેનો મમત્વભાવ; સંસારદુઃખના નિમિત્તભૂત આ સઘળાંય પાપસ્થાનોને હું નિંદુ છુ. ગુરૂજનની સમક્ષ પુનઃ પુનઃ ગર્હુ છું. ૩૦

વળી નિંદવા યોગ્ય નિંદનીયને હું નિંદુ છુ. ગર્હાને યોગ્ય ગર્હણીય પાપોને હું ગુરૂજનની સમક્ષ ગર્હુ છુ. તથા સર્વ પ્રકારની અભ્યન્તર અને બાહ્ય ઉપધિને હું આલોવું છુ. ૩૧

जह बालो जंपंतो कज्जमकज्जं च उज्जुयं भणइ ।
तं तह आलोइज्जा मायामोसं[1] पमुत्तूणं ॥ ३२ ॥

नाणंमि दंसणंमि य तवे चरित्ते य चउसुवि अकंपो।
धीरो आगमकुसलो अपरिस्सावी रहस्साणं ॥३३॥

रागेण व दोसेण व जं भे ! अकयन्नुया पमाएणं।
जो मे किंचिवि भणिओ तमहं तिविहेण खामेमि ॥

વડિલજનની સમક્ષ બાલક, જેમ સરળપણે કાર્ય કે અકાર્ય બોલી નાખે છે, તેમ માયામૃષાને કોરાણે મૂકીને, શલ્યરહિતપણે ગુરૂજનની સમક્ષ સર્વ પ્રકારના પાપોની આલોચના લેવી જોઇએ.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને તપ; એ ચારેય આચારોના પાલનમાં અચલચિત્ત વળી ધીર, આગમકુશલ તથા અન્યના ગૂઢ રહસ્યોને ગંભીરતાથી પેટમાં રાખનાર ગુરૂજનની પાસે સરળભાવે આલોચના લેવી જોઇએ. ૩૩

ભગવન્[2] ! રાગ, દ્વેષ, તથા અકૃતજ્ઞતા અને પ્રમાદ વિગેરે દોષોથી, આપને અંગે જે કાંઇ અકુશલ મેં કહ્યું કે કર્યું હોય તે સર્વને મન, વચન, કાયાથી હું ખમાવુ છું. ૩૪

---

१ मायामद पाठा०

૨ આલોચના આપનાર ગુરૂની પાસે, આલોચના લેનાર શિષ્ય વિનીતભાવે આ મૂજબ કહેઃ

**तिविहं भणंति मरणं बालाणं बालपंडियाणं च ।**
**तइयं पंडितमरणं जं केवलिणो अणुमरंति ॥३५॥**

**जे पुण अट्ठमईया पयलियसन्ना य वंकभावा य ।**
**असमाहिणा मरंति न हु ते आराहगा भणिया ॥**

---

શ્રીજૈનશાસનમાં મરણો ત્રણ પ્રકારનાં છે. અવિરત આત્માઓનું મરણ બાલમરણ ગણાય છે. દેશવિરત આત્માઓનું મરણ બાલપંડિત મરણ ગણાય છે. જ્યારે શ્રીકેવલિભગવન્તોનું, અને સર્વવિરતિ ધર્મની આરાધના કરનાર આત્માઓનું મરણ, પંડિત મરણ ગણાય છે. ૩૫

જેઓ નિરંતર આઠમદસ્થાનોને સેવે છે, એ કારણે તત્ત્વનો વિચારકરીશકવાને જેઓ સમર્થ નથી, સદાકાલ માયાભાવમાં રમનારા તે આત્માઓ, અસમાધિથી મરણને પામે છે, નિશ્ચે આવા આત્માઓ આરાધક થઇ શકતા નથી. ૩૬

---

*ટીપ્પણી (૧)માં જો કે પાંચ પ્રકારના મરણો દર્શાવ્યા છે, છતાંયે આ બન્ને કથનો અપેક્ષાયે સંગત બની શકે છે. બાલબાલમરણ અને પંડિતપંડિતમરણનો સમાવેશ, બાલમરણ અને પંડિતમરણમાં કરવાથી આ કથન ઘટી શકે છે.

मरणे विराहिए देवदुग्गई दुल्लहा य किर बोही ।
संसारो य अणंतो होइ पुणो आगमिस्साणं ॥३७॥

का देवदुग्गई का अबोहि केणेव वुज्झई मरणं ।
केण अणंतमपारं संसारे हिंडई जीवो ॥ ३८ ॥

---

અસમાધિના યોગે મરણબગડે છે, મરણ વિરાધવાના યોગે દેવલોકમાં ખરાબ, હલકું સ્થાન પ્રાપ્ત થાય છે, બોધિની પ્રાપ્તિ દુર્લભ બને છે, વળી ભાવિકાલમાં અનન્ત સંસાર વધે છે. ૩૭

'મરણકાલે અસમાધિભાવના યોગે મરણ વિરાધાય છે, અને અનેક પ્રકારના અનર્થોની પ્રાપ્તિ થાય છે; એને અંગે વિશેષ સ્પષ્ટતાને સારૂ, જિજ્ઞાસુવિનીત, ગુરૂજનને આ મૂજબ પૂછે છેઃ ભગવન્! ૧ દેવલોકને વિષે દુર્ગતિ કઇ ?, ૨ અબોધિ એટલે શું ?, ૩ કયા કારણે સંસારમાં વારંવાર મરણ પ્રાપ્ત થયા કરે ?, ૪ સંસારમાં જીવ અનન્તકાલ ભ્રમણ શા સારૂ કરે ?.[1] ૩૮

---

૧ મૂળગાથા-૩૮માં ચાર પ્રશ્નો છે. ૩૯ થી ૪૫ સુધીની ગાથાઓમાં તેનું સામાધાન છે.

कंदप्पदेवकिब्बिसअभिओगा आसुरी य संमोहा ।
ता देवदुग्गईओ मरणंमि विराहिए हुंति ॥३९॥

मिच्छद्दंसणरत्ता सनियाणा कण्हलेसमोगाढा ।
इय जे मरंति जीवा तेसिं दुलहा भवे बोही ॥४०॥

---

દેવલોકને વિષે, ૧ કંદર્પ,[1] ૨ કિલ્બિષિક, ૩ આભિયોગિક, ૪ અસુર, અને ૫ સંમોહ આ પાંચેય દેવસ્થાનો હીન કોટિનાં ગણાય છે. સાધુપણાની પાલનામાં, અમૂક કોઇપણ પ્રકારની વિરાધનાના યોગે, મરણને વિરાધીને સંયતપુરૂષો દેવલોકનાં આ હીનસ્થાનોને પ્રાપ્ત કરે છે. ૩૯

જેઓ મિથ્યાભાવમાં અતિશય રાચનારા છે, અને કૃષ્ણલેશ્યાના અધ્યવસાયોમાં વર્તતા થકાં જેઓ નિદાન કરવા પૂર્વક મરણને પામે છે. તે જીવો અસમાધિભાવના યોગે મરણને વિરાધીને આગામીકાલમાં [2]દુર્લભબોધિપણાને મેળવે છે. ૪૦

---

૧ કંદર્પદેવ મશ્કરા દેવ ગણાય છે, તેમનું સ્થાન હલકું મનાય છે. કિલ્લિષિક દેવો અન્ત્યજજેવા ગણાય છે. આભિયોગિકદેવો નોકરજેવા મનાય છે. અસુર દેવોનું સ્થાન દીન નોકર જેવું હોય છે. અને સંમોહદેવ સ્થાન ભ્રષ્ટ રખડુદેવો મનાય છે.

૨ ભાવિકાલમાં જેઓને તત્ત્વત્રયીની પ્રાપ્તિ દુર્લભ બને તેઓ દુર્લભબોધિ કહેવાય છે.

सम्मद्दंसणरत्ता अनियाणा सुक्कलेसमोगाढा ।
इय जे मरंति जीवा तेसिं सुलहा भवे बोही ॥४१॥

जे पुण गुरुपडिणीया बहुमोहा ससबला कुसीला य ।
असमाहिणा मरंति ते हुंति अणंतसंसारी ॥४२॥

जिणवयणे अणुरत्ता गुरुवयणं जे करंति भावेणं ।
असबल असंकिलिट्ठा ते हुंति परित्तसंसारी ॥४३॥

---

જે પુણ્યવાન આત્માઓ, સમ્યગ્દર્શનને પામેલા છે; અને શુક્લલેશ્યાના અધ્યવસાયમાં શુભ પરિણામપૂર્વક, કોઈપણ પ્રકારના નિદાનરહિતપણે, મરણને પામે છે. તેઓ સમાધિમરણના યોગે ભાવિકાલમાં સુલભબોધિપણાને પામે છે. અર્થાત્ તેઓને બોધિબીજની પ્રાપ્તિ સુલભ બને છે. ૪૧

જેઓ ગુરૂજનના શત્રુભાવને ધારણ કરનારા છે, અને તીવ્ર મોહના યોગે જેઓ દૂષણસહિત તેમજ કુશીલતાપૂર્વક મરણને પામે છે, તેઓ તેવા પ્રકારના અસમાધિમરણના યોગે અનન્ત સંસારને ઉપાર્જે છે. ભાવિકાલમાં તેઓનો અનન્ત સંસાર થાય છે.

જેઓ શ્રીજિનેશ્વરદેવનાં ઉપદેશેલાં વચનોમાં શ્રદ્ધાભાવ રાખનારા છે, તેમજ ગુરૂમહારાજના હિતવચનોને ભાવપૂર્વક સ્વીકારનારા છે. અને જેઓ દુઃશીલતા કે સંકલેશથી રહિત છે, તેઓનો સંસાર થોડો બાકી રહે છે. ૪૩

**बालमरणाणि बहुसो बहुयाणि अकामगाणि मरणाणि।**
**मरिहंति ते वराया जे जिणवयणं न याणंति ॥४४॥**

**सत्थग्गहणं विसभक्खणं च जलणं च जलपवेसो य।**
**अणयारभंडसेवी जम्मणमरणाणुबंधीणि ॥ ४५ ॥**

---

શ્રી જિનકથિત વચનોને નહિ પામનાર બિચારા આત્માઓ, સંસારમાં વારંવાર બાલમરણોને પામે છે. તેમજ ઘણીવાર અકામ-મરણોને પ્રાપ્ત કરનારા બને છે. ૪૪

૧ શસ્ત્રથી[1] આપઘાત કરવો, ૨ ઝેરપીને મરીજવું, ૩ બળીને મરવું, ૪ કૂવા કે તળાવમાં પડીને પ્રાણ ગુંગળાવી મરવું, તેમજ ૫ અનેક[2] પ્રકારની આચાર વિરૂદ્ધ પ્રવૃત્તિઓમાં જીવન ગાળવું, અને ૬ અતિયશય[3] પ્રમાણમાં ઉપકરણો રાખવા, આ સઘળાંયે નિમિત્તો સંસારમાં જન્મ મરણની પરંપરાને વધારનારા છે. ૪૫

---

૧ કાશી જેવા તીર્થક્ષેત્રોમાં કરવત મૂકાવવી વિગેરે. અથવા નિદાનપૂર્વક અગ્નિમાં ઝંપાપાત કરવો.

૨ સાધુના વેશમાં રહેવા છતાંયે, શ્રીજિનશાસનની આરાધનાનું રહસ્ય પામ્યા વિના અનાચારોને સેવીને મરવું.

૩ સાધુજીવનને ઉપયોગી ઉપકરણો ઉપરાંત મૂર્ચ્છાભાવથી વધુ રાખવાં.

उड्ढमहे तिरियंमिवि मयाणि जीवेण बालमरणाणि ।
दंसणनाणसहगओ पंडिअमरणं अणुमरिस्सं ॥४६॥

उव्वेयणयं जाई मरणं नरएसु वेयणाओ य ।
एयाणि संभरंतो पंडियमरणं मरसु इण्हि ॥४७॥

---

અનાદિ સંસારમાં, મેં; ઉર્ધ્વલોક, અધોલોક, અને તિર્ચ્છાલોકમાં અત્યારસુધી બાલમરણો પ્રાપ્ત કર્યાં હતાં. પણ તત્ત્વશ્રદ્ધારુપ સમ્યગ્દર્શન અને જ્ઞાનગુણસહિત હું હવે પંડિતમરણને પ્રાપ્ત કરવાને ઇચ્છુ છું.[1] ૪૬

અસમાધિભાવથી મરણ પામવાના યોગે, જન્મ, મરણ, અને નારક વિગેરે દુર્ગતિઓની વેદનાઓ તેં મેળવી છે. એ સઘળીયે કારમી વેદનાઓને યાદ કર! અને ફરી એ વેદનાઓને ભોગવવાનો અવસર ન પ્રાપ્ત થાય તે સારૂ, હાલ તું સાવધ બનીને પંડિતમરણને મેળવ. ૪૭

---

૧ ૪૬ ગાથાથી ૫૬ ગાથા સુધી. સંયત આત્મા, મરણના અવસરે સમાધિપૂર્વક આ મુજબ ગુરૂજનોની સમક્ષ કહે છે.

**जइ उप्पज्जइ दुक्खं तो दट्ठव्वो सहावओ नवरं ।**
**किं किं मए न पत्तं संसारे संसरंतेणं ? ॥ ४८ ॥**
**संसारचक्कवालंमि सव्वेवि य पुग्गला मए बहुसो ।**
**आहारिया य परिणामिया य नाहं गओ तित्तिं ॥४९॥**
**तणकट्ठेहि व अग्गी लवणजलो वा नईसहस्सेहिं ।**
**न इमो जीवो सक्को तिप्पेउं कामभोगेहिं ॥ ५० ॥**

---

જ્યારે દુ:ખ ઉત્પન્ન થાય ત્યારે આત્મસ્વભાવમાં રમણતા કરવી. અનાદિ સંસારમાં પરવશતાથી ભોગવેલા વિશેષ દુ:ખોને યાદ કરવા. વિચાર કરવો કે: સંસારમાં કર્મવશ બનીને ભમતાં મેં કયા કયા દુ:ખો મેળવ્યા નથી ? ૪૮

ક્ષુધાનું દુ:ખ જ્યારે આત્માને મૂંઝવતું લાગે, ત્યારે આત્મ-સાક્ષીયે વિચારવું કે: સંસારચક્રમાં ભટકતાં મેં અનેકવેળાયે સર્વ પુદ્ગલોનો આહાર કર્યો છે, ભોગવટો કર્યો છે, તેમજ સર્વ પ્રકારના પુદ્ગલોને પરિણમાવ્યા છે, હજૂયે હું તૃપ્તિ પામ્યો નહિ. ૪૯

તરણાં કે લાકડાઓથી અગ્નિ કદિકાલે ઠંડો પડતો નથી, હજારો મહાનદીઓના જલથી લવણસાગર પૂરાતો નથી, તે મુજબ આ આત્મા કામભોગોથી કોઈ દિવસે તૃપ્ત થનાર [૧] નથી. ૫૦

---

૧ કામભોગોથી નિવૃત્ત થયા વિના કોઈકાલે કામભોગોથી તૃપ્તિ નથી. પાંચ ઇન્દ્રિયોના પાંચ વિષયો કામ અને ભોગ શબ્દથી સંબોધાય છે. પણ વિશેષતા આ મુજબ છે: શબ્દ અને રૂપ એ વિષયો કામ કહેવાય છે. જ્યારે રસ, ગન્ધ, અને સ્પર્શ એ ત્રણ વિષયો ભોગ કહેવાય છે.

**आहारनिमित्तेणं मच्छा गच्छंति सत्तमिं पुढविं ।**
**सच्चित्तो आहारो न खमो मणसावि पत्थेउं ॥५१॥**

**पुव्विं कयपरिकम्मो अनियाणो ऊहिऊण मइबुद्धी ।**
**पच्छा मलियकसाओ सज्जो मरणं पडिच्छामि ॥५२॥**

**अक्कंडेऽचिरभाविय ते पुरिसा मरणदेसकालम्मि ।**
**पुव्वकयकम्मपरिभावणाए पच्छा परिवडंति ॥५३॥**

---

[1]આહારના કારણે, મત્સ્યો સાતમી નરકભૂમિમાં જાય છે. માટે કોઇપણ પ્રકારના સજીવ આહારને મેળવવાની અભિલાષા મનથી પણ કરવા જેવી નથી. ૫૧

અનશનનો સ્વીકાર કરવા પહેલાં મેં તેનો અભ્યાસ રાખ્યો છે; તથા મતિ અને બુદ્ધિથી કષાયના સ્વરુપને વિચારીને મેં કષાયોને રોકયા છે. આથી નિદાનરહિતપણે હમણાં હું અનશન દ્વારાયે મરણને સ્વીકારૂ છુ. ૫૨

કારણકે: અભ્યાસવિના અકાળે અનશનને સ્વીકારનારાઓ, પૂર્વકૃત દુષ્કર્મના યોગે મરણના અવસરે અસમાધિને પામે છે. આથી તેઓ મરણને વિરાધી દુર્ગતિમાં પડે છે. ૫૩

---

૧ મહાસમુદ્રોમાં શૃંગી આદિ વિશાલકાય મત્સ્યોની આંખોની પાંપણમાં રહેતા તંદુલીયો મત્સ્ય કેવળ આહારના સંકલ્પથી સાતમી નરકમાં જાય છે.

तम्हा चंदगविज्झं सकारणं उज्जुएण पुरिसेणं ।
जीवो अविरहियगुणो कायव्वो मुक्खमग्गंमि ॥५४॥

बाहिरजोगविरहिओ अब्भिंतरझाणजोगमल्लीणो ।
जह तंमि देसकाले अमूढसन्नो चयइ देहं ॥५५॥

हंतूण रागदोसं छित्तूण य अट्ठकम्मसंघायं ।
जम्मणमरणऽरहट्टं भित्तूण भवा विमुच्चिहिसि ॥५६॥

---

આથી રાધાવેધના સાધક પુરૂષની જેમ, મોક્ષમાર્ગની આરાધનાને સારૂ, ઉદ્યમવાન પુરૂષે દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ગુણસમૂહથી આત્માને સદાકાલ વાસિત રાખવો. ૫૪

મરણના અવસરે, બાહ્ય વ્યાપારોથી રહિત બની; આભ્યન્તર ધ્યાનના યોગમાં લીન એવો મહાભાગ; અમૂઢતાથી સાવધાન મન સહિત જાગૃત દશામાં પોતાના દેહને ત્યજે છે. ૫૫

રાગ અને દ્વેષને હણવાથી, તથા આઠેય પ્રકારના કર્મસમૂહને છેદવાથી, તેમજ જન્મ મરણરૂપ રેંટને ભેદવાથી, હે [1]ભાગ્યવાન! તું સંસારથી મૂકાશે! ૫૬

---

૧ મૂલ ગાથા ૪૬ થી શરૂ થતી, ઉપદેશરૂપ હિતશિક્ષા; અનશનને સ્વીકારવાને તૈયાર થયેલ મુનિવર પોતાના આત્માને ઉદ્દેશીને આપે છે. એની પુર્ણાહૂતિ અહિં થાય છે, માટે પુનઃ પોતાને ઉદ્દેશીને આ સંબોધન વચન છે.

एयं सव्वुवएसं जिणदिट्ठं सद्दहामि तिविहेणं ।
तसथावरखेमकरं पारं निव्वाणमग्गस्स ॥ ५७ ॥

न हु तम्मि देसकाले सक्को बारसविहो सुयक्खंधो ।
सव्वो अणुचिंतेउं धणियंपि समत्थचित्तेणं ॥५८॥

एगंमिवि जम्मि पए संवेगं वीयरायमग्गंमि ।
गच्छइ नरो अभिक्खं तं मरणं तेण मरियव्वं ॥५९॥

---

શ્રીજિનકથિત આ મૂજબનો સર્વ હિતોપદેશ હું મન, વચન અને કાયાથી સદ્દહુ છુ. કારણકેઃ આ ઉપદેશ ત્રસ અને સ્થાવર જીવોના કલ્યાણને કરનારો છે, તથા મોક્ષમાર્ગનો પાર આણનાર છે.

સમાધિભાવને અખંડિત રાખવાને સારૂ શ્રીજિનકથિત શ્રુતજ્ઞાનના પરિશીલનની આવશ્યકતા છે. પણ મરણના અવસરે, સમર્થ મનોયોગને ધરનાર આત્માઓથી પણ સર્વ બાર અંગરૂપ શ્રુતજ્ઞાનનું ચિંત્વન કરી શકાતું નથી. ૫૮

આથી વીતરાગના માર્ગમાં, જે કોઇપણ એક પદના ચિન્ત્વનથી, આત્મા વારંવાર સંવેગને પામે છે. તે પદના ચિન્ત્વન પૂર્વક સમાધિભાવે મરણને મરવું જોઇએ. ૫૯

ता एगंपि सिलोगं जो पुरिसो मरणदेसकालम्मि ।
आराहणोवउत्तो चिंतंतो राहगो होइ ॥ ६० ॥

आराहणोवउत्तो कालं काऊण सुविहिओ सम्मं ।
उक्कोसं तिन्नि भवे गंतूणं लहइ निव्वाणं ॥ ६१ ॥

समणोत्ति अहं पढमं बीयं सव्वत्थ संजओमित्ति ।
सव्वं च वोसरामि एयं भणियं समासेणं ॥६२॥

---

તે કારણે જે આત્મા, મરણના અવસરે આરાધનામાં ઉપયોગવાળો બનીને, શ્રીજિનકથિત એકપણ પદનું વારંવાર પરિશીલન, મનન કરે છે, તે અવશ્ય આરાધક થાય છે. ૬૦

આરાધનામાં ઉપયોગવાળો સુવિહીત આત્મા, આ મૂજબ સમાધિભાવથી કાલ કરીને, મરણને પામીને, ઉત્કૃષ્ટથી ત્રણ ભવમાં મોક્ષને મેળવે છે. ૬૧

પ્રથમ હું શ્રમણ છુ, સર્વ પ્રકારના આશ્રવોની વિરતિરૂપ શ્રમણગુણનો ધારક છુ. બીજું હું સર્વ પરપદાર્થોના મમત્ત્વરૂપ અસંયમથી નિર્વૃત્ત છુ, ઘણું કહેવાથી સર્યું ! સંક્ષેપથી કહુ છુ કે: આથી સર્વ પ્રકારના સંબંધોને હું ત્યજી દઉ છુ. ૬૨

लद्धं अलद्धपुव्वं जिणवयण सुभासियं अमियभूयं।
गहिओ सुग्गइमग्गो नाहं मरणस्स बीहेमि ॥६३॥

धीरेणवि मरियव्वं काउरिसेणवि अवस्स मरियव्वं।
दुण्हंपि हु मरियव्वे वरं खु सीलत्तणे मरिउं ॥६४॥

सीलेणवि मरियव्वं निस्सीलेणवि अवस्स मरियव्वं।
दुण्हंपि हु मरियव्वे वरं खु सीलत्तणे मरिउं ॥६५॥

---

અનાદિ ભૂતકાલમાં અત્યાર અગાઉ નહિ પ્રાપ્ત થયેલ; અમૃતસમાન શ્રીજિનવચનરુપ સુભાષિતને મેં મેલવ્યું, આથી શુભગતિનો માર્ગ મેં ગ્રહણ કર્યો છે. હવે મરણની બીક મને રહી નથી. ૬૩

ધીરપુરૂષ પણ મરે છે. અને કાયર, ડરપોક પુરૂષને પણ અવશ્ય મરવું પડે છે. બન્નેને મરવું જરૂર છે. આથી ધીરતાથી સમાધિભાવે મરણને પામવું એ ઉત્તમ છે. કારણકેઃ વારંવાર મરવું ન પડે. ૬૪

[1]શીલવાન પુરૂષ પણ મરણને પામે છે. તથા શીલભ્રષ્ટ, પતિત પુરૂષને પણ અવશ્ય મરવું પડે છે. બન્નેને મરવું જરૂર છે. આથી શીલધર્મની અખંડિત આરાધનાપૂર્વક મરણને પામવું એજ ઉત્તમ છે. જે કારણે અસમાધિ ન થાય. ૬૫

---

૧ અનશનને સ્વીકાર્યા પછી મરણના અવસરે પીડાના યોગે સ્વીકારેલા વ્રતને અંગે કલુષિત પરિણામ ન થઈ જાય તે સારૂ, આ વિચારણા છે.

नाणस्स दंसणस्स य सम्मत्तस्स य चरित्तजुत्तस्स ।
जो काही उवओगं संसारा सो विमुच्चिहिसि ॥६६॥

चिरउसियबंभयारी पप्फोडेऊण सेसयं कम्मं ।
अणुपुव्वीइ विसुद्धो गच्छइ सिद्धिं धुयकिलेसो ॥६७॥

निक्कसायस्स दंतस्स सूरस्स ववसाइणो ।
संसारपरिभीयस्स पच्चक्खाणं सुहं भवे ॥ ६८ ॥

---

જે કોઇ પુણ્યવાન આત્મા, શ્રીજિનકથિત સામાન્ય વિશેષ ઉપયોગરુપ જ્ઞાનદર્શન; તત્ત્વશ્રદ્ધાનસ્વરુપ સમ્યક્ત્વ; અને સર્વ સાવદ્યની વિરતિમય ચારિત્ર; આ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગમાં સદાકાલ પ્રયત્ન કરશે, તે અવશ્ય સંસારથી મૂકાશે. ૬૬

ચિરકાલીન બ્રહ્મચર્યનો ધારક આત્મા, શેષ રહેલાં કર્મોને ખપાવીને ક્રમશઃ વિશુદ્ધ બને છે. અને સર્વથા કર્મના કલેશથી મૂકાયેલો તે સિદ્ધિને મેળવે છે. ૬૭

પચ્ચક્ખાણને પામનાર આત્મા; કષાયરહિત, દાન્ત, શૂર, તથા ઉદ્યમવાન અને સંસારભ્રમણથી ડરનારો હોવો જોઇએ. આવા આત્માઓનું પચ્ચક્ખાણ ઉત્તમ હોય છે. ૬૮

**एयं पच्चक्खाणं जो काही मरणदेसकालम्मि ।**
**धीरो अमूढसन्नो सो गच्छइ सासयं ठाणं ॥६९॥**

**धीरो जरमरणविऊ वीरो विन्नाणनाणसंपन्नो ।**
**लोगस्सुज्जोयगरो दिसउ खयं सव्वदुक्खाणं ॥७०॥**

---

મરણના અવસરે, જે આત્મા ધીરતાપૂર્વક મુંઝવણરહિતપણે, આ પયન્નામાં કહેલ વિધિમુજબ પચ્ચક્ખાણને કરશે, તે અવશ્ય શાશ્વત સુખના સ્થાન મોક્ષને મેળવશે. ૬૯

[1]ધીર, જન્મ અને મરણને જાણનાર, તથા કેવલદર્શન જ્ઞાન-ગુણથી શોભાને પામનાર, અને લોકમાં વાસ્તવિક પ્રકાશને કરનાર ચરમતીર્થપતિ શ્રીવીરભગવાન મારા સર્વ દુઃખોનો ક્ષય કરો!!!

---

૧ સામાન્ય નિયમ એ છે કેઃ ગ્રન્થની શરૂઆતમાં, મધ્યમાં, અને પૂર્ણાહૂતિમાં મંગળથી શિષ્યપરંપરામાં ગ્રન્થનું અખંડિત રીતિયે પરિશીલન થાય. આથી ગ્રન્થકાર મહર્ષિએ, આ ગાથામાં ભગવાન શ્રીમહાવીર પરમાત્માનું મંગલમય સ્મરણ કરવાપૂર્વક, પ્રાર્થના કરી છે. મૂળ ગાથામાંના વીરો' એ પદથી, ગ્રન્થકારનું નામ પણ એકરીતિયે સૂચિત થાય છે.

(३)

श्रुतस्थविर श्रीवीरभद्रमहामुनि प्रणीत—

# अथ भत्तपरिन्नापयण्णम्

[મૂળ ગાથા, (૧૭૨;) અને ભાવાનુવાદ.]

ત્રણ આયંબીલની તપશ્ચર્યા પૂર્વક સુવિહીત ગુરૂજનની પાસે વિધિમુજબ આ સૂત્રનો પાઠ લેવો જોઇએ.

नमिऊण महाइसयं महाणुभावं मुणिं महावीरं ।
भणिमो भत्तपरिण्णं निअसरणट्ठा परट्ठाय ॥ १ ॥
भवगहणभमणरीणा लहंति निव्वुइसुहं जमल्लीणा ।
तं कप्पदुमकाणणसुहयं जिणसासणं जयइ ॥ २ ॥
मणुअत्तं जिणवयणं च दुल्लहं पाविऊ सप्पुरिसा! ।
सासयसुहिक्करसिएहिं नाणवसिएहिं होअव्वं ॥३॥

---

શ્રીતીર્થંકર નામકર્મના ઉદયજનિત મહાન અતિશયોથી યુક્ત, આ કારણે મહાન પ્રભાવશાળી શ્રમણ ભગવાન શ્રીમહાવીર પરમાત્માને નમસ્કાર કરીને; પોતાના સ્મરણને સારૂ તેમજ પરના આત્મહિતને માટે **ભક્તપરિજ્ઞા પયન્નાને** હું કહુ છું. ૧

સંસારરૂપ ગહનવનમાં અનાદિકાલીન ભ્રમણના દુઃખથી પીડાયેલા જીવો; જે શાસનની આજ્ઞાને ત્રિવિધયોગે શિરોધાર્ય કરીને, મોક્ષના શાશ્વતસુખોને મેળવે છે. તે અચિન્ત્ય અને અપરિમીત સુખને આપનાર શ્રીજિનશાસન, કલ્પવૃક્ષના મનોરમ ઉદ્યાનની પેઠે જયવંતુ વર્તો! ૨

માનવભવની પ્રાપ્તિ દુર્લભ છે, તથા શ્રીજિનેશ્વરદેવના વચનોનું શ્રવણ એ અતિ દુર્લભ છે; પૂર્વકાલીન ઉત્તરોત્તર પુણ્યના યોગે આ અનુપમ સામગ્રીને પામીને પુણ્યવાન પુરૂષોએ; સમ્યગ્જ્ઞાન આદિ રત્નત્રયીની આરાધના પૂર્વક કેવળ મોક્ષના શાશ્વત સુખના રસિક બનવું જોઇએ. ૩

जं अज्ज सुहं भविणो संभरणीअं तयं भवे कल्लं।
मग्गंति निरुवसग्गं अपवग्गसुहं बुहा तेणं ॥ ४ ॥

नरविबुहेसरसुक्खं दुक्खं परमत्थओ तयं बिंति ।
परिणामदारुणमसासयं च जं ता अलं तेण ॥५॥

जं सासयसुहसाहणमाणाआराहणं जिणिंदाणं ।
ता तीए जइअव्वं जिणवयणविसुद्धबुद्धीहिं ॥ ६ ॥

---

વિષયોના સેવનથી જનિત સુખો, આજે-વર્તમાનમાં કદાચ ટકી રહે; પણ આવતીકાલે તે સુખો અવશ્ય નાશ પામે છે. કારણ કે: 'વિષયજનિત સુખો ભાવિકાળમાં કેવળ સ્વપ્નની જેમ સ્મરણરુપ રહે છે.' માટે સમજુ પુરૂષો, મોક્ષના શાશ્વત, સ્વાધીન અને નિરૂપદ્રવ સુખોનેજ ઇચ્છે છે. ૪

ઉપકારી મહાપુરૂષો એ મુજબ કહે છે: 'મનુષ્યલોક અને દેવલોકનાં સુખો, પરમાર્થથી દુ:ખરૂપ છે; કારણકે: તે સુખો પરિણામે દારૂણ છે. અશાશ્વત છે આવા પ્રકારના આપાતરમ્ય તે સુખોથી સર્યું ! આવા સુખોને મેળવવાની કે ભોગવવાની અભિલાષા ન રાખવી જોઇએ.' ૫

આ કારણથી શ્રીજિનેશ્વરદેવના વચનથી જેની બુદ્ધિ નિર્મલ બની છે, એવા સમજુ પુરૂષોએ; અનન્ત ઉપકારી શ્રીજિનેશ્વરદેવોની આજ્ઞાનું આરાધન અવશ્ય કરવું જોઇએ. કારણકે: શ્રીજિનની આજ્ઞા એ મોક્ષનાં શાશ્વતસુખોની પ્રાપ્તિનું એક અને અનન્ય: સાધન છે. ૬

तं नाणदंसणाणं चारित्ततवाण जिणपणीआणं ।
जं आराहणमिणमो आणाआराहणं बिंति ॥ ७ ॥

पव्वज्जाए अब्भुज्जओवि आराहओ अहासुत्तं ।
अब्भुज्जअमरणेणं अविगलमाराहणं लहइ ॥ ८ ॥

तं अब्भुज्जुअमरणं अमरणधम्मेहिं वन्निअं तिविहं ।
भत्तपरिन्ना इंगिणि पाओवगमं च धीरेहिं ॥ ९ ॥

---

'શ્રીજિનકથિત સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને તપનું નિરતિચાર આરાધન' એ અનન્ત ઉપકારી શ્રીજિનેશ્વર દેવોની આજ્ઞા છે. આ મુજબની જિનાજ્ઞા એજ કર્મક્ષયનું પરમકારણ છે. સંસારના સર્વ દુઃખોને ટાળનારૂં ભાવ ઔષધ છે. ૭

સમાધિમરણ એ આરાધનાનું પરમ અંગ ગણાય છે. આથી આરાધક આત્માઓએ સમાધિપૂર્વકના મરણને સારૂ પ્રયત્ન કરવો જોઇએ. આ કારણેજ પ્રવ્રજ્યાના પાલનમાં અપ્રમત્ત એવો પુણ્યવાન આત્મા પણ મરણના અવસરે સૂત્રકથિત વિધિમુજબ આરાધના કરે તો તેની યાવજ્જીવની આરાધના અખંડિત બને છે. ૮

જેઓને ફરી સંસારમાં જન્મ મરણોરુપ કાર્ય રહ્યું નથી, એવા લોકોત્તર ધીરપુરૂષોએ; શ્રીજિનકથિત ધર્મમાં ઉદ્યમવંત આત્માઓને યોગ્ય ત્રણ પ્રકારનાં સમાધિમરણ કહ્યાં છે. તેનાં નામ આ મુજબ છે: '૧ ભક્તપરિજ્ઞા મરણ, ૨ ઇંગિની મરણ, અને ૩ પાદપોપગમ મરણ.' ૯

भत्तपरिन्नामरणं दुविहं सविआरमो य अविआरं।
सपरक्कमस्स मुणिणो संलिहिअतणुस्स सविआरं॥

अपरक्कमस्स काले अप्पहुप्पंतंमि जं तमविआरं।
तमहं भत्तपरिन्नं जहापरिन्नं भणिस्सामि ॥ ११ ॥

---

૧ સવિચાર અને ૨ અવિચાર, એ રીતિયે ભક્તપરિજ્ઞા નામના મરણના બે પ્રકારો છે. તેવા પ્રકારનાં શરીર સામર્થ્યવાળો પુણ્યવાન [1]સાધુપુરૂષ; સંલેખના કરવા પૂર્વક શરીરને દુર્બલ કરીને, જે સમાધિમરણને પામે તે સવિચાર મરણ કહેવાય. ૧૦

જે પુણ્યવાન સાધુપુરૂષો તેવા પ્રકારનાં શરીર સામર્થ્યરહિત છે. તેઓ સંલેખના કર્યા વિના સમાધિપૂર્વક જે મરણને પામે છે, તે અવિચાર મરણ કહેવાય. આ અવિચાર ભક્તપરિજ્ઞા મરણ અત્ર પ્રાસંગિક છે. માટે હું યથામતિ એનું સ્વરુપકહીશ. ૧૧

---

૧ મૂળગાથાંના મુણીણો એ પદથી જો કે સાધુપુરૂષનો અધિકાર સમજાય છે. છતાંયે પૂર્વાપર સંગતિથી ગૃહસ્થને પણ આ વસ્તુનો અધિકાર એ

**धिइबलविअलाणमकालमच्चुकलिआणमकयकरणाणं**
**निरवज्जमज्जकालिअजईण जुग्गं निरुवस्सग्गं ॥१२॥**
**पेरमसुहसप्पिवासो असोअहासो सजीविअनिरासो।**
**विसयसुहविगयरागो धम्मुज्जमजायसंवेगो ॥१३॥**
**निच्छिअमरणावत्थो वाहिग्घत्थो जई गिहत्थो वा।**
**भविओ भत्तपरिन्नाइ नायसंसारनिग्गुन्नो ॥ १४ ॥**

---

જેઓ તેવા પ્રકારનાં ધૃતિબલથીરહિત છે, તથા જેઓને અકસ્માત મરણુની સંભાવના છે, અને જેઓના વિરતજીવનમાં અનુપયોગથી વારંવાર અતિચારો થયાં કરે છે, એવા વર્તમાન-કાલીન નિરવદ્ય, સુશીલ સાધુપુરૂષો; ઉપસર્ગરહિત અવિચાર મરણુને પામે તે યોગ્ય છે. ૧૨

ઉપશમસુખની અભિલાષાવાળો, શોક તેમજ હાસ્યરુપ નોકષાયોથી રહિત, વળી પોતાના જીવિતને વિષે સ્પૃહાવિનાનો, અને વિષય સુખની તૃષ્ણાથી મુક્ત, તથા ધર્મની આરાધનામાં ઉદ્યત હોવાને કારણે સંવેગરુપ અમૃતનો આસ્વાદ કરનાર; તેમજ પોતાના મરણકાલનું સામાન્યપણે જ્ઞાન કરનાર; અને સંસારની નિર્ગુણતાને સમ્યગ્ પ્રકારે જાણનાર મહાનુભાવ આત્મા રોગગ્રસ્ત દશામાં કે રોગરહિત દશામાં આ પ્રકારના અવિચાર ભક્તપરિજ્ઞા મરણુનો સ્વીકાર કરવાને યોગ્ય છે. ૧૩-૧૪

---

१ पसम' એ પાઠાન્તર.

पच्छायावपरद्धो पियधम्मो दोसदूसणसयण्हो ।
अरहइ पासत्थाईवि दोसदोसिल्लकलिओवि ॥१५॥

वाहिजरमरणमयरो निरंतरुप्पत्तिनीरनिकुरंबो ।
परिणामदारुणदुहो अहो! दुरंतो भवसमुद्दो ॥१६॥

---

અતિચારોરુપ પાપના પશ્ચાતાપથી પીડાયેલા; વળી નિરતિચાર ધર્મની અભિલાષાવાળા; અને પોતાના દોષોની નિંદા કરવાને તત્પર; આવા પ્રકારના પાસત્થા વિગેરે સાધુઓ; દોષો અને દૂષણોથી યુક્ત હોવા છતાંયે ભક્તપરિજ્ઞા મરણને પામવાને યોગ્ય છે. કારણ કે 'પૂર્વના દોષો અને દૂષણોનો પશ્ચાતાપ; અને નિરતિચારધર્મની અભિલાષા; આ બન્ને ગુણો આરાધકભાવની પૂર્વ ભૂમિકા છે.' ૧૫

તે પુણ્યવાન આત્મા, સંસારની અસારતાને આ રીતિયે વિચારે. 'વ્યાધિ, જરા અને મરણરુપ મગરમચ્છ વિગેરે ભયંકર જળચર પ્રાણીઓના સમૂહથી, જેના જન્મરુપ જળતરંગો નિરંતર તોફાને ચઢીને ઉછળ્યા કરે છે, એવો આ સંસારસમુદ્ર; સાચેજ પરિણામે દારૂણ દુઃખોને આપનારો છે. વળી ખેદની વાત છે, કે: તે દુઃખપૂર્વક અંત આવી શકે તેવો છે.' ૧૬

इअ कलिउण सहरिसं गुरुपागमूलेऽभिम्म विणएणं ।
भालयलमिलिअकरकमलसेहरो वंदिउं भणइ ।१७।

आरुहिअमहं सुपुरिस ! भत्तपरिन्नापसत्थबोहित्थं ।
निज्जामएण गुरूणा इच्छामि भववन्नवं तरिउं ॥१८॥

कारुन्नामयनीसंदसुंदरो सोऽवि से गुरू भणइ ।
आलोअणव्वयखामणपुरस्सरं तं पवज्जेसु ॥ १९ ॥

---

આ રીતિયે ભક્તપરિજ્ઞામરણને પામવાને યોગ્ય આત્માઓ; પરિજ્ઞા અનશનને સ્વીકારવા પૂર્વે શ્રીગુરૂમહારાજના કલ્યાણકર ચરણકમળની પાસે આવી, વિનયપૂર્વક કમલના ડોડાની પેઠે બન્ને હાથોને ભાલસ્થલે લગાડીને, ગુરૂને યથાવિધિ વંદન કરી આ મુજબ કહે: ૧૭

'હે સત્પુરૂષ! ભક્તપરિજ્ઞારૂપ પ્રશસ્ત વહાણ પર ચઢી, આપ જેવા નિર્યામકના સુકાનીપણા હેઠળ હું ભીમ અને ગહન એવા સંસારસાગરને ઉપદ્રવ રહિતપણે તરી જવાને ઇચ્છુ છું. કૃપાનાથ ! મારી આ મનોરમ અભિલાષાને પૂરવાની કૃપા કરો!'

યોગ્ય આત્માઓનું હિત કરવારુપ કરૂણાના અમૃતરસથી સુંદર તેમજ અકારણ ઉપકારી ગુરૂદેવ, ત્યારબાદ તે પુણ્યવાન શિષ્યને આ મુજબ કહે છે: 'મહાનુભાવ! પૂર્વના પાપોની આલોચના લઈ, વ્રતોને ફરી ઉચ્ચરી, અને સર્વ જીવરાશિને ખમાવવા પૂર્વક; તારે ભક્તપરિજ્ઞા અનશનને સ્વીકારવું.' ૧૯

**इच्छामुत्ति भणित्ता भत्तीबहुमाणसुद्धसंकप्पो ।**
**गुरुणो विगयावाए पाए अभिवंदिउं विहिणा ॥२०॥**

**सल्लं उद्धरिअमणो संवेगुव्वेअतिव्वसद्धाओ ।**
**जं कुणइ सुद्धिहेउं सो तेणाराहओ होइ ॥ २१ ॥**

**अह सो आलोअणदोसवज्जिअं उज्जुअं जहाऽऽयरिअं**
**बालुव्व बालकालाउ देइ आलोअणं सम्मं ॥२२॥**

---

'ભગવન્! આપ ફરમાવો છો તે બરોબર' આ કહેવા પૂર્વક ગુરૂમહારાજના વચનોને માથે ચઢાવનાર, તેમજ ભક્તિ અને બહુમાનના યોગે જેના હૃદયના સંકલ્પો નિર્મળ બન્યાં છે એવો તે મહાભાગ વિનેય: અનર્થોની પરંપરાને ટાળનારા, કલ્યાણકર એવા ગુરૂદેવનાં ચરણોને ફરી વિધિપૂર્વક વાંદે. ૨૦

આ રીતિયે વંદન કર્યાં બાદ પોતાના પાપરૂપ શલ્યોને મૂળથી ઉદ્ધારવાની ઉત્કંઠાવાળો, અને સંવેગ તેમજ નિર્વેદના નિર્મળ ભાવરસમાં ઝીલતો તે તીવ્ર શ્રદ્ધાવાળો આત્મા; આત્મશુદ્ધિને માટે શ્રીજિનકથિત જે કાંઇ આચરે છે, તેના યોગે તે આરાધક થાય છે.

આ અવસરેઃ કરૂણાસાગર ગુરૂમહારાજ; આલોચનાના દોષોથી રહિત હોવાને કારણે આલોચનાને સ્વીકારવાને યોગ્ય, અને બાલકની જેમ સરલપરિણામી તે વિનેયને, બાલ્યકાળથી જે રીતિયે પાપો આચર્યાં હોય તે મુજબ સમ્યક્ પ્રકારે આત્મશુદ્ધિને સારૂ પ્રાયશ્ચિત આપે. ૨૨

ठविए पायच्छित्ते गणिणा गणिसंपयासमग्गेणं ।
सम्ममणुमन्निअ तवं अपावभावो पुणो भणइ ॥२३॥
दारुणदुहजलयरनिअरभीमभवजलहितारणसमत्थे ।
निप्पच्चवायपोए महव्वए अम्ह उक्खिवसु ॥२४॥
जइऽवि स खंडिअचंडो अखंडमहव्वओ जई जइवि ।
पव्वज्जउट्ठावणमुट्ठावणमरिहइ तहावि ॥ २५ ॥

---

ગણિસંપત્ આચાર્યના ગુણોથી પૂર્ણ એવા ગણિ–ગણનાયક ગુરૂમહારાજશ્રી પાસેથી યથાવિધિ પ્રાયશ્ચિત્તને સ્વીકારનાર, કલ્યાણનો અભિલાષુક તે શિષ્ય, કરૂણાસાગર ગુરૂમહારાજે કહ્યા મુજબ પ્રાયશ્ચિત તરિકેના તપને સમ્યક્ પ્રકારે સ્વીકારીને અપાપ-ભાવવાળો બની ફરી ગુરૂમહારાજશ્રીની સેવામાં આ પ્રમાણે બોલે:

'પૂજ્ય ગુરૂદેવ ! દારૂણ દુઃખરુપ જળચર જીવોના સમૂહથી ભયંકર એવા સંસારસાગરથી, અમોને તારવાને સારૂ સાચેજ આપ સમર્થ છો. આ કારણે આપ વિના અમારા માટે અન્ય કોઇ શરણુસ્થાન નથી. માટે દુઃસ્તર સંસારના પારને પમાડનાર કુશળ નાવ સમા શ્રીજિનકથિત મહાવ્રતો ફરી મને ઉચ્ચરાવો.' ૨૪

જો કે અત્યારે અનશનને સ્વીકારનાર સાધુના મહાવ્રતો, અખંડિત છે, કારણકે ક્રોધ વિગેરે કષાયોનો તેઓએ નિગ્રહ કર્યો છે. તો પણ 'સમ્યગ્ પ્રકારે અનશનને સારૂ ઉપસ્થિત થયેલા એવા તે મહામુનિએ, આ અવસરે ફરી મહાવ્રતોના ગ્રહણરૂપ ઉપસ્થાપના સ્વીકારવી જોઇએ' આ રીતિનું શાસ્ત્ર કથન છે. ૨૫

पहुणो सुकयाणत्तिं भव्वा पच्चप्पिणंति जह विहिणा।
जावज्जीवपइण्णाणत्तिं गुरुणो तहा सोऽवि ॥ २६ ॥
जो साइआरचरणो आउट्टिअदंडखंडिअवओ वा ।
तह तस्स विसम्ममुवट्ठिअस्स उट्ठावणा भणिआ ॥
तत्तो तस्स महव्वयपव्वयभारोनमंतसासस्स ।
सीसस्स समारोवइ सुगुरुवि महव्वए विहिणा ।२८।

---

જેમ સેવકો સ્વામીની આજ્ઞાનું સમ્યક્ પાલન કરીને, સ્વામીને તે આજ્ઞા પાછી સોંપે છે. તેમ વિનયગુણમાં પરિણત શિષ્ય, ચારિત્રના પાલનરુપ ગુરૂમહારાજની આજ્ઞાને સમ્યક્ પ્રકારે પાળીને તે આજ્ઞાને પાછી સોંપે. ૨૬

વ્રતોને પાળવામાં જેણે અતિચારો લાગ્યા છે, અથવા જીવ-વિરાધનારુપ દંડથી જેના વ્રતો ખંડિત થયા છે. આવો આત્મા પણ જો ઉપસ્થિત થાય તો તેને ઉપસ્થાપના કરવાનું શાસ્ત્રમાં વિધાન છે. ૨૭

પર્વતરુપ મહાવ્રતોના ભારને સ્વીકારવાને સારૂ, બહુમાન પૂર્વક જેણે પોતાનું મસ્તક નીચું નમાવ્યું છે, એવા શિષ્યને, કૃપાસાગર ગુરૂમહારાજ; વિધિપૂર્વક મહાવ્રતોનું આરોપણ કરે.[1] ૨૮

---

૧ આ વિધિ સાધુને માટેની કહી. વ્રતધારી શ્રાવક જ્યારે અનશનને સ્વીકારે ત્યારે આગળ કહેવાતી વિધિ છે:

अह हुज्ज देसविरओ सम्मत्तरओ रओ अ जिणधम्मे।
तस्सवि अणुव्वयाइं आरोविज्जंति सुद्धाइं ॥ २९ ॥

अनियाणोदारमणो हरिसवसविसट्टकंचुयकरालो ।
पूएइ गुरुं संघं साहम्मिअमाइ भत्तीए ॥ ३० ॥

निअदव्वमपुव्वजिणिंदभवणजिणबिंबवरपइट्ठासु ।
विअरइ पसत्थपुत्थयसुतित्थतित्थयरपूआसु ॥३१॥

---

સમ્યગ્દર્શનગુણમાં પરિણત અને જિનવચનને વિષે તત્પર વ્રતધારી શ્રાવકને; અનશનના સ્વીકારની વેળાએ વિધિપૂર્વક અણુવ્રતોનું આરોપણ કરવું જોઇએ. આ પ્રકારનું શાસ્ત્રીય કથન છે. ૨૯

નિદાનરૂપ શલ્યથી રહિત તથા ઉદારચિત્તવાળો અને અતિશય હર્ષના યોગે જેના શરીરની રોમરાજી વિકસ્વર થઇ છે એવો તે વ્રતધારી શ્રાવક; તારક ગુરૂની, સંઘની અને સાધર્મિકની પૂર્ણ આદરભાવથી ભક્તિ કરે. ૩૦

વળી તે વ્રતધારી શ્રાવક; શ્રીજિનમંદિર, શ્રીજિનબિમ્બ વિગેરેની પ્રતિષ્ઠા આદિ, તેમજ પ્રશસ્ત પુસ્તકો, તીર્થસ્થાનો, અને તીર્થંકરદેવોની પૂજા વિગેરેના શાસનની પ્રભાવનાના કાર્યોમાં પોતાના દ્રવ્યનો ઉપયોગ કરે. ૩૧

जइ सोऽवि सव्वविरईकयाणुराओ विसुद्धमइकाओ।
छिन्नसयणाणुराओ विसयविसाओ विरत्तो अ ॥३२॥
संथारयपव्वज्जं पव्वज्जइ सोऽवि निअम निरवज्जं।
सव्वविरइप्पहाणं सामाइअचरित्तमारुहइ ॥ ३३ ॥
अह सो सामाइअधरो पडिवन्नमहव्वओ अ जो साहू।
देसविरओ अ चरिमं पच्चक्खामित्ति निच्छइओ ॥३४॥
गुरुगुणगुरुणो गुरुणो पयपंकय नमिअमत्थओ भणइ।
भयवं! भत्तपरिन्नं तुम्हाणमयं पवज्जामि ॥ ३५ ॥

---

તે વ્રતધારી શ્રાવક જો સર્વવિરતિ સંયમને વિષે અનુરાગવાળો, મન, વચન અને કાયાની વિશુદ્ધિને ધરનારો તથા સ્વજનવર્ગના અનુરાગ વિનાનો અને વિષયોના સેવન પરત્વે ખેદને ધરનારો હોય તો, આ અનશનના અવસરે સંથારારૂપ પ્રવ્રજ્યાને અવશ્ય સ્વીકારે તેમજ સર્વ પ્રકારના પાપ વ્યાપારોની નિર્વૃત્તિરુપ સામાયિક ચારિત્રને અંગીકાર કરે. ૩૨ : ૩૩

આ રીતિયે સર્વવિરતિરુપ સામાયિકને ધારણ કરનાર તેમજ મહાવ્રતને સ્વીકારનાર સાધુપુરૂષ: અને દેશવિરતિને આચરનાર વ્રતધારી શ્રાવક: અનશનને સ્વીકારવાને સારૂ ચરમ પચ્ચક્ખાણ કરૂ છું. આ પ્રકારના નિશ્ચયપૂર્વક, ગુરૂતાના કારણભુત ગુણસમૂહથી યુક્ત શ્રીગુરૂદેવનાં તારક પદકમલને વિષે નમસ્કાર કરીને આ મુજબ કહે: 'હે ભગવન્! આપની અનુમતિથી હું ભક્તપરિજ્ઞા અનશનને અંગીકાર કરૂ છું.' ૩૪ : ૩૫

**आराहणाइ खेमं तस्सेव य अप्पणो अ गणिवसहो।**
**दिव्वेण निमित्तेणं पडिलेहइ इहरहा दोसा ॥३६॥**

**तत्तो भवचरिमं सो पच्चक्खाइत्ति तिविहमाहारं।**
**उक्कोसिआणि दव्वाणि तस्स सव्वाणि दंसिज्जा ॥**

**पासित्तु ताइं कोई तीरं पत्तस्सिमेहिं किं मज्झ?।**
**देसं च कोइ भुच्चा संवेगगओ विचिंतेइ ॥ ३८ ॥**

---

અનશનને સ્વીકારનારને તેમજ પોતાને આરાધનાદિમાં ક્ષેમ-કુશલતા રહે તે માટે અનુકુળ દિવ્ય નિમિત્ત આદિને, અનશનને આપનાર ગુરૂમહારાજે અવશ્ય જોવાં. આવા પ્રસંગોમાં નિમિત્ત આદિ જ્યોતિષને નહિ જોવામાં દોષો રહેલા છે. ૩૬

અનશનને સ્વીકારનાર પુણ્યવાન આત્માનો સમાધિભાવ સ્થિરપણે રહી શકે તેને સારૂ, ઉપકારી ગુરૂમહારાજ; તેને સર્વ ઉત્કૃષ્ટા ખાદ્ય દ્રવ્યો બતાવે. ત્યારબાદ તે મહાનુભાવ આત્મા ત્રણ પ્રકારનું યાવજ્જીવને માટે પચ્ચકખાણ કરે. ૩૭

આવા પ્રસંગેઃ ઉત્કૃષ્ટા ખાદ્ય દ્રવ્યોને જોઇને, કોઇ પુણ્યવાન આત્મા વિચારે કેઃ 'ભવસાગરના કાંઠાને પામવાની તૈયારીવાળા મારે આ પદાર્થોથી શું ?' જ્યારે કોઇ આત્મા; એ ખાદ્ય પદાર્થોના અલ્પભાગને ભોગવ્યા બાદ, પરમસંવેગવાસિત બનીને આ મુજબ વિચાર કરેઃ ૩૮

किं चत्तं नोवभुत्तं मे परिणामासुई सुई ।
दिट्ठसारो सुहं झाइ चोअणेसाऽवसीअओ॥ ॥३९॥

उअरमलसोहणट्ठा समाहिपाणं मणुन्नमेसोऽवि ।
महुरं पज्जेअव्वो मंदं च विरेयणं खमओ ॥ ४० ॥

एलतयनागकेसरतमालपत्तं ससक्करं दुद्धं ।
पाऊण कढिअसीअलसमाहिपाणं तओ पच्छा ॥

---

'અનાદિ સંસારમાં મેં શું શું ભોગવીને છોડયું નથી? પવિત્ર અને મનોરમ દેખાતાં આ પદાર્થો પરિણામે અપવિત્ર તેમજ જુગુપ્સુનીય છે.' આ પ્રકારે જેણે પરમાર્થ જાણ્યો છે, એવો આત્મા સમાધિભાવને પામે વળી જે આત્મા આ પ્રસંગે અસમાધિમાં આવે તેને ગુરૂમહારાજ શુભ પ્રેરણા કરે. ૩૯

ઉદરમલની શુદ્ધિને સારૂ મનોજ્ઞ અને મધુર સમાધિપાન, અનશનને સ્વીકારનાર તે આત્માને હિતકર જાણીને ગુરૂમહારાજે આપવું, અને થોડું થોડું વિરેચન કરાવવું. ૪૦

સમાધિપાન આ મુજબ છે: 'એલચી, તજ, નાગકેસર, અને તમાલપત્રની સાથે સાકરવાળું દૂધ ઉકાળીને ટાઢું કરી પાવું તે સમાધિપાન કહેવાય છે.' આના પીવાથી અનશનને સ્વીકાર કરવાને સજ્જ થયેલા આત્માના શરીરનો તાપ શમી જાય છે. પેટનો કચરો સાફ થાય છે. ૪૧

महुरविरेअणमेसो कायव्वो फोफलाइदव्वेहिं ।
निव्वाविओ अ अग्गो समाहिमेसो सुहं लहइ ॥

जावज्जीवं तिविहं आहारं वोसिरइ इहं खवगो ।
निज्जवगो आयरिओ संघस्स निवेअणं कुणइ ।४३।

आराहणपच्चइअं खमगस्स य निरुवसग्गपच्चइअं ।
तो उस्सग्गो संघेण होइ सव्वेण कायव्वो ॥४४॥

---

સમાધિપાનના આપ્યા પછી, ફોફલાદિ મધુર ઔષધોના સેવનપૂર્વક તે આત્માને રેચ આપવો જોઈએ, કારણ કે પેટનો અગ્નિ આ રીતિયે શમે તો અનશનનો સ્વીકાર કરનાર આત્મા સુખપૂર્વક સમાધિભાવને મેળવે. ૪૨

આ મુજબની વિધિ થયા બાદ, નિર્યામણા કરાવનાર આચાર્ય મહારાજા શ્રીસંઘને આ પ્રકારે કહે છે: 'અનશનને સ્વીકારનાર આ તપસ્વી, યાવજ્જીવ ત્રણ પ્રકારના આહારને વોસિરાવે છે.' ૪૩

અનશન કરવાને ઉત્સુક તે ક્ષપકની આરાધનાને સારૂ, તેમજ ક્ષેમકુશલતાને સારૂ, સર્વ સંઘે તે અવસરે સ્થિરભાવે ૨૫૬ શ્વાસોશ્વાસનો કાઉસ્સગ્ગ કરવો. ૪૪

पच्चक्खाविंति तओ तं ते खमयं चउव्विहाहारं ।
संघसमुदायमज्झे चिइवंदणपुव्वयं विहिणा ॥४५॥

अहवा समाहिहेउं सागारं चयइ तिविहमाहारं ।
तो पाणयंपि पच्छा वोसिरिअव्वं जहाकालं ॥४६॥

तो सो नमंतसिरसंघडंतकरकमलसेहरो विहिणा ।
खामेइ सव्वसंघं संवेगं संजणेमाणो ॥ ४७ ॥

---

તે પ્રસંગે: નિર્યામક આચાર્ય મહારાજ; ચૈત્યવંદનની વિધિ પૂર્વક, સકલ સંઘના સમુદાયની મધ્યે, તે ક્ષપકને ચાર આહારનાં પચ્ચક્ખાણ કરાવે. ૪૫

અથવા સમાધિભાવની સ્થિરતાના કારણે, તે ક્ષપકને ત્રણ આહારનું અપવાદ સહિત પચ્ચક્ખાણ આપે. વળી યોગ્ય અવસરે પાણીને પણ તે ક્ષપકે સર્વ પ્રકારે વોસિરાવવું. ૪૬

નમેલા મસ્તકને વિષે મુકુટની પેઠે બે હાથને જોડીને, અનેક ભવ્ય આત્માઓને સંવેગભાવ ઉત્પન્ન કરાવનાર એવો તે પુણ્યવાન ક્ષપક; અનશનને અંગીકાર કરવા અગાઉ વિધિપૂર્વક સર્વ સંઘને, ખમાવે. અને આ મુજબ બોલેઃ ૪૭

आयरिअ उवज्झाए सीसे साहम्मिए कुलगणे य।
जे मे केइ कसाया सव्वे तिविहेण खामेमि ॥४८॥

सव्वे अवराहपए खामेह(मि)अहं खमेउ मे भयवं!।
अहमवि खमामि सुद्धो गुणसंघायस्स संघस्स ॥

इअ वंदणखमणगरिहणाहिं भवसयसमज्जिअं कम्मं।
उवणेइ खणेण खयं मिआवई रायपत्तिव्व ॥५०॥

---

'શ્રી આચાર્યદેવ, શ્રી ઉપાધ્યાય મહારાજા, સાધર્મિક સાધુ સમુદાય અને શિષ્ય, કુલ, તેમજ ગણના પ્રત્યે, મેં જે કાંઇ કષાયો કર્યાં હોય તે સર્વને હું ત્રિવિધ યોગે ખમાવું છું. ૪૮

હે ભગવન્! સર્વ પ્રકારના મારા અપરાધના સ્થાનોને હું સર્વ રીતિયે ખમાવું છું. ગુરૂદેવ! મને ક્ષમા આપો ફરી હું ગુણના સમૂહવાળા એવા શ્રીસંઘને શુદ્ધ બનીને ખમાવું છું. ૪૯

આ પ્રકારે: તે મહાનુભાવ આત્મા; વંદન, ક્ષમાપના; અને પોતાના દુષ્કર્મોની નિન્દા ગર્હાથી; સેંકડો ભવોનું ઉપાર્જેલું કર્મ એક ક્ષણમાત્રમાં રાજપત્ની મૃગાવતીની પેઠે ક્ષય કરે છે. ૫૦

**अह तस्स महव्वयसुट्ठिअस्स जिणवयणभाविअमइस्स**
**पच्चक्खायाहारस्स तिव्वसंवेगसुहयस्स ॥ ५१ ॥**
**आराहणलाभाओ कयत्थमप्पाणयं मुणंतस्स ।**
**कलुसकलतरणलट्ठिं अणुसट्ठिं देइ गणिवसहो ॥५२॥**
**कुग्गहपरूढमूलं मूला उच्छिंद वच्छ! मिच्छत्तं ।**
**भावेसु परमतत्तं सम्मत्तं सुत्तनीईए ॥ ५३ ॥**

---

મહાવ્રતોની પાલનામાં સદાકાલ નિશ્ચલ; વળી શ્રીજિનેશ્વર-દેવોના વચનથી ભાવિત મનોવૃત્તિવાળો; અને અશનઆદિ ચારેય પ્રકારના આહારને ત્યજી દેનાર; તથા તીવ્ર સંવેગથી પરમસુખને પ્રાપ્ત કરનાર; તેમજ અન્તિમકાલની આરાધનાના લાભથી પોતાના આત્માને કૃતાર્થ માનનાર; તે પુણ્યવાન જીવને, આ અવસરે ઉપકારી ગુરુમહારાજ પાપરૂપ કલુષિત કાદવને સુખપૂર્વક લંઘી જવાને સારૂ લાકડીના ટેકા સમાન આ શિક્ષાપાઠ આપે. ૫૧ : ૫૨

વત્સ! કદાગ્રહથી જેના મૂળ પ્રરૂઢ બન્યાં છે તે મિથ્યાત્વરૂપ વૃક્ષને તું આ વેળાયે મૂળથી ઉખેડીને ફેંકી દે, કારણકે અનન્ત દુઃખની પરંપરાનું મૂળનિમિત્ત મિથ્યાત્વ છે. વળી મિથ્યાત્વનો નાશ કરી સૂત્રની વિધિ મુજબ તું સમ્યગ દર્શનરૂપ તત્ત્વનો વિચાર કર.'* ૫૩

---

*અત્રથી ૧૫૩ ગાથા સુધી શિષ્યજનને ઉદ્દેશીને આ શિક્ષાપાઠ છે.

भत्तिं च कुणसु तिव्वं गुणाणुराएण वीअरायाणं ।
तह पंचनमुक्कारे पवयणसारे रइं कुणसु ॥ ५४ ॥

सुविहिअहिअनिज्झाए सज्झाए उज्जुओ सया होसु ।
निच्चं पंचमहव्वयरक्खं कुण आयपच्चक्खं ॥ ५५ ॥

उज्झसु निआणसल्लं मोहमहल्लं सुकम्मनिस्सल्लं ।
दमसु अ मुणिंदसंदोहनिंदिए इंदिअमयंदे ॥५६॥

---

'તથા હે વિનેય! ગુણો પરત્વેના તીવ્ર અનુરાગ પૂર્વક શ્રીવીતરાગ ભગવાનની પરમભક્તિને આચર. અને સકલ પ્રવચનના સારરૂપ શ્રીપંચપરમેષ્ઠિના નમસ્કારને વિષે પૂર્ણ આદરભાવથી તું અનુરાગ ધર.' ૫૪

'વળી સુવિહિત પુરૂષોથી સદાકાળ ધ્યેય અને કલ્યાણને કરનાર એવા સ્વાધ્યાયરૂપ આત્મધર્મમાં તું સદા ઉદ્યમ કર. અને આત્માને પ્રત્યક્ષ રીતિયે કલ્યાણકર આ પાંચ મહાવ્રતોની રક્ષાને તું આત્મસાક્ષીયે આચર.' ૫૫

'અજ્ઞાનના યોગે ખૂબ વૃદ્ધિભાવને પામતા અને શુભ ધર્મ-કાર્યોના આચરણમાં શલ્યસમાન આલોક કે પરલોકના પૌદ્ગલિક પદાર્થોની અભિલાષારૂપ નિદાનશલ્યને તું છોડી દે. તેમજ સાધુ-પુરૂષોના સમૂહે નિન્દનીય ગણેલા ઇન્દ્રિયોરુપ ક્રૂર સિંહોનું તું દમન કર.' ૫૬

निव्वाणसुहावाए विइन्ननिरयाइदारुणावाए ।
हणसु कसायपिसाए विसयतिसाए सइसहाए ॥

काले अपहुप्पंते सामन्ने सावसेसिए इण्हिं ।
मोहमहारिउदारणअसिलट्ठिं सुणसु अणुसट्ठिं ॥५८॥

संसारमूलबीअं मिच्छत्तं सव्वहा विवज्जेहि ।
सम्मत्ते दढचित्तो होसु नमुक्कारकुसलो अ ॥५९॥

---

'તથા હે કલ્યાણકામિન્! મોક્ષસુખમાં અન્તરાયભૂત અને નરકાદિ દુર્ગતિઓના દારૂણ પતનનું કારણ વળી વિષયોની તૃષ્ણાને સદા સહાય કરનાર એવા ક્રોધ વિગેરે સંસારલાભનાં કારણભૂત કષાયોને તું સર્વથા ત્યજી દે.' ૫૭

'મરણકાળ હજૂ નથી આવ્યો, ચારિત્રનું પાલન હજૂ શેષ છે. આ કારણે હે મુમુક્ષુ! મોહરુપ મહાવૈરીનો નાશ કરવાને સારૂ દારૂણ, (તીક્ષ્ણ) તલવાર, ડાંગ વિગેરે આયુધ સમાન આ હિતશિક્ષા સાવધ બનીને વિચાર!' ૫૮

'વિનેય! અનાદિ અનન્ત ભવભ્રમણનાં મૂળકારણ મિથ્યાત્વને તું સર્વ પ્રકારે ત્યજી દે. તથા આત્મઋદ્ધિની પ્રાપ્તિનાં પરમ નિમિત્ત શ્રી સમ્યક્ત્વધનની રક્ષા કર. અને શ્રીપંચપરમેષ્ઠી ભગવંતોના નમસ્કારરુપ ધ્યાનમાં કુશળ થા.' ૫૯

**मगतिण्हिआहि तोअं मन्नंति नरा जहा सतण्हाए ।**
**सुक्खाइं कुहम्माओ तहेव मिच्छत्तमूढमणो ॥६०॥**

**नवि तं करेइ अग्गी नेअ विसं नेअ किण्हसप्पो अ**
**जं कुणइ महादोसं तिव्वं जीवस्स मिच्छत्तं ॥६१॥**

**पावइ इहेव वसणं तुरुमिणिदत्तुव्व दारुणं पुरिसो ।**
**मिच्छत्तमोहिअमणो साहुपओसाउ पावाओ ॥६२॥**

---

'જળપાનની અત્યન્ત અભિલાષાના યોગે, અજ્ઞાનજીવો જેમ ઝાંઝવાના નીરને-મૃગજળને વાસ્તવિક માનીને જંગલોમાં ભમે છે. તેમ મિથ્યાત્ત્વથી મૂઢ મનોવૃત્તિવાળા જીવો કુધર્મને પણ સુખનું કારણ માની ભવરુપ ગહન વનમાં અટવાય છે.' ૬૦

'ભડભડ સળગતો અગ્નિ, કાતીલ ઝેર કે ફૂંફાડા મારતો કૃષ્ણસર્પ આ બધાં આત્માને જે મહાદોષ નથી કરી શકતા, તેના કરતાંયે અત્યન્ત મહાદોષ, મિથ્યાત્ત્વ કરે છે.' ૬૧

'મિથ્યાત્ત્વરુપ મૂઢતાના યોગે, અસ્વસ્થ મનોવૃત્તિવાળો આત્મા; નિરર્થક સાધુપુરૂષો પર દ્વેષભાવને ધરે છે. આ કારણે મિથ્યાભાવમાં આગ્રહી આત્માઓ, શ્રીકાલિકસૂરિજીને યજ્ઞનું ફળ પૂછનાર તુરૂમણિનગરીના દત્તરાજાની જેમ આ લોકમાંજ દારૂણ સંકટોને મેળવે છે.' ૬૨

मा कासि तं पमायं सम्मत्ते सव्वदुक्खनासणए ।
जं सम्मत्तपइट्ठाइं नाणतववीरिअचरणाइं ॥ ६३ ॥

भावाणुरायपेमाणुरायसुगुणाणुरायरत्तो अ ।
धम्माणुरायरत्तो अ होसु जिणसासणे निच्चं ॥६४॥

दंसणभट्ठो भट्ठो न हु भट्ठो होइ चरणपब्भट्ठो ।
दंसणमणुपत्तस्स हु परिअडणं नत्थि संसारे ॥६५॥

---

'માટે હે હિતકાંક્ષિન્! સર્વ પ્રકારના દુ:ખનો નાશ કરનાર તત્ત્વશ્રદ્ધારુપ શ્રીસમ્યગ્દર્શનને વિષે સ્હેજ પણ પ્રમાદભાવ ન કરીશ. કારણકેઃ શ્રીજિનકથિત સમ્યગ્જ્ઞાન, તપ, વીર્ય અને ચારિત્ર એ સઘળાંયે નિર્મળ ગુણો સમ્યગ્દર્શનના આધારે સ્થિરતાને મેળવે છે.'

'મહાનુભાવ! સ્વપર કલ્યાણકર શ્રીજિનશાસનને વિષે ભાવપૂર્વક, પ્રેમની લાગણીથી, ગુણો પરત્વેના આદરભાવથી તું હંમેશા ધર્માનુરાગને ધારણ કર. આવા પ્રકારના અનુરાગના યોગે તું મહાનન્દ પદને મેળવીશ.' ૬૪

ચારિત્રગુણથી ચૂકેલ આત્મા, સર્વને ચૂકતો નથી. જ્યારે એ વસ્તુ નિશ્ચિત છે કેઃ શ્રીજૈનશાસનના અનુરાગરુપ સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ આત્મા, સર્વગુણોથી ભ્રષ્ટ બને છે આ કારણેઃ સમ્યગ્દર્શનને પામેલ આત્મા, અનાદિ અનન્ત સંસારના પરિભ્રમણને ટાળે છે.

**दंसणभट्ठो भट्ठो दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।**
**सिज्झंति चरणरहिआ दंसणरहिआ न सिज्झंति ॥**

**सुद्धे सम्मत्ते अविरओऽवि अज्जेइ तित्थयरनामं ।**
**जह आगमेसिभद्दा हरिकुलपहुसेणिआईया ॥६७॥**

**कल्लाणपरंपरयं लहंति जीवा विसुद्धसम्मत्ता ।**
**सम्मद्दंसणरयणं नऽग्घइ ससुरासुरे लोए ॥ ६८ ॥**

---

ચારિત્રથી ભ્રષ્ટ આત્મા જ્યારે મોક્ષને મેળવે છે, પણ સમ્યગ્દર્શનગુણથી પતિત જીવને કર્મક્ષયરૂપ મોક્ષની પ્રાપ્તિ નથી. કેમકેઃ સમ્યગ્દર્શનગુણથી ભ્રષ્ટ આત્મા, સર્વ પ્રકારના ગુણોથી ભ્રષ્ટ બને છે. ૬૬

સમ્યગ્દર્શનરૂપ નિર્મળ ગુણને ધારણ કરવા માત્રથી તે આત્માઓ ઘોર અવિરતિના ઉદયે વિરતિધર્મના પરિણામ ન હોવા છતાંયે શ્રીતીર્થંકર નામકર્મને ઉપાર્જન કરે છે, આ કારણેઃ કેવળ સમ્યગ્દર્શનના યોગે જેનું ભાવિકાલમાં કલ્યાણ થવાનું છે એવા હરિવંશકુલના પ્રભુ **શ્રીકૃષ્ણમહારાજા** તેમજ મગધ દેશના નાથ શ્રીશ્રેણિકમહારાજા વિગેરે રાજાઓ શ્રીતીર્થંકરપદને પ્રાપ્ત કરનાર છે.

નિર્મળ સમ્યગ્દર્શનગુણના યોગે જીવો, કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે. આથી સમ્યગ્દર્શનરૂપ સુવિશુદ્ધ રત્ન; સુર, અસુર લોકને વિષે મહામૂલું છે. અતિ દુર્લભ છે. ૬૮

**तेलुक्कस्स पहुत्तं लद्धूणवि परिवडंति कालेणं ।**
**सम्मत्तं पुण लद्धुं अक्खयसुक्खं लहइ मुक्खं ॥६९॥**

**अरिहंतसिद्धचेइयपवयणआयरिअसव्वसाहूसुं ।**
**तिव्वं करेसु भत्तिं तिगरणसुद्धेण भावेणं ॥ ७० ॥**

**एगावि सा समत्था जिणभत्ती दुग्गइं निवारेउं ।**
**दुलहाइं लहावेउं आसिद्धि परंपरसुहाइं ॥ ७१ ॥**

---

ત્રણ લોકની પ્રભુતાને પ્રાપ્ત કરનાર આત્માઓ કાલક્રમે પતનને પામે છે. પણ સમ્યગ્દર્શનરૂપ આત્મગુણને પામનાર આત્માઓ અક્ષયસુખના સ્થાનરુપ મોક્ષને નિઃશંસય પામે છે. સમ્યગ્દર્શનગુણની આ અનુપમ વિશિષ્ટતા છે. ૬૯

વળી હે મહાભાગ! શ્રીઅરિહંત પરમાત્મા, શ્રીસિદ્ધ ભગવંત, શ્રીજિનપ્રતિમા, શ્રીજિનપ્રવચન, શ્રીઆચાર્યદેવ અને સર્વ સાધુપુરૂષોને વિષે, મન, વચન, તેમજ કાયારૂપ ત્રિકરણયોગે વિશુદ્ધભાવથી તું તીવ્ર ભક્તિ કર. આવા પ્રકારની ભક્તિ એ કલ્યાણની પ્રાપ્તિનું પરમ કારણ છે. ૭૦

શ્રીજિનેશ્વરદેવ વિગેરેની એક પરમભક્તિ માત્ર પણ, આત્માને દુર્ગતિના ગમનથી રોકે છે. અને જ્યાંસુધી સકલ કર્મનો ક્ષય ન થાય ત્યાંસુધી સંસારમાં સર્વ પ્રકારની અનુકુળતાને આપે છે. વળી પરંપરાયે તે જિનભક્તિ દુર્લભ મુક્તિસુખને પણ દે છે.

विज्जावि भत्तिमंत्तस्स सिद्धिमुवयाइ होइ फलया य।
किं पुण निव्वुइविज्जा सिज्झहिइ अभत्तिमंतस्स?॥

तेसिं आराहणनायगाण न करिज्ज जो नरो भत्तिं।
धणिअंपि उज्जमंतो सालिं सो ऊसरे ववइ ॥७३॥

बीएण विणा सस्सं इच्छइ सो वासमब्भएण विणा।
आराहणमिच्छंतो आराहयभत्तिमकरंतो ॥ ७४ ॥

---

ભક્તિની મહત્તા અનુપમ છે. વિદ્યા પણ ભક્તિવાન આત્માને ફલપ્રદ બને છે. જ્યારે સામાન્ય સાંસારિક લાભો પણ ભક્તિવિના સિદ્ધ થતા નથી. ત્યારે મોક્ષરૂપ પરમવિદ્યાની પ્રાપ્તિ, શ્રીજિન-ભક્તિથી રહિત એવા આત્માઓને કઇ રીતિયે થઇ શકે? ૭૨

સર્વ પ્રકારની આત્મકલ્યાણકર આરાધનાના નાયક સમા શ્રીઅરિહંતદેવ વિગેરેની, બહુમાનપૂર્વકની ભક્તિ જેઓ નથી કરતા તે આત્માઓની સઘળી આરાધનાઓ, ઉખરભૂમિ પર ડાંગર ઉગાડવાની જેમ નિષ્ફળ જાય છે. ૭૩

આરાધનાના માર્ગમાં પરમ આલંબનસમા શ્રીઅરિહંતદેવ આદિની ભક્તિને નહિ કરનારો આત્મા સાચેજ બીજને જમીનમાં વાવ્યા વિના ધાન્યને ઇચ્છે છે, તેમજ વાદળાં વિના વૃષ્ટિને વાંચ્છે છે. આ એક બાલીશતા છે. મહામોહનું કૂટ નાટક છે. ૭૪

उत्तमकुलसंपत्तिं सुहनिप्फत्तिं च कुणइ जिणभत्ती।
मणियारसिट्ठिजीवस्स दद्दुरस्सेव रायगिहे ॥ ७५ ॥

आराहणापुरस्सरमणन्नहियओ विसुद्धलेसाओ।
संसारक्खयकरणं तं मा मुंची नमुक्कारं ॥ ७६ ॥

अरिहंतनमुक्कारोऽवि हविज्ज जो मरणकाले।
सो जिणवरेहिं दिट्ठो संसारुच्छेअणसमत्थो ॥७७॥

---

ત્રિલોકનાથ શ્રીજિનેશ્વરદેવની બહુમાનપૂર્વકની ભક્તિના યોગે, રાજગૃહીના મણિયાર શેઠના જીવ દર્દુરક દેવની જેમ પુણ્યવાન આત્માઓને ઉત્તમ કુલની પ્રાપ્તિ તેમજ સુખની સંપત્તિ મળે છે. શ્રીજિનભક્તિનું આ સામાન્ય ફલ છે. પરંપરાયે મોક્ષસુખ પણ પ્રાપ્ત થાય છે. ૭૫

આથી હે મહાનુભાવ! આરાધનામાં આત્માને જોડવાપૂર્વક અનન્ય ચિત્તવૃત્તિથી વિશુદ્ધ લેશ્યામાં ઉપયુક્ત બનીને તું સંસારના ક્ષયને કરનાર શ્રીનમસ્કાર મહામંત્રનું મંગળ સ્મરણ કરજે. એ મંત્રને કોઇકાળે તારે ભૂલવો નહિ. ૭૬

કારણકે: શ્રીજિનેશ્વરદેવોએ આ મુજબ કહ્યું છેઃ 'મરણના અવસરે વિશુદ્ધભાવથી શ્રીઅરિહંત પરમાત્માને કરેલો એક પણ નમસ્કાર, પુણ્યવાન આત્માના સંસારરૂપ રોગનો નાશ કરવાને પરમ ઔષધસમાન છે.' ૭૭

मिंठो किलिट्ठकम्मो नमो जिणाणंतिसुकयपणिहाणो।
कमलदलक्खो जक्खो जाओ चोरुत्ति सूलिहओ ॥

भावनमुक्कारविवज्जिआइं जीवेण अकयकरणाइं ।
गहियाणि अ मुक्काणि अ अणंतसो दव्वलिंगाइं ॥

आराहणापडागागहणे हत्थो भवे नमोक्कारो ।
तह सुगइमग्गगमणे रहुव्व जीवस्स अप्पडिहओ ॥

---

જેના પર ચોરીનો આરોપ મૂકાયો હતો; અને રાજાના આદેશથી જેને શૂલીપર ચઢાયો હતો તે માઠાં પાપકર્મોને આચરનાર મહાવત; '**नमो जिणाणं**' એ મુજબના ઉચ્ચારપૂર્વક શુભ ધ્યાનથી કમળના પત્ર જેવાં નેત્રોવાળો **કમલદલાક્ષ** યક્ષ થયો. ૭૮

ભાવપૂર્વકનાં નમસ્કારથી રહિત હોવાને કારણે, અનાદિકાલીન સંસારમાં આત્માએ અનન્તા દ્રવ્યલિંગો ગ્રહણ કર્યાં અને મૂકયાં તે પણ નિરર્થક થયાં, ભાવની શૂન્યતાના યોગે એનું સફળ પરિણામ ન આવી શકયું. ૭૯

શ્રી નમસ્કાર મહામંત્ર, આરાધનારૂપ પતાકાને ગ્રહણ કરવાને સારૂ હાથની જેમ જીવને પરમ સહાયક છે. તેમજ સદ્ગતિના માર્ગમાં નિર્વિઘ્ને લઈ જવાને માટે અપ્રતિહત રથ સમાન છે. ૮૦

अन्नाणीऽवि अ गोवो आराहित्ता मओ नमुक्कारं ।
चंपाए सिट्ठिसुओ सुदंसणो विस्सुओ जाओ ॥८१॥

विज्जा जहा पिसायं सुट्ठुवउत्ता करेइ पुरिसवसं ।
नाणं हिअयपिसायं सुट्ठुवउत्तं तह करेइ ॥ ८२ ॥

उवसमइ किण्हसप्पो जह मंतेण विहिणा पउत्तेणं ।
तह हिययकिण्हसप्पो सुट्ठुवउत्तेण नाणेणं ॥ ८३ ॥

---

અજ્ઞાની એવો ગોવાળ, શ્રીનમસ્કાર મહામંત્રની શ્રદ્ધાપૂર્વકની આરાધાનાના યોગે, મરણને પામી ચંપાનગરીમાં ઋષભદત્ત-શ્રેષ્ઠીને ત્યાં શ્રીસુદર્શનશ્રેષ્ઠી તરિકે જન્મ પામ્યો. ક્રમશઃ સુદર્શન-શ્રેષ્ઠીએ શ્રીજિનકથિત ધર્મને આરાધી અનુત્તર સુખને મેળવ્યું.

પિશાચસાધિની વિદ્યાનું સમ્યગ્ પ્રકારે આરાધન કરવાથી, જેમ સાધક પુરૂષ પિશાચને સ્વવશ કરે છે, તે રીતિયે શ્રીજિનકથિત વિધિ મૂજબ જ્ઞાનનું સમ્યગ્ આરાધન કરવાથી પુણ્યવાન આત્માઓ દુષ્ટ મનરૂપ પિશાચને સ્વાધીન કરે છે. ૮૨

વિધિપૂર્વક આરાધન કરેલા મંત્રપદો જેમ કાળમુખા સર્પના ઝેરને શમાવે છે, તેમ સારી રીતિયે આરાધન કરેલું સમ્યગ્ જ્ઞાન, અશુભ વૃત્તિઓના ઝેરથી ભયંકર મનરૂપ સર્પને સ્વવશ કરે છે.

जह मक्कडओ खणमवि मज्झत्थो अच्छिउं न सक्केइ।
तह खणमवि मज्झत्थो विसएहिं विणा न होइ मणो॥
तम्हा स उट्ठिउमणो मणमक्कडओ जिणोवएसेणं।
काउं सुत्तनिबद्धो रामेअव्वो सुहज्झाणे ॥ ८५ ॥
सूई जहा ससुत्ता न नस्सई कयवरंमि पडिआवि।
जीवोऽवि तह ससुत्तो न नस्सइ गओवि संसारे ॥
खंडसिलोगेहि जवो जइ ता मरणाउ रक्खिओ राया।
पत्तो अ सुसामन्नं किं पुण जिणउत्तसुत्तेणं? ॥८७॥

માંકડાનો સ્વભાવ એ છેઃ ક્ષણવાર પણ તેનાથી નિશ્ચલ રહી શકાતું નથી. અનાદિકાલીન મોહભાવમાં પરવશ મન, આ રીતિયે એક ક્ષણ પણ વિષયોના વિકલ્પો વિના મધ્યસ્થ રહી શકતું નથી. આ કારણે: અસ્થિર મનરુપ મર્કટને, શ્રીજિનકથિત સદુપદેશરુપ સાંકળ સૂત્ર-દોરડાથી બાંધીને શુભ ધ્યાનને વિષે સદાકાલ રમાડવું (વો) જોઇએ. ૮૪ : ૮૫

દોરા-સૂત્રથી પરોવાયેલી સોય, કચરામાં રખડતી હોવા છતાંયે શીઘ્ર મળી રહે છે. તે મુજબ શ્રુતજ્ઞાનરુપ સૂત્રથી સહિત આત્મા સંસારમાં રહેવા છતાંયે અલ્પકાળમાં પોતાના સ્વાભાવિક સ્થાનને મેળવી શકે છે. નાશ પામતો નથી. ૮૬

છૂટા છૂટા લૌકિક શ્લોકોનો મુખપાઠ કરવાના યોગે; શ્રીયવ-રાજર્ષિએ, રાજાનું મરણથી રક્ષણ કર્યું: અને અન્તે તે રાજાએ પણ શ્રદ્ધાવાસિત બની શ્રીચારિત્રધર્મનો સ્વીકાર કર્યો. તો શ્રીજિનકથિત શ્રુતજ્ઞાનની વાતજ શી કરવી? તેનું માહાત્મ્ય, સાચે અનુપમ છે. ૮૭

**अहवा चिलाइपुत्तो पत्तो नाणं तहाऽमरत्तं च ।**
**उवसमविवेगसंवरपयसुमरणमित्तसुअनाणो ॥८८॥**

**परिहर छज्जीववहं सम्मं मणवयणकायजोगेहिं ।**
**जीवविसेसं नाउं जावज्जीवं पयत्तेणं ॥ ८९ ॥**

**जह ते न पिअं दुक्खं जाणिअ एमेव सव्वजीवाणं।**
**सव्वायरमुवउत्तो अत्तोवम्मेण कुणसु दयं ॥ ९० ॥**

---

અથવા મુનિવરની પાસેથી ઉપશમ, વિવેક, અને સંવર એ ત્રણ પદના શ્રવણમાત્રથી, ક્રૂર કર્મોને આચરનાર ચિલાતીપુત્રે, સમ્યગ્ જ્ઞાનને પ્રાપ્ત કર્યું. ક્રમશઃ રત્નત્રયીની નિર્મળ આરાધના કરીને તેણે દેવપણાને મેળવ્યું. ૮૮

આ કારણે: અનશનને સ્વીકારવાને ઉત્સુક એવા તારે જીવના ભેદ વિગેરેને સમ્યગ્ જાણીને, યાવજ્જીવ મન, વચન અને કાયાના શુભ યોગોથી પ્રયત્નપૂર્વક ષટ્કાય-ત્રસસ્થાવર જીવોના વધનો ત્યાગ કરવો જોઇએ. તારા માટે આ શુભ અવસર છે. ૮૯

*વિનેય! તને જેમ દુઃખ પ્રિય નથી, અપ્રિય છે. તે રીતિયે સંસારના સર્વ જીવોને દુઃખ અપ્રિય છે. અનિષ્ટ છે. આ મુજબ જાણીને સર્વ પ્રકારના આદરવડે ઉપયુક્ત બની ધર્મની આરાધનાપૂર્વક તારે જીવદયાનું પાલન કરવું. ૯૦

---

* ગાથા ૧૩૪ સુધી પાંચ મહાપાપોના ત્યાગનો ક્રમશઃ ઉપદેશ છે.

**तुंगं न मंदराओ आगासाओ विसालयं नत्थि ।**
**जह तह जयंमि जाणसु धम्ममहिंसासमं नत्थि ॥**
**सव्वेवि य संबंधा पत्ता जीवेण सव्वजीवेहिं ।**
**तो मारंतो जीवे मारइ संबंधिनो सव्वे ॥ ९२ ॥**
**जीववहो अप्पवहो जीवदया अप्पणो दया होइ ।**
**ता सव्वजीवहिंसा परिचत्ता अत्तकामेहिं ॥ ९३ ॥**

---

જગતમાં મેરૂપર્વતથી કાંઇ ઉંચું નથી. આકાશથી વિશાલ અન્ય કોઇ નથી. તે પ્રકારે શ્રીજિનભાષિત અહિંસા ધર્મ સિવાય જગતને વિષે અન્ય કોઇ ધર્મ નથી. શ્રીજૈનશાસનમાં અહિંસા ધર્મનું વાસ્તવિક સ્વરુપ દર્શાવવામાં આવ્યું છે. એ ધર્મ અન્ય શાસનોમાં શોધ્યો જડે તેમ નથી. ૯૧

સંસારમાં આ જીવે, સર્વ જીવોની સાથે અનેક વેળાએ સર્વ પ્રકારના સંબંધો બાંધ્યા છે. આ કારણેઃ સર્વ જીવો, આ જીવના સંબંધી છે. માટે કોઇપણ જીવની હિંસાને કરનાર જીવ, પોતાના સંબંધી જનોની હિંસાને કરે છે, આ વાત તદ્દન યથાર્થ છે. ૯૨

કોઇપણ અન્ય જીવનો વધ તે આપણો પોતાનોજ વધ છે. તેમજ કોઇપણ અન્ય જીવની દયા તે આપણી જાતનીજ દયા છે. કારણકેઃ પર જીવની હિંસા કે દયાના યોગે, આત્માના ભાવપ્રાણોની હિંસા કે રક્ષા થાય છે. આથી આત્માના સુખને ઇચ્છનારાઓએ સર્વ જીવોની હિંસાને ત્યજવી જોઇએ. ૯૩

जावइआइं दुक्खाइं हुंति चउगइगयस्स जीयस्स ।
सव्वाइं ताइं हिंसाफलाइं निउणं विआणाहि ॥९४॥

जंकिंचि सुहमुआरं पहुत्तणं पयइसुंदरं जं च ।
आरुग्गं सोहग्गं तं तमहिंसाफलं सव्वं ॥ ९५ ॥

पाणोऽवि पाडिहेरं पत्तो छूढोऽवि सुंसमारदहे ।
एगेणवि एगदिणऽज्जिएणऽहिंसावयगुणेणं ॥ ९६ ॥

---

ચાર ગતિમાં ભટકતા જીવે, જે જે ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ વિગેરે દુઃખોને પ્રાપ્ત કર્યાં છે, તે સઘળાંયે દુઃખો હિંસાના ફલરુપ છે. હે વિનેય! આ વસ્તુ સૂક્ષ્મબુદ્ધિથી તારે સમજવી જોઇએ. ૯૪

જગતમાં પ્રભુતા, સુંદરપણું, આરોગ્ય, સુભગતા વગેરે જે કાંઇ ઉદાર સુખો દેખાય છે, તે સર્વનું મૂળ કારણ શ્રીજિનભાષિત અહિંસા ધર્મ છે. અહિંસા વૃક્ષના આ સુમધુર ફળો છે. આ વાત તદ્દન સાચી છે. ૯૫

નિર્દોષ હોવા છતાંયે, ખોટા દોષના, આરોપથી સુસુમારદ્રહમાં ફેંકાયેલો ચંડાલ, એકજ દિવસમાં એક જીવની દયારુપ અહિંસા-વ્રતના ગુણથી દેવની પરમ સહાયને મેળવીને, તે પરંપરાયે અનુપમ સુખનો ભોક્તા બન્યો. જીવદયાનો આ પ્રભાવ છે. ૯૬

**परिहर असच्चवयणं सव्वंपि चउव्विहं पयत्तेणं ।**
**संजमवंतावि जओ भासादोसेण लिप्पंति ॥९७॥**

**हासेण व कोहेण व लोहेण भएण वावि तमसच्चं ।**
**मा भणसु भणसु सच्चं जीवहिअत्थं पसत्थमिणं ॥**

**विस्ससणिज्जो माया व होइ पुज्जो गुरुव्व लोअस्स ।**
**सयणुव्व सच्चवाई पुरिसो सव्वस्स होइ पिओ ॥९९॥**

---

હે વિનેય! ચારેય પ્રકારનાં અસત્ય વચનનો સર્વ પ્રકારે તું ત્યાગ કર. કારણકેઃ સંયમવાન આત્માઓ પણ ભાષાના દોષથી લેપાય છે. અસત્યના ચાર પ્રકારો આ રીતે છેઃ ૧ અછતાંનું પ્રગટ કરવું. ૨ બીજા શબ્દથી બીજો અર્થ કહેવો. ૩ છતાંનો અપલાપ કરવો. ૪ ખોટી નિંદા કરવી. ૯૭

તેમજ હે મુમુક્ષુ! હાસ્યથી, ક્રોધથી, લોભથી કે ભયથી તું અસત્ય વચન કદિ ન બોલ. કદાચ બોલવાનો અવસર હોય તો જીવને હિતકર અને પ્રશસ્ત વચન તારે બોલવું. ૯૮

સત્યવાદી પુરૂષ માતાની પેઠે વિશ્વાસ રાખવા લાયક બને છે. ગુરૂની જેમ સર્વને માટે પૂજવા યોગ્ય હોય છે. અને સ્વજનવર્ગની જેમ સૌને પ્રિય-વલ્લભ થાય છે. ૯૯

होउ व जडी सिहंडी मुंडी वा वक्कली व नग्गो वा।
लोए असच्चवाई भन्नइ पासंडचंडालो ॥ १०० ॥

अलिअं सइंपि भणिअं विहणइ बहुआइं सच्चवयणाइं
पडिओ नरयंमि वसू इक्केण असच्चवयणेणं ॥१०१॥

मा कुणसु धीर! बुद्धिं अप्पं व बहुं व परधणं घित्तुं।
दंतंतरसोहणयं किलिंचमित्तंपि अविदिन्नं ॥१०२॥

---

જટાધારી હોય કે શિખાધારી હોય, મુંડમસ્તકવાળો હોય કે ઝાડની છાલને ધારણ કરનાર હોય; અથવા સર્વાંગ નગ્ન હોય તો પણ અસત્યવાદી એવો તે, લોકને વિષે પાખંડી યા ચાંડાલ તરિકે ઓળખાય છે. સામાન્ય લોકમાં પણ અસત્યવચન આ મુજબ નિન્દનીય ગણાય છે. ૧૦૦

એક વેળાયે પણ અસત્ય વચનનો ઉચ્ચાર, પૂર્વકાલના ઘણા સત્ય વચનોનો નાશ કરે છે. આ કારણે સત્યવાદી તરિકે પ્રખ્યાત થયેલ વસુરાજા, એક વેળાના એકજ અસત્ય વચનથી નરકગતિમાં ગયો. ૧૦૧

વળી હે ધીર! થોડું કે વધારે પારકું ધન ગ્રહણ કરવાની બુદ્ધિને તું હવે ત્યજી દે. કારણકેઃ દાંતને ખોતરવાની લાકડાની સળી માત્ર પણ પૂછ્યા વિના લેવાની બુદ્ધિ કરવાથી મહાદોષ લાગે છે. ૧૦૨

**जो पुण अत्थं अवहरइ तस्स सो जीविअंपि अवहरइ।**
**जं सो अत्थकएणं उज्झइ जीअं न उण अत्थं।१०३।**

**तो जीवदयापरमं धम्मं गहिऊण गिण्ह माऽदिन्नं।**
**जिणगणहरपडिसिद्धं लोगविरुद्धं अहम्मं च ॥१०४॥**

**चोरो परलोगंमिऽवि नारयतिरिएसु लहइ दुक्खाइं।**
**मणुअत्तणेवि दीणो दारिद्दोवद्दुओ होइ ॥ १०५ ॥**

---

જે પુરૂષ, પરને પૂછ્યા વિના તેના ધનને હરી લે છે, તે તેનાં જીવિતનો નાશ કરનાર બને છે, કારણ સ્પષ્ટ છેઃ જગતના જીવો પૈસાને માટે પોતાના પ્રાણો આપી દે છે. પણ પૈસા મળતો નથી. પ્રાણો કરતાંયે પૈસાનું મહત્ત્વ અવસરે વધે છે. ૧૦૩

માટે હે વિનેય! જીવદયાપ્રધાન શ્રીજિનધર્મને મેળવીને, તું કદિકાળે અદત્ત વસ્તુને ગ્રહણ કરતો મા, આથીજ શ્રીજિનેશ્વરદેવોએ તથા ગણધર ભગવન્તોએ; અદત્તાદાનનો સ્પષ્ટ નિષેધ કરેલો છે. વળી આ પાપ, લોકવિરૂદ્ધનું અધર્મ કાર્ય ગણાય છે. ૧૦૪

અદત્તાદાનરુપ પાપકાર્યનો વિપાક ભયંકર છે. કારણકેઃ ચોરીને કરનારા ચોર લોકો પરલોકમાં નરક, તિર્યંચ આદિ દુર્ગતિઓમાં ભયંકર યાતનાઓને ભોગવે છે. વળી મનુષ્યગતિમાં દીન, હીન તેમજ દરિદ્રતાથી પીડાયેલા રહે છે. ૧૦૫

चोरिक्कनिवित्तीए सावयपुत्तो जहा सुहं लहई ।
किढि मोरपिच्छचित्तिअ गुट्ठीचोराण चलणेसु ।१०६।

रक्खाहि बंभचेरं बंभगुत्तीहिं नवहिं परिसुद्धं ।
निच्चं जिणाहि कामं दोसपकामं विआणित्ता ॥१०७॥

जावइआ किर दोसा इहपरलोए दुहावहा हुंति ।
आवहइ ते उ सव्वे मेहुणसन्ना मणूसस्स ॥१०८॥

---

સંગદોષથી ચોરલોકોના ટોળામાં ભળેલો શ્રાવકપુત્ર, એક અવસરે ચોરીના પાપથી નિવૃત્ત થવાના કારણે સુખને પામ્યો. એ આ રીતિયે: એક નગરમાં કીઢી નામની ડોશીને ત્યાં ચોરીને સારૂ ચોરો આવ્યા, નિયમ હોવાથી શ્રાવકપુત્ર, તેઓની સાથે નથી. ડોશીએ ચોરોના પગોમાં મોરપિંછથી અંગૂઠો ચીતર્યો. તેથી શ્રાવકપુત્ર સિવાય રાજાએ સૌને પકડીને શિક્ષા કરી. ૧૦૬

વળી હે ધીર ! નવ પ્રકારની બ્રહ્મગુપ્તિથી વિશુદ્ધ બ્રહ્મચર્ય વ્રતનું તારે રક્ષણ કરવું તથા દોષોના અત્યન્ત સ્થાનસમા કામને તારે સદા જીતવો. ૧૦૭

આ લોક કે પરલોકને વિષે, જીવોના દુઃખની પરંપરાનું કારણ જે જે દોષો છે, તે સઘળાયે દોષોનું મૂળ ઉત્પત્તિસ્થાન મૈથુનસંજ્ઞા છે. આ કારણે મૈથુનસંજ્ઞાને ત્યજવી જોઇએ કલ્યાણનો આ વાસ્તવિક માર્ગ છે. ૧૦૮

रइअरइतरलजीहाजुएण संकप्पउब्भडफणेणं ।
विसयबिलवासिणा मयमुहेण विब्बोअरोसेणं ॥

कामभुअंगेण दट्ठा लज्जानिम्मोअदप्पदाढेणं ।
नासंति नरा अवसा दुस्सहदुक्खावहविसेणं ॥११०॥

लल्लक्कनिरयविअणाओ घोरसंसारसायरुव्वहणं ।
संगच्छइ न य पिच्छइ तुच्छत्तं कामिअसुहस्स ॥

---

રતિ અને અરતિરૂપ ચંચળ જીહ્વાયુક્ત, સંકલ્પરૂપ પ્રચંડ ફણાને ધરનાર તેમજ બીલની પેઠે વિષયોમાં વસનાર; વળી મદ-રૂપ ભયંકર મુખવાળો કામચેષ્ટારૂપ દારૂણ ફુંફાડાને મારનાર તથા લજ્જારુપ કાંચળીને ત્યજી દેનાર અહંકારરુપ ઝેરીલી દાઢવાળો અને દુઃસહ દુઃખને કરનારા તીવ્ર વિષથી વ્યાપ્ત એવા કામરૂપ સર્પના ડંશથી રીબાતા પરાધીન જીવો નાશને પામે છે. મરણને શરણ બને છે. હા!! કામની પીડા કારમી છે. ૧૦૯ : ૧૧૦

કામી જીવો, કામની આધીનતાના યોગે અનેક પ્રકારનાં પાપકર્મો કરીને, લલ્લકનામના નરકાવાસમાં રૌદ્ર દુઃખોને વેદે છે. તેમજ દારૂણ સંસાર સાગરનું વહન કરે છે. છતાંયે કામસુખોની તુચ્છતાને, કે પરિણામ કટુતાને સમજી શકતા નથી. ૧૧૧

वम्महसरसयविद्धो गिद्धो वणिउव्व रायपत्तीए ।
पाउक्खालयगेहे दुग्गंधेऽणेगसो वसिओ ॥११२॥

कामासत्तो न मुणइ गम्मागम्मंपि वेसिआणुव्व ।
सिट्ठी कुबेरदत्तो निअयसुआसुरयरइरत्तो ॥११३॥

पडिपिल्लिअ कामकलिं कामग्घत्थासु मुअसु अणुबन्धं ।
महिलासु दोसविसवल्लरीसु पयइं नियच्छंतो ।११४।

---

કામના સેંકડો બાણોથી વિંધાયેલો શ્રેષ્ઠીપુત્ર લલિતાંગ, રાજાની પટ્ટરાણીના રૂપમાં આસકત બનવાના યોગે પાયખાનાની ગંદકીમાં લાંબા કાળ સુધી વિટંબણાને પામ્યો. હા! વિષયસુખોની આસક્તિના યોગે જીવો રીબાય છે. ૧૧૨

હા! અતિ ખેદની વાત છે: કામથી આંધળા બનેલા જીવો, પોતાની માતાને ભોગવનાર વૈશ્યાયનતાપસની જેમ ગમ્ય કે અગમ્યનો વિવેક કરી શકતા નથી. વળી કુબેરદત્ત શ્રેષ્ઠીની પેઠે પોતાની માતાની સાથે અને બ્હેનની સાથે વિષયની ક્રીડા કરતાં પણ શરમાતા નથી. ૧૧૩

કામવિષયોથી પૂર્ણ, આ કારણેઃ દોષોરૂપ વિષની વિશાળ વેલડીઓ સમી સ્ત્રીઓને વિષે; કામક્રીડાથી ઉદ્ભવતા અતિ આસક્તિભાવને; હે વિનેય! તારે સર્વથા ત્યજી દેવો જોઇએ. ૧૧૪

महिला कुलं सुवंसं पियं सुअं मायरं च पिअरं च ।
विसयंधा अगणंती दुक्खसमुद्दम्मि पाडेइ ॥११५॥
नीअंगमाहिं सुपओहराहिं उप्पिच्छमंथरगईहिं ।
महिलाहिं निन्नयाहि व गिरिवरगुरुआवि भिज्जंति ॥
सुट्ठुवि जिआसु सुट्ठुवि पिआसु सुट्ठुवि परूढपेमासु ।
महिलासु भुअंगीसु व वीसंभं नाम को कुणइ? ॥

---

વિષયોમાં અંધ બનેલી શીલવિમુખ સ્ત્રીઓનો એ સ્વભાવ છે: કે 'કુલ, સુવંશ, પ્રિય, પુત્ર, માતા કે પિતા વગેરે સ્નેહી જનોના સ્નેહને ભૂલીને પણ અવસરે સૌને દુઃખસમુદ્રમાં ફેંકે છે.' હા! વિષયોની અભિલાષા વિષમ છે. ૧૧૫

*સુંદર અને મંદગતિને કરનારી, જળપૂર્ણ પ્રવાહોને વહન કરનારી અને નીચાણવાળા પ્રદેશમાં ગમના કરવાના સ્વભાવવાળી નદીની જેમ; વિષયવિકારને પરવશ બનેલી સ્ત્રીઓ, સાચેજ મેરૂ-પર્વત જેવા અડગ આત્માઓને પણ અવસરે ભેદી નાખે છે. ૧૧૬

સારી રીતિયે પરિચિત ભાવને પામેલી, અતિશય પ્રિયપણાને મેળવી ચૂકેલી વળી ખુબજ પ્રેમના પાત્રરૂપ બનેલી પણ સ્ત્રીઓ, અવસરે કામની આધીનતાના કારણે વિકરાળ સાપણરુપ બને છે. ખરૂં છે કે: સ્ત્રીઓને વિષે કોણ વિશ્વાસ રાખી શકે? ૧૧૭

---

*મૂળ ગાથામાં નદીને જે વિશેષણો મૂકયા છે, તે સ્ત્રીપક્ષમાં પણ ઘટી શકે છે.

वीसंभनिब्भरंपि हु उवयारपरं परूढपणयंपि ।
कयविप्पिअं पिअं झत्ति निंति निहणं हयासाओ ॥

रमणाअदंसणाओ सोमालंगीओ गुणनिबद्धाओ ।
नवमालइमालाउ व हरंति हिअयं महिलिआओ ॥

किं तु महिलाण तासिं दंसणसुंदेरजणिअमोहाणं ।
आलिंगणमइरा देइ वज्झमालाण व विणासं ।१२०।

---

એક વેળાએ વાંકું પડતાં કામની પરવશતાના યોગે જેની આશાઓ હણાઇ ગઇ છે એવી અધમ સ્ત્રીઓ અતિ વિશ્વાસને રાખનાર, ઉપકાર પરાયણ અને પ્રેમને ધારણ કરનાર પોતાના પરમ આધારરૂપ પતિને પણ શીઘ્ર મારી નાખે છે. ૧૧૮

દેખાવમાં મનોરમ, સુકુમાર અંગવાળી, કળાગુણથી સુંદર સ્ત્રીઓ, નવા જાઇના પુષ્પોની માળાની જેમ ભટકતા ભ્રમરોરુપ કામપરવશ પુરૂષોના નિર્બળ હૃદયોને ખીંચે છે. ૧૧૯

દેખાવની સુંદરતાથી સ્ત્રીઓને વિષે મોહમૂઢ બનનારા આત્માઓ, તે સ્ત્રીઓના આલિંગનરુપ મદિરાનું પાન કરે છે. આ કારણે; *વધ્ય પુરૂષને ગળે પહેરાવવામાં આવતી કણેરની માળાની જેમ સ્ત્રીઓ તેઓનો નાશ કરે છે. ૧૨૦

---

*પૂર્વકાલીન રાજ્યશાસનોમાં એ નિયમ હતો: કે શૂળીએ ચઢાવવામાં આવનાર વધ્યપુરૂષના ગળામાં કણેરના પુષ્પોની માળા પહેરાવવામાં આવતી.

रमणीण दंसणं चेव सुंदरं होउ संगमसुहेणं ।
गंधुच्चिय सुरहो मालईइ मलणं पुण विणासो ॥
साकेअपुराहिवइ देवरई रज्जसुक्खपब्भट्ठो ।
पंगुलहेतुं छूढो बुढो अ नईइ देवीए ॥ १२२ ॥
सोअसरी दुरिअदरी कवडकुडी महिलिआ किलेसकरी ।
वइरविरोअणअरणी दुक्खखणी सुक्खपडिवक्खा ॥

---

ખરેખર સ્ત્રીઓનું દર્શન સુંદર છે. પણ તે સુંદરતાની પૂંઠે મોહનો વિકરાળ સર્પ ફૂંફાડા મારી રહ્યો છે. માટે તેના સંગમના સુખોથી સર્યું. મનોહર પુષ્પોની સુગંધ મ્હેકતી માળાઓનું મર્દન કરવાથી તે માળાઓનો નાશ થાય છે. તેમ સ્ત્રીના સંગમથી પુરૂષ અને સ્ત્રી બન્નેના બલ, કાન્તિ, શરીરસ્વાસ્થ્ય, અને આત્માનો નાશ થાય છે. १२१

સાકેતનગરનો અધિપતિ દેવરતિ નામનો રાજા, કેવળ વિષય-સેવનની અતિશય આસક્તિના યોગે રાજ્યના સુખોથી ભ્રષ્ટ થયો. વિશ્વાસભાજન, પ્રેમપાત્ર રાણીએ પાંગળા પરના રાગના કારણે તે રાજાને નદીમાં ફેંકી દીધો. અને તે નદીમાં ડૂબ્યો. હા! વિષયોની લાલસાનું ભયંકર પાપ!! १२२

તત્ત્વજ્ઞાની પુરૂષો કહે છેઃ ‘વિષયોની આધીનતાના કારણે, સ્ત્રીઓ શોકની નદી છે. પાપકર્મોનું નિવાસસ્થાન ગુફા છે. કપટની કેવળ કોટડી છે, કલેશને કરનાર છે, અને વૈરના અગ્નિની ઉત્પત્તિનું કારણ અરણીકાષ્ઠ છે. દુઃખોની ખાણ છે, તથા સર્વ પ્રકારના સુખોની પ્રતિપક્ષ છે.’ १२३

अमुणिअमणपरिकम्मो सम्मं को नाम नासिउं तरइ।
वम्महसरपसरोहे दिट्ठिच्छोहे मयच्छीणं ? ॥१२४॥

घणमालाओ व दूरुन्नमंतसुपओहराउ वड्ढंति ।
मोहविसं महिलाओ अलक्कविसं व पुरिसस्स ॥

परिहरसु तओ तासिं दिट्ठिं दिट्ठीविसस्स व अहिस्स।
जं रमणिनयणबाणा चरित्तपाणे विणासंति ॥१२६॥

---

જેઓએ સત્શાસ્ત્રના પરિશીલનથી, સુગુરૂઓના ઉપદેશથી મનને સાચી રીતિયે કેળવ્યું નથી એવા પુરૂષો, વિષયવિવશ સ્ત્રીઓના કામરુપ બાણોના સમૂહ સમા નયનના કટાક્ષો, શરીરની લલિત ચેષ્ટાઓ, મનોહર ગતિ વગેરેના યોગે કઇ રીતિયે અહિતના માર્ગથી આઘા ખસી શકે? ૧૨૪

અતિ ઉન્નત, દૂર એવી ઘનઘોર મેઘની ઘટાઓ જેમ હડકાયેલા કુતરાના હડકવાના ઝેરને વધારી મૂકે છે. તે રીતિયે ઉન્નત સ્તનવાળી મનોહર સ્ત્રીઓ દૂરથી પણ મોહરૂપ હડકવાના ઝેરથી પરાધીન બનેલ પુરૂષોના મોહઝેરને વધારનારી બને છે. ૧૨૫

આ કારણેઃ હે ભદ્ર! દૃષ્ટિવિષ સર્પની જેમ વિષયાધીન સ્ત્રીઓના પરિણામ કટુ દૃષ્ટિપાતને તું સર્વથા ત્યજી દે. એ વાત સાચી છેઃ 'વિષયોની સાક્ષાત્ મૂર્તિસમી સ્રીઓનાં નેત્રો બાણની જેમ પુરૂષોના નિર્મળ ચારિત્રરુપ પ્રાણોનો નાશ કરે છે.' ૧૨૬

महिलासंसग्गीए अग्गी इव जं च अप्पसारस्स ।
मयणं व मणो मुणिणोऽवि हंत सिग्घं चिअ विलाइ ॥

जइवि परिचत्तसंगो तवतणुअंगो तहावि परिवडइ ।
महिलासंसग्गीए कोसाभवणूसिअव्व रिसी ॥१२८॥

सिंगारतरंगाए विलासवेलाइ जुव्वणजलाए ।
पहसिअफेणाइ मुणी नारिनईए न बुड्डंति ॥ १२९ ॥

---

અગ્નિના સંસર્ગમાત્રથી જેમ મીણુ ઓગળી જાય, તેમ કામપરવશ સ્ત્રીઓના કેવળ સંસર્ગના યોગે અલ્પસત્ત્વવાળા વૈરાગ્યવાસિત મુનિજનોના શુભ પરિણામ પણ શીઘ્ર નાશને પામે છે. હા! કામની દશા કારમી છે. १२७

જો કે અન્ય સર્વ પ્રકારનાં સંસર્ગથીદૂર રહેલા, કઠોર તપથી શરીરને શોષવી નાખનારા મહામુનિઓ પણ કોશાના ઘરમાં એક દિવસ રહેનારા સિંહગુફાવાસી મુનિની જેમ ક્ષણમાત્રમાં પતનને પામે છે. १२८

શૃંગારરુપ ઉછળતાં તરંગોવાળી; અનેક પ્રકારનાં હાવભાવ, વિલાસ, કટાક્ષોસ્વરુપ ભરતીવાળી; મનોરમ યૌવનજળથી અતિશય ઘૂઘવાતી-તોફાને ચઢેલી; હાસ્ય, ક્રીડા વગેરે ફેણુથી ચોમેર અવાજો કરતી અપાર સ્ત્રીનદીમાં ધીર મુનિવરો નથી ડુબતા. १२९

विसयजलं मोहकलं विलासबिब्बोअजलयराइन्नं ।
मयमयरं उत्तिन्ना तारुन्नमहन्नवं धीरा ॥ १३० ॥

अब्भिंतरबाहिरए सव्वे संगे (गंथे) तुमं विवज्जेहि ।
कयकारिअणुमईहिं कायमणोवायजोगेहिं ॥१३१॥

संगनिमित्तं मारइ भणइ अलीअं करेइ चोरिक्कं ।
सेवइ मेहुण मुच्छं अप्परिमाणं कुणइ जीवो ।१३२।

---

વિષયોરૂપ જળથી પરિપૂર્ણ; મોહરૂપ કાદવથી સંકળાયેલ; વિલાસ અને અભિમાન સમા જલચર જીવોથી અપાર; મદરૂપ મહામગરમચ્છોથી ભયંકર યૌવનવયરૂપ સમુદ્રને સાચેજ ધીર પુરૂષો સુખપૂર્વક તરી ગયા છે. ૧૩૦

હે કલ્યાણકામી! કરવા, કરાવવા અને અનુમોદવા દ્વારાયે કાય, મન, તેમજ વચનના વ્યાપારોથી; ધન, ધાન્ય વગેરે બાહ્ય તથા કામ, ક્રોધ આદિ આન્તર પરિગ્રહને તું ત્યજી દે. ૧૩૧

કારણ કેઃ પરિગ્રહ એ સર્વ પાપનું મૂળ છે. પરિગ્રહની મૂર્ચ્છાના યોગે મોહમૂઢ બનેલો જીવ, હિંસાને કરે છે, જૂઠું બોલે છે. ચોરીને કરે છે, મૈથુન સેવે છે. અને પરિણામ રહિત મૂર્ચ્છાને પણ વધારે છે. આથી મૂર્ચ્છા એ સર્વ પ્રકારે ત્યાજ્ય છે. ૧૩૨

संगो महाभयं जं विहेडिओ सावएण संतेणं ।
पुत्तेण हिए अत्थंमि मुणिवई कुंचिएण जहा ।१३३।

सव्वग्गंथविमुक्को सीईभूओ पसंतचित्तो अ ।
जं पावइ मुत्तिसुहं न चक्कवट्टीवि तं लहइ ॥१३४॥

निस्सल्लस्सेह महव्वयाइं अक्खंडनिव्वणगुणाइं ।
उवहम्मंति अ ताइं नियाणसल्लेण मुणिणोऽवि ।१३५

---

પરિગ્રહ મહાભયરૂપ છે. કારણ કેઃ સઘળાંયે ભયો પરિગ્રહના યોગે જન્મે છે. શાસ્ત્રમાં એક પ્રસંગ આવે છે; પોતાના પુત્રે પૂછયા વિના ભંડારમાંથી ધનને ઉપાડયું, આ વસ્તુથી અજ્ઞાત પણ મૂર્છા મૂઢ શ્રાવક પરિગ્રહની મમતાના કારણે મુનિપતિનામના સાધુને કૂંચીથી મારે છે. ૧૩૩

સર્વપ્રકારના પરિગ્રહથી મૂકાયેલા; શીતળ અને સ્વસ્થ; પ્રશાન્ત મનોવૃત્તિવાળા તેમજ સંવેગરસના નિર્મળ ઝરણાઓમાં સ્નાન કરનારા મહામુનિવરો, જે પ્રકારે નિર્લોભદશાના પરમસુખનો આસ્વાદ કરે છે. તે સુખસાગરના બિન્દુનો પણ સ્વાદ મહાન ચક્રવર્તિઓ લઈ શકતા નથી. ૧૩૪

અનશનને સ્વીકારવાને ઉદ્યત થયેલ હિતકામી આત્માએ, અવશ્ય સર્વપ્રકારના શલ્યોને તેમજ વિશેષતઃ નિદાનશલ્યને ત્યજવું જોઇએ. કારણ કેઃ કેવળ નિદાનશલ્યના યોગે, સાધુના અખંડિત તેમજ અતિચાર વિનાના મહાવ્રતો પણ હણાઇ જાય છે. ૧૩૫

**अह रागदोसगब्भं मोहग्गब्भं च तं भवे तिविहं ।**
**धम्मत्थं हीणकुलाइपत्थणं मोहगब्भं च ॥ १३६ ॥**

**रागेण गंगदत्तो दोसेणं विस्सभूइमाईआ ।**
**मोहेण चंडपिंगलमाईआ हुंति दिट्ठंता ॥ १३७ ॥**

**णिअ जो मुक्खसुहं कुणइ निआणं असारसुहहेउं ।**
**सो कायमणिकएणं वेरुह्लिअमणिं पणासेइ ॥१३८॥**

---

આ નિદાનશલ્યના ત્રણ પ્રકારો છે. જે આ રીતિયે: ૧ રાગ-ગર્ભ, ૨ દ્વેષગર્ભ, ૩ મોહગર્ભ; ૧ રાગવૃત્તિથી જે નિદાન કરવું તે રાગગર્ભ. ૨ દ્વેષના અંગે દુર્ધ્યાનથી પ્રેરાઇને નિદાન કરવું તે દ્વેષગર્ભ. ૩ જ્યારે ધર્મની આરાધના માટે કુલાદિકની પ્રાર્થના તે મોહગર્ભ–અજ્ઞાનગર્ભ. આ મુજબ ત્રણ નિદાનો સમજવા. ૧૩૬

આ ત્રણેય પ્રકારના નિદાનશલ્યને અંગે શાસ્ત્રોમાં આ મુજબ દૃષ્ટાંતો આવે છે: 'રાગગર્ભ નિદાનને અંગે ગંગદત્ત વિગેરે, દ્વેષ-ગર્ભ નિદાનને અંગે **વિશ્વભૂતિ** આદિ, તેમજ મોહગર્ભ નિદાનને અંગે ચંડપિંગલ પ્રમુખ;'–આ આત્માઓ આ પ્રકારના નિદાન કરવાના યોગે વિરાધકભાવને પામ્યા હતા. ૧૩૭

મોક્ષના પરમસુખની અવગણના કરીને, કેવળ અસાર પૌદ્‌ગ-લિક સુખોની ખાતર જે આત્માઓ નિદાનને કરે છે. તે આત્માઓ કાચના ટુકડાની ખાતર વૈડૂર્ય મણિનો નાશ કરે છે. ૧૩૮

दुक्खक्खय कम्मक्खय समाहिमरणं च बोहिलाभो अ।
एअं पत्थेअव्वं न पत्थणिज्जं तओ अन्नं ॥ १३९ ॥

उज्झिअनिआणसल्लो निसिभत्तनिअत्तिसमिइगुत्तीहिं।
पंचमहव्वयरक्खं कयसिवसुक्खं पसाहेइ ॥ १४० ॥

इंदिअविसयपसत्ता पडंति संसारसायरे जीवा।
पक्खिव्व छिन्नपक्खा सुसीलगुणपेहुणाविहूणा ॥

---

પરમસુખની અભિલાષાવાળા પુણ્યવાન આત્માઓને માટે આટલીજ વસ્તુઓ પરમાર્થથી પ્રાર્થનીય રહે છે. તે આઃ '૧ સર્વ દુઃખનો ક્ષય, ૨ દુઃખના કારણભૂત સર્વ કર્મોનો ક્ષય, ૩ સમાધિમરણ, અને ૪ બોધિબીજનો લાભ'—આ સિવાય અન્ય કાંઇ પ્રાર્થનીય રહેતું નથી. ૧૩૯

રાત્રિભોજનની નિવૃત્તિ, પાંચસમિતિ અને ત્રણગુપ્તિ, આ ઉત્તરગુણોના પાલનથી; મોક્ષસુખના પરમકારણભૂત પાંચ મહાવ્રતોનું રક્ષણ કરનાર પુણ્યવાન આત્માએ નિદાનશલ્યનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ૧૪૦

ઇંદ્રિયોના વિષયોમાં આસક્ત બનેલા મોહમૂઢ જીવો; સુશીલતાગુણથી રહિત બની પીંછાઓ વિનાના અને છેદાયેલી પાંખોવાળા પંખીઓની જેમ સંસારરૂપ સાગરમાં ડુબી મરે છે. ૧૪૧

न लहइ जहा लिहंतो मुहिल्लिअं अट्ठिअं रसं सुणओ।
सो तइ तालुअरसिअं विलिहंतो मन्नए सुक्खं ॥

महिलापसंगसेवी न लहइ किंचिवि सुहं तहा पुरिसो।
सो मन्नए वराओ सयकायपरिस्समं सुक्खं ॥१४३॥

सुट्ठुवि मग्गिज्जंतो कत्थवि केलीइ नत्थि जह सारो।
इंदिअविसएसु तहा नत्थि सुहं सुट्ठुवि गविट्ठं ॥

---

તદ્દન સૂકાઈ ગયેલા, રસવિનાના હાડકાના ટુકડાને બચકાં ભરનારો કુતરો જેમ હાડકાના રસને મેળવી શકતો નથી, કેવળ પોતાના તાળવાને ઘસે છે, અને એ તાળવામાંથી નીકળતા લોહીનો સ્વાદ કરવામાં તે સુખ માને છે. તે રીતિયે સ્ત્રીઓની સાથે ભોગોને ભોગવનારો કામમૂઢ પુરૂષ કાંઈપણ સુખને મેળવી શકતો નથી. માત્ર ભોગવટાની વેળાના પોતાના કાયપરિશ્રમને તે અનુભવે છે. અને મોહની તીવ્ર મૂર્ચ્છાના યોગે બિચારો જીવ તેમાં સુખની કલ્પના કરે છે. ૧૪૨ : ૧૪૩

સારી રીતિયે શોધવા છતાંયે કેળના ગર્ભમાં જેમ કોઈપણ સ્થાને સાર નથી. તેમ સર્વ પ્રકારે ગવેષણા કરવા છતાંયે ઈંદ્રિયોના વિષયોમાં પારમાર્થિક સુખનો એક અંશ પણ નથી. ૧૪૪

सोएण पवसिअपिआ चक्खूराएण माहुरो वणिओ ।
घाणेण रायपुत्तो निहओ जीहाइ सोदासो ॥१४५॥

फासिंदिएण दुट्ठो नट्ठो सामालिआमहीपालो ।
इक्किक्केणवि निहया किं पुण जे पंचसु पसत्ता ? ॥

विसयाविक्खो निवडइ निरविक्खो तरइ दुत्तरभवोहं ।
देवीदेवसमागयभाउयजुअलं व भणिअं च ॥१४७॥

---

એક એક ઇન્દ્રિયની આધીનતાના યોગે; આલોક, પરલોક અને ઉભયલોકમાં અનેક પ્રકારના અનર્થો ઉત્પન્ન થાય છે. શાસ્ત્રમાં આને અંગે આ મુજબ દૃષ્ટાંતો છેઃ '૧ શ્રોત્ર ઇન્દ્રિયથી પરદેશ ગયેલા વાણકની સ્ત્રી, ૨ ચક્ષુ ઇન્દ્રિયથી માથુર વણિક, ૩ ઘ્રાણ ઇન્દ્રિયથી રાજપુત્ર, ૪ જિહ્વા ઇન્દ્રિયથી સૌદાસરાજા, ૫ સ્પર્શના ઇન્દ્રિયથી દુષ્ટ સુકુમાલિકાનો પતિ; આ પ્રકારે કેવળ એક એક ઇન્દ્રિયના વિષયની આસક્તિના યોગે આ લોકો નાશ પામ્યા.' તો જેઓ પાંચેય ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત રહે છે, તે વિષયમૂઢ આત્માઓની શી દશા? **૧૪૫ : ૧૪૬**

વિષયોની અપેક્ષા રાખનારો જીવ; દુસ્તર ભવસાગરમાં ડૂબી મરે છે. જ્યારે વિષયોની અપેક્ષા વિનાનો જીવ; અપાર ભવસાગરને તરી જાય છે. જેમ દેવીના હાવભાવમાં મૂંઝાઇ જનાર **જિનપાલિત** અપાર સાગરમાં ડૂબી ગયો. જ્યારે દેવીની અપેક્ષાથી પર બનેલો **જિનરક્ષિત** દેવની સહાયથી ઇષ્ટસ્થાને પહોંચ્યો. **૧૪૭**

छलिआ अवयक्खंता निरावयक्खा गया अविग्घेणं।
तम्हा पवयणसारे निरावयक्खेण होअव्वं ॥१४८॥

विसए अवियक्खंता पडंति संसारसायरे घोरे ।
विसएसु निराविक्खा तरंति संसारकंतारं ॥१४९॥

ता धीर! धीबलेणं दुद्दंते दमसु इंदिअमइंदे ।
तेणुक्खयपडिवक्खो हराहि आराहणपडागं ॥१५०॥

---

રાગની અપેક્ષા રાખનારા આત્માઓ ઠગાયા છે. પોતાનું અહિત કરનારા બન્યા છે. અને રાગની અપેક્ષાને સર્વથા ત્યજી દેનારા મહાનુભાવ પુરૂષો નિર્વિઘ્નતાપૂર્વક પોતાના ઇષ્ટને મેળવી શક્યા છે. આ કારણેઃ પ્રવચનના સારને પામનાર આત્માઓએ રાગ આદિથી નિરપેક્ષ રીતિયે રહેવું જોઇએ. ૧૪૮

સાચેજ વિષયોની અપેક્ષા રાખનારા મોહમૂઢ જીવો ઘોર સંસારસાગરમાં પડે છે. તથા વિષયોથી તદ્દન નિરપેક્ષ રહેનારા પુણ્યવાન આત્માઓ ભીમ સંસાર અટવીને લંઘી જાય છે. ૧૪૯

આ કારણેઃ હે ધીર! દુઃખપૂર્વક દમી શકાય તેવા ઇન્દ્રિયો રૂપ સિંહોને તું ધીરતારૂપ બળથી દમ. આમ કરવાથી રાગ, દ્વેષ વગેરે આન્તર શત્રુગણના વિજયને પ્રાપ્ત કરી, તું આરાધનાની પતાકાનો સ્વીકાર કર. ૧૫૦

कोहाईण विवागं नाऊण य तेसि निग्गहेण गुणं।
निग्गिणह तेण सुपुरिस! कसायकलिणो पयत्तेणं ॥
जं अइतिक्खं दुक्खं जं च सुहं उत्तमं तिलोईए।
तं जाण कसायाणं वुड्ढिक्खयहेउअं सव्वं ॥१५२॥
कोहेण नंदमाई निहया माणेण परसुरामाई।
मायाइ पंडरज्जा लोहेणं लोहनंदाई ॥ १५३ ॥

---

વળી ક્રોધ આદિ કષાયોના વિપાકને જાણીને તેના નિગ્રહના ગુણને તું સમજ. આ કારણેઃ હે સુપુરૂષ! પરમજ્ઞાની પુરૂષોએ ફરમાવેલ વિધિપૂર્વકના પ્રયત્નથી કષાયોરુપ કલેશનો તું શીઘ્ર નિગ્રહ કર. ૧૫૧

ત્રણેય લોકમાં જે અતિ દારૂણ દુઃખ છે, તે સઘળાનું એક અને અનન્ય કારણ ક્રોધાદિ કષાયોની વૃદ્ધિ છે. તેમજ સમસ્ત જગતમાં જે ઉત્તમ સુખ છે, તે સર્વનો હેતુ કષાયોનો ક્ષય છે. ૧૫૨

ક્રોધ આદિ એક એક કષાયની આધીનતાના યોગે અનેક પ્રકારના અપાયોનો સંભવ છે. આ વસ્તુને અંગે શાસ્ત્રોમાં આ મુજબના દૃષ્ટાંતો પ્રસિદ્ધ છેઃ 'ક્રોધથી નન્દ આદિ, માનથી પરશુરામ વગેરે, માયાથી પાંડુ આર્યા અને લોભથી લોભનન્દી આદિ નાશને પામ્યા.'* ૧૫૩

---

* ગાથા ૫૩ થી શરૂ થયેલ હિતશિક્ષાને ગુરૂદેવે શિષ્યને ઉદ્દેશીને આપી છે. તે અત્ર પૂર્ણ થાય છે.

**इअ उवएसामयपाणएण पल्हाइअम्मि चित्तंमि ।**
**जाओ सुनिव्वओ सो पाऊण व पाणिअं तिसिओ ॥**
**इच्छामो अणुसट्ठिं भंते! भवपंकतरणदढलट्ठिं ।**
**जं जह उत्तं तं तह करेमि विणओणओ भणइ ॥**
**जइ कहवि असुहकम्मोदएण देहम्मि संभवे विअणा ।**
**अहवा तण्हाईआ परीसहा से उदीरिज्जा ॥ १५६ ॥**
**निद्धं महुरं पल्हायणिज्जहिअयंगमं अणलिअं च ।**
**तो सेहावेअव्वो सो खवओ पन्नवंतेणं ॥ १५७ ॥**

---

આ પ્રકારેઃ સદ્ગુરૂના ઉપદેશરૂપ અમૃતનાં પાનથી, પાન કરનાર તૃષાતુરની જેમ જેના હૃદયમાં અપૂર્વ આલ્હાદ ઉત્પન્ન થયો છે એવો પુણ્યવાન વિનેય; સ્વસ્થ, શાન્ત અને વિનયથી નમ્ર બનીને ગુરૂમહારાજની સેવામાં આ મુજબ કહે છેઃ 'કૃપાસિન્ધો! ભદન્ત! ભવરૂપ ચીકણા કાદવને સુખપૂર્વક લંઘી જવાને સારૂ દૃઢ લાકડી સમાન આપશ્રીની આ હિતશિક્ષાને હું માથે ચડાવું છુ. વળી ભગવન્! આપે ફરમાવ્યું તે બરોબર છે. તે પ્રમાણે હું કરૂ છુ. ૧૫૪ : ૧૫૫

[ ત્યારબાદ; અનશન કરવાને ઉદ્યત તે વિનેય, અનશનને ગ્રહણ કરે. ચાર કે ત્રણ આહારના પચ્ચક્ખાણ કરે. ]

આ અવસરે કોઇ તીવ્ર અશુભ કર્મના ઉદયથી, તે આત્માના શરીરે વેદના થાય અથવા તૃષા, ક્ષુધા વગેરે પરીષહો ઉદ્ભવ; તો નિર્યામણા કરાવનાર ઉપકારી ગુરૂમહારાજ, તે અનશન સ્વીકારનાર ક્ષપક જીવની સ્થિરતા અને સમાધિને સારૂ; સ્નિગ્ધ, મધુર, હર્ષને આપનાર અને મનને આનંદ દેનાર, સત્ય વચનોથી હિતશિક્ષા આપે. ૧૫૬ : ૧૫૭

संभरसु सुअण ! जं तं मज्झंमि चउव्विहस्स संघस्स।
वूढा महापइन्ना अहयं आराहइस्सामि ॥ १५८ ॥
अरिहंतसिद्धकेवलिपच्चक्खं सव्वसंघसक्खिस्स ।
पच्चक्खाणस्स कयस्स भंजणं नाम को कुणइ ? ॥
भालुंकीए करुणं खज्जंतो घोरविअणत्तोवि ।
आराहणं पवन्नो झाणेण अवंतिसुकुमालो ॥१६०॥
मुग्गिल्लगिरिंमि सुकोसलोऽवि सिद्धत्थदइओ भयवं
वग्घीए खज्जंतो पडिवन्नो उत्तमं अट्ठं ॥ १६१ ॥

---

તે આ પ્રકારે હે સુજન ! ચતુર્વિધ સંઘની મધ્યમાં, અનશનને સ્વીકારવાની વેળાએ તેં આ પ્રતિજ્ઞા સ્વીકારી હતી કેઃ 'હું સારી રીતિયે આરાધનાને કરીશ,' આ મહાપ્રતિજ્ઞાને આ અવસરે તું ફરી યાદ કર. વળી અણીના અવસરે વિરાધકભાવ ન આવી જાય તે સારૂ તું સાવધાન રહેઃ' ૧૫૮

'હે ભદ્ર ! તું જાણે છે કેઃ ત્રિલોકનાથ શ્રીઅરિહંતદેવ, શ્રીસિદ્ધભગવાન, શ્રીકેવળજ્ઞાની મહાત્મા તેમજ શ્રીચતુર્વિધ સંઘ આ ચારેયની સાક્ષીયે શ્રદ્ધાથી સ્વીકારેલા વ્રતને ભાંગવું એ મહા-પાપ છે.' આથી વ્રતના ભંગરુપ મહાપાપને કોણ કરે? ૧૫૯

'વળી ક્રૂર શિયાલણવડે ખવાતા, ઘોર વેદનાથી પીડાને પામતા કરૂણ દશામાં આવેલા શ્રી અવન્તિ સુકુમાલ મહામુનિએ આવા વિષમ અવસરે પણ શુભ ધ્યાનપૂર્વક આરાધનાને અખંડિત રાખી. તથા ચિત્રકુટ પર્વતની ઉપર, વાઘણવડે ખવાતા અને મહાભયંકર વેદનાને સહન કરતા મોક્ષને પ્રિય માનનાર શ્રી સુકોશલ મહાત્મા સમાધિપૂર્વક મરણને પામી મોક્ષમાં ગયા. ૧૬૦ : ૧૬૧

गुट्ठे पाओवगओ सुबंधुणा गोमए पलिविअम्मि ।
डज्झंतो चाणक्को पडिवन्नो उत्तमं अट्ठं ॥ १६२ ॥

अवलंबिऊण सत्तं तुमंपि ता धीर! धीरयं कुणसु ।
भावेसु अ नेगुन्नं संसारमहासमुद्दस्स ॥ १६३ ॥

जम्मजरामरणजलो अणाइमं वसणसावयाइन्नो ।
जीवाण दुक्खहेऊ कट्ठं रुद्दो भवसमुद्दो ॥ १६४ ॥

---

તેમજ સુબંધુ મંત્રીએ છાણાં સળગાવીને, ગોકુલને વિષે પાદપોગમ અનશનને સ્વીકારનાર શ્રી ચાણાક્ય મંત્રીને, બાળવા છતાંયે, તેની વેદનાથી સળગતા પણ તે મંત્રીશ્વર સમાધિપૂર્વક મરણને પામ્યા, અને પોતાના આરાધકપણાને અખંડિત રાખ્યું.' ૧૬૨

'આ કારણેઃ હે ધીર! સત્ત્વને અવલંબીને તું પણ ધીરતાને સદા ધારણ કર' આ મહાપુરૂષોની જેમ તું સારી રીતિયે સંસારરૂપ ભીમ મહાસાગરની નિર્ગુણતાનો વિચાર કર. ૧૬૩

'હે કલ્યાણકામિન્! જન્મ, જરા અને મરણરૂપ ધૂંધવાતા જળથી અપાર; અનાદિકાલીન; તથા અનેક પ્રકારના દુઃખોરૂપ જળચર જંતુઓથી ભયંકર તેમજ કેવળ દુઃખનુંજ કારણ, આ સંસારસમુદ્ર સાચેજ કષ્ટને દેનાર છે.' ૧૬૪

धन्नोऽहं जेण मए अणोरपारंमि भवसमुद्दम्मि ।
भवसयसहस्सदुलहं लद्धं सद्धम्मजाणमिणं ।१६५।

एअस्स पभावेणं पालिज्जंतस्स सइ पयत्तेणं ।
जम्मंतरेऽवि जीवा पावंति न दुक्खदोगच्चं ॥१६६॥

चिंतामणी अउव्वो एअमपुव्वो अ कप्परुक्खुत्ति ।
एअं परमो मंतो एअं परमामयसरिच्छं ॥ १६७ ॥

---

'તથા મહાભાગ! આવી અનુપમ આરાધનાને પામનાર તારે આ શુભ વિચાર કરવો જોઇએ કે: હું ધન્ય છું, કારણકે: લાખ્ખો ભવોના પ્રયત્નોથી પણ કદાચ ન પામી શકાય તેવું મહાદુર્લભ સદ્ધર્મરુપ મનોરમ વહાણુ આ અપાર ભવસાગરને વિષે ડૂબતા એવા મેં મેળવ્યું.' ૧૬૫

'પુણ્યશાલિન્! એક વેળાયે પણ પ્રયત્નપૂર્વક આરાધેલા આ શ્રીજિનકથિત ધર્મના પ્રભાવથી સંસારી જીવો, ભવાન્તરમાં પણ દુઃખ, દૌર્ગત્ય કે દરિદ્રતાને પામતા નથી. શ્રીજિનભાષિત ધર્મનુ આ અચિન્ત્ય સામર્થ્ય છે. ૧૬૬

'શ્રીજિનકથિત ધર્મ, ઇચ્છિતને આપનાર અપૂર્વ ચિંતામણિ રત્ન છે. અખંડ પ્રભાવશાળી કલ્પવૃક્ષ છે. સર્વ શક્તિને ધરાવનાર મહામંત્ર છે. તેમજ પરમ અમૃતરુપ છે.' ૧૬૭

अह मणिमंदिरसुंदरफुरंतजिणगुणनिरंजणुज्जोओ।
पंचनमुक्कारसमे पाणे पणओ विसज्जेइ ॥ १६८ ॥

परिणामविसुद्धीए सोहम्मे सुरवरो महिड्ढीओ।
आराहिऊण जायइ भत्तपरिन्नं जहन्नं सो ॥१६९॥

उक्कोसेण गिहत्थो अच्चुअकप्पंमि जायए अमरो।
निव्वाणसुहं पावइ साहू सव्वट्ठसिद्धिं वा ॥१७०॥

---

ધર્મસાર્થવાહસમા શ્રીગુરૂમહારાજની આ પ્રકારની હિત-શિક્ષાને મેળવીને; જેના મનરૂપ મંદિરને વિષે સુંદર રીતિયે જિનગુણરૂપ મેશ વિનાનો દીપક પ્રગટ થયો છે, એવો તે પુણ્ય-વાન ક્ષપક આ અવસરે શુભ ભાવનામાં સ્થિર બનીને પંચપરમેષ્ઠી મંત્રના સ્મરણપૂર્વક આયુષ પૂર્ણ થયે પ્રાણોનો ત્યાગ કરે. ૧૬૮

પરિણામની વિશુદ્ધિ પૂર્વક, ભક્તપરિજ્ઞાની જઘન્ય આરા-ધનાને કરીને તે શ્રાવક; સૌધર્મ દેવલોકમાં મહાઋદ્ધિવાળો મહ-ર્દ્ધિક દેવ બને છે. વળી ઉત્કૃષ્ટ આરાધનાને કરનાર તે ગૃહસ્થ અચ્યુત કલ્પમાં મહર્દ્ધિક દેવ થાય છે. આ વસ્તુ ગૃહસ્થ આરા-ધકની છે. જ્યારે પરિણામની વિશુદ્ધિથી જઘન્ય આરાધના કરનાર સાધુપુરૂષ, સર્વાર્થસિદ્ધ દેવલોકનાં સુખોને પ્રાપ્ત કરે છે. અને ઉત્કૃષ્ટ આરાધના કરનાર સાધુમહાત્મા, યાવત મોક્ષનાં અનન્ત સુખોને મેળવે છે. ૧૬૯ : ૧૭૦

इअ जोइसरजिणवीरभद्दभणिआणुसारिणीमिणमो।
भत्तपरिन्नं धन्ना पढंति निसुणंति भावेंति ॥१७१॥

सत्तरिसयं जिणाण व गाहाणं समयखित्तपन्नत्तं।
आराहंतो विहिणा सासयसुक्खं लहइ मुक्खं।१७२।

---

આ પ્રમાણેઃ યોગીપુરૂષોના ઇશ્વર એવા શ્રી **મહાવીર** પરમાત્માએ પ્રતિપાદિત કરેલા ભદ્રરુપ-કલ્યાણરુપ વચનોને અનુસરનારા, તથા સમયક્ષેત્ર[અઢી દ્વીપ]ને વિષે એક કાલમાં ઉત્કૃષ્ટથી વર્તતા ૧૭૦ શ્રી તીર્થંકરદેવોની સંખ્યાની જેમ ૧૭૦ ગાથાઓથી સંકળાયેલ આ શ્રી પયન્નાને વિધિપૂર્વક જે ધન્ય પુરૂષો ભણે છે. સાંભળે છે. અને શુભ ભાવથી આ વસ્તુનું પરિશીલન કરે છે. તે પુણ્યવાન જીવો શાશ્વતસુખરુપ મોક્ષને મેળવે છે. ૧૭૧ : ૧૭૨

---

# અનશન સ્વીકાર; પચ્ચક્ખાણ.

**શ્રી ભક્તપરિજ્ઞા** પયન્નામાં આ પ્રકારનું સૂચન છે કેઃ '**કેવલજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની** યા તેવા પ્રકારના **વિશિષ્ટજ્ઞાનીના જ્ઞાનસામર્થ્યથી આયુષ્યનું નિશ્ચિતજ્ઞાન થાય** તો **અન્તિમકાળની આરાધના કરનારા આરાધક આત્માઓએ, યાવજજીવનું-ભવચરિમ** સાગારિક અનશન સ્વીકારવું જોઇએ.' પણ જ્યારે તેવા પ્રકારના વિશિષ્ટ જ્ઞાનીઓનો વિરહ હોય, કે જેથી-નિશ્ચિત રીતિયે આયુષ્યનું જ્ઞાન થવું શકય ન હોય, તેવા અવસરે **નિયતકાલીન** સાગારિક અનશન સ્વીકારવાની વિધિ છે.

આ બન્ને અનશનના પચ્ચક્ખાણોનાં મૂળ સૂત્રો ભાવાનુવાદ પૂર્વક અહિં મુકવામાં આવ્યા છે. વર્તમાનકાળમાં તેવા પ્રકારના વિશિષ્ટજ્ઞાનીનો અભાવ છે. આથી મરણકાળની આસપાસના અવસરે, અથવા તેવા કોઇપણ વિકટ પ્રસંગો જેવાં કે-વ્યાધિ, ઉપદ્રવ, રાજભય, ચોર, અગ્નિ, શસ્ત્રભય વગેરેના આપતિ પ્રસંગોમાં એક દિવસ, બે દિવસ, પાંચ-દશ દિવસ, એક પ્રહર, યાવત્ અમુક **નિયતકાલીન** સાગારિક અનશન, આ સૂત્રોના આલાવાને [ શ્રી અરિહંત વગેરે ગુરૂજનની સમક્ષ યા આત્મસાક્ષીયે, ઇરિયાવહીયા કરી, દેવવંદન, ગુરૂવંદન કરી ત્રણવાર નવકાર ગણીને ] ઉચ્ચરવાપૂર્વક સ્વીકારવું જોઇએ.

अहन्नं भंते! तुम्हाणं समीवे, भवचरिमं सागारियं पच्च-क्खामि। [जइमे हुज्ज पमाओ इमस्स देहस्स इमाइ रयणीए] अथवा। इमाइवेलाए आहारमुवहिदेहं सव्वं तिविहेणं वोसिरियम्।

अरिहंतसक्खियं, सिद्धसक्खियं, साहूसक्खियं, देवस क्खियं, अप्पसक्खियं, उवसंपज्जामि; अन्नत्थणाभोगेणं, सह-सागारेणं, सव्वसमाहिवत्तियागारेणं, वोसिरामि।

---

હે ભગવન્! હું આપ તારકની પાસે ભવચરિમ-યાવજ્જીવનું સાગારિક પચ્ચક્ખાણ કરૂં છું, જે આ રીતિયે [આ દેહનું આ રાત્રીના અવસરે કદાચ પતન થાય, એટલે કે દેહને મુકીને આત્મા પરલોકમાં ચાલ્યો જાય] અથવા આ અવસરે મુખ્ય રીતિયે ચાર પ્રકારના આહારને, સર્વ પરિગ્રહને, દેહને, હું મન, વચન, કાયાથી સર્વ રીતિયે વોસિરાવું છું, મમત્ત્વભાવને મુકવાપૂર્વક ત્યજી દઉં છું.

શ્રી અરિહંતભગવાન, શ્રી સિદ્ધભગવાન, શ્રી સાધુમહાત્મા તેમજ સમ્યગ્દૃષ્ટિ દેવો-આ સર્વની સાક્ષીયે; વળી મારા પોતાની સાક્ષીયે આ પચ્ચક્ખાણને કરૂં છું. પચ્ચક્ખાણમાં અપવાદો, [આગારો] આ પ્રકારનાં છે—ઉપયોગશૂન્યતા હોય, સહસાત્કાર થઇ જાય, ધર્મવૃદ્ધ મહાનપુરૂષોની આજ્ઞા હોય, સર્વ સમાધિનું કારણ હોય, આ નિમિત્તોથી પચ્ચક્ખાણનો ભંગ થાય તોયે પચ્ચક્ખાણ અખંડિત રહે છે. કારણકે: આ નિમિત્તો સિવાય હું પચ્ચક્ખાણ કરૂં છું-વોસિરાવું છું.

अहन्नं भंते ! तुम्हाणं समीवे सागारियं अणसणं उवसंपज्जामि; दव्वओ, खित्तओ, कालओ, भावओ।

दव्वओणं इमं सागारियं अणसणं; खित्तओणं इत्थं वा अनित्थंवा; कालओ णं अहोत्तंवा, बीयदिन्नंवा, तइयदिन्नंवा, पासखमणंवा, मासखमणंवा; भावओणंवा जावगहेणं न गहिज्झामि, जाव छलेणं न छलिज्झामि, जाव सन्निवायेणं, अन्नेणं केणइ रोगायंकेणं एस परिणामो न परिवडइ, तावमेयं इमं सागारियं अणसणं उवसंपज्झामि।

---

હે ભગવન્! હું આપની પાસે સાગારિક અનશન સ્વીકારૂં છુ. તે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી. આ ચારે પ્રકારે પચ્ચક્ખાણુ કરૂં છું.

દ્રવ્યથી આ સાગારિક-અપવાદપૂર્વકનું અનશન; ક્ષેત્રથી આ સ્થાન કે અન્યસ્થાન; કાલથી અહોરાત્ર, બે દિવસ, ત્રણુ દિવસ, પન્નર દિવસ. એક મહિનો, યાવત્ સંકલ્પ મુજબ; ભાવથી જ્યાં-સુધી ભૂત, પ્રેત, વ્યંતર વગેરેના વળગાડથી વિપરિણુત ન બનું, કોઇ તેવા છલથી છળાઇ-ઠગાઇ ન જાઉં, કોઈ સન્નિપાતથી મતિભ્રષ્ટ ન થાઉં, તથા અન્ય તેવા પ્રકારના કોઇ રોગ, ઉપદ્રવ વગેરેથી આ શુભ પરિણુામનું પતન ન થાય ત્યાંસુધી આ સાગારિક અન-શનને હું સ્વીકારૂ છું.

तिविहंपि आहारं आसणं खाइमं साइमं अन्नत्थणाभोगेणं सहसागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरामि। अरिहंतसक्खियं, सिद्धसक्खियं, देवसक्खियं, अप्पसक्खियं उवसंपज्जामि; नित्थारपारगाहोहं ।

जं जं मणेणं बद्धं जं जं वायेणं भासियं पावं ।
जं जं कायेण कयं मिच्छामि दुक्कडं तस्स ॥ १ ॥
अरिहंतो महदेवो जावज्जीवं सुसाहुणो गुरुणो ।
जिणपन्नत्तं तत्तं इय सम्मत्तं मए गहियं ॥ २ ॥

---

આ કારણે: હે ભદન્ત! અશન, ખાદિમ, સ્વાદિમ-આ ત્રણ પ્રકારના આહારને [યાવત્ યથાશક્તિ ચાર પ્રકારના આહારને] ઉપયોગશૂન્યતા વગેરે ચાર પ્રકારના-પૂર્વકથિત અપવાદ પ્રસંગો સિવાય હું વોસિરાવું છું-ત્યજી દઉ છું. શ્રીઅરિહંતભગવાન વગેરેની સાક્ષીયે આ અનશનના પચ્ચક્ખાણને હું સ્વીકારૂં છું. આથી અપાર સંસારસાગરના નિસ્તારને હું સુખપૂર્વક પામી શકીશ.

અત્યાર અગાઉ, મેં જે જે પાપ મનથી બાંધ્યું હોય; જે જે વાચાથી પાપ ઉચ્ચાર્યું હોય, જે જે પાપ કાયાથી કર્યું હોય તે તે સર્વ મારૂં દુષ્કૃત-પાપ મિથ્યા થાઓ. હું હવે વિશુદ્ધિપૂર્વક સ્વીકારૂં છું કે-'શ્રીઅરિહંતભગવાન એજ દેવ છે. નિર્ગ્રન્થ સાધુ મહાત્માઓ ગુરૂ છે. શ્રીજિનકથિત રત્નત્રયીરૂપ તત્ત્વ-ધર્મ છે. આ સિવાય જગતમાં કાંઇજ પરમાર્થ નથી.' ૧ : ૨

(४)

श्रुतस्थविर श्रीवीरभद्रमहामुनि प्रणीत—

# संथारय पइण्णयम्

[મૂળ ગાથા; (૧૨૩) અને ભાવાનુવાદ.]

卐

ત્રણ આયંબીલની તપશ્ચર્યા પૂર્વક સુવિહિત ગુરૂમહારાજની પાસે, વિધિમુજબ આ સૂત્રનો પાઠ લેવો જોઇએ.

∴

**काऊण नमुक्कारं जिणवरवसहस्स वद्धमाणस्स।**
**संथारंमि निबद्धं गुणपरिवाडिं निसामेह ॥१॥**

**एस किराराहणया एस किर मणोरहो सुविहिआणं।**
**एस किर पच्छिमंते पडागहरणं सुविहिआणं ॥२॥**

**भूईगहणं जह नक्कयाण अवमाणयं अवज्झाणस्स।**
**मल्लाणं च पडागा तह संथारो सुविहिआणं ॥३॥**

---

શ્રીજિનેશ્વરદેવો–સામાન્યકેવળજ્ઞાનીઓને વિષે વૃષભ સમાન, દેવાધિદેવ **શ્રમણ ભગવાન શ્રીમહાવીર પરમાત્માને** નમસ્કાર કરીને; અંતિમકાલની આરાધનારુપ સંથારાના સ્વીકારથી પ્રાપ્ત થતી ગુણોની પરંપરાને હું કહું છું. આ કારણે હે ભવ્યજીવો ! આત્મકલ્યાણકર આ વસ્તુને તમે સાંભળો. ૧

શ્રી જિનકથિત આ આરાધના, ચારિત્રધર્મની આરાધનારુપ છે. સુવિહિતપુરૂષો આવા પ્રકારની અન્તિમ આરાધનાનાં મનોરથો સેવે છે. કારણ કેઃ સુવિહિત પુરૂષોની જીવનપર્યંતની સઘળી આરાધનાઓની પતાકાના સ્વીકારરુપ અંતિમકાલની આ આરાધના છે. ૨

દરિદ્રપુરૂષો ધન, ધાન્ય વગેરેમાં જેમ આનન્દ માને છે, વળી મલ્લ પુરૂષો જયપતાકાને મેળવવામાં જેમ ગૌરવ લે છે. અને આના અભાવે એઓ અપમાન તથા દુર્ધ્યાનને પામે છે, તેમ સુવિહિત પુરૂષો આ આરાધનામાં આનન્દ તેમજ ગૌરવને પ્રાપ્ત કરે છે. ૩

**पुरिसवरपुंडरीओ अरिहा इव सव्वपुरीससीहाणं ।**
**महिलाण भगवईओ जिणजणणीओ जयंमि जहा ॥४॥**
**वेरुलिउव्व मणीणं गोसीसं चंदणं व गंधाणं ।**
**जह व रयणेसु वइरं तह संथारो सुविहिआणं ॥५॥**
**वंसाणं जिणवंसो सव्वकुलाणं च सावयकुलाइं ।**
**सिद्धिगई व गईणं मुत्तिसुहं सव्वसुक्खाणं ॥६॥**
**धम्माणं च अहिंसा जणवयवयणाण साहुवयणाइं ।**
**जिणवयणं च सुईणं सुद्धीणं दंसणं च जहा ॥७॥**

---

સર્વ ઉત્તમ પુરૂષોમાં જેમ પુરૂષવર પુંડરીક શ્રીઅરિહંત પરમાત્મા, જગતના સર્વસ્ત્રીસમુદાયને વિષે જેમ શ્રીતીર્થંકરદેવોની માતા, મણિની સર્વ જાતિયોને વિષે જેમ વૈડૂર્ય, સર્વપ્રકારના સુગન્ધી દ્રવ્યોને વિષે જેમ ચંદન અને સર્વ પ્રકારના રત્નોમાં જેમ વજ્ર, તેમ સર્વ આરાધનાઓને વિષે આ સંથારાની આરાધના, સુવિહિત આત્માઓને માટે શ્રેષ્ઠતર છે. ૪:૫

તથા વંશોમાં જેમ શ્રીજિનેશ્વરદેવોનો વંશ, સર્વ કુલોમાં જેમ શ્રાવકકુલ, ગતિઓને વિષે જેમ સિદ્ધિગતિ, સર્વપ્રકારનાં સુખોમાં જેમ મુક્તિનું સુખ, વળી સર્વ ધર્મોમાં જેમ શ્રીજિનકથિત અહિંસાધર્મ, લોકવચનમાં જેમ સાધુપુરૂષોનાં વચનો, ઇતર સર્વ પ્રકારની શ્રુતિઓમાં જેમ શ્રીજિનવચનરૂપ શ્રુતિ, અને સર્વ પ્રકારની શુદ્ધિઓને વિષે જેમ સમ્યક્ત્વરૂપ આત્મગુણની શુદ્ધિ, તેમ શ્રીજિનકથિત અન્તિમકાલની આરાધનાઓમાં આ આરાધના મુખ્ય છે. ૬:૭

**कल्लाणं अब्भुदओ देवाणं दुल्लहं तिहुअणंमि।**
**बत्तीसं देविंदा जं तं झायंति एगमणा॥८॥**

**लद्धुं तु तए एयं पंडिअमरणं तु जिणवरक्खायं।**
**हंतूण कम्ममल्लं सिद्धिपडागा तुमे लद्धा॥९॥**

**झाणाण परमसुक्कं नाणाणं केवलं जहा नाणं।**
**परिनिव्वाणं च जहा कमेण भणिअं जिणवरेहिं॥**

---

સમાધિમરણરૂપ આ આરાધના સાચે જ કલ્યાણકર છે. અભ્યુદય–ઉન્નતિનો પરમહેતુ છે. આ કારણે: આવા પ્રકારની આરાધના ત્રણ ભુવનમાં દેવતાઓને પણ દુર્લભ છે. વળી દેવલોકના બત્રીશ ઈન્દ્રો પણ સમાધિપૂર્વકના પંડિતમરણની એક મનથી અભિલાષા રાખે છે. ૮

સંથારાની આરાધના કરવા ઉદ્યત થયેલા શિષ્યને ઉદ્દેશીને, ઉપકારી ગુરૂમહારાજ આ મુજબ બોધ આપે છે કે:

'વિનેય! શ્રીજિનકથિત પંડિતમરણને તેં મેળવ્યું. આથી નિ:શંકરીતિયે કર્મમલ્લને હણીને તેં સિદ્ધિની પ્રાપ્તિરૂપ જયપતાકા મેળવી.' ૯

ફરી વિનેયની સમક્ષ સંથારાની મહત્તા ગુરૂમહારાજ આ રીતિયે સમજાવે છે:—

'સર્વપ્રકારનાં ધ્યાનોમાં જેમ પરમશુક્લધ્યાન, મતિ આદિ જ્ઞાનોમાં જેમ કેવલજ્ઞાન, અને સર્વ પ્રકારનાં ચારિત્રોમાં જેમ કષાય આદિના ઉપશમથી યથાખ્યાત ચારિત્ર ક્રમશ: મોક્ષનું કારણ છે, તેમ આ પંડિતમરણ પણ મોક્ષનું કારણ બને છે. ૧૦

सव्वुत्तमलाभाणं सामन्नं चेव लाभ मन्नंति।
परमुत्तम तित्थयरो परमगई परमसिद्धुत्ति ॥११॥

मूलं तह संजमो वा परलोगरयणाण किलिट्ठकम्माणं।
सव्वुत्तमं पहाणं सामन्नं चेव मन्नंति ॥१२॥

लेसाण सुक्कलेसा निअमाणं बंभचेरवासो अ।
गुत्तिसमिई गुणाणं मूलं तह संजमोवाओ ॥१३॥

---

શ્રીજિનકથિત શ્રમણપણું એ, સર્વ પ્રકારનાં શ્રેષ્ઠ લાભોમાં સર્વશ્રેષ્ઠ લાભ ગણાય છે; કે જેના યોગે શ્રીતીર્થંકરપણું, કેવલજ્ઞાન અને મોક્ષ સુખ પ્રાપ્ત થાય છે. વળી પરલોકના હિતમાં રક્ત અને કિલષ્ટ મિથ્યાત્વી આત્માઓને પણ મોક્ષની પ્રાપ્તિનું મૂળ જે સમ્યકત્વ ગણાય છે. તે સમ્યકત્વથી દેશવિરતિનું તેમ જ સમ્યગ્જ્ઞાનનું મહત્વ વિશેષ ગણાય છે. આના કરતાં શ્રીજિનકથિત શ્રમણપણાની પ્રાપ્તિરુપ લાભનું મહત્વ વિશેષતર છે. કારણ કે: જ્ઞાનદર્શનરૂપ મુક્તિનાં કારણોની સફળતાનો આધાર શ્રમણપણાપર રહેલો છે. **૧૧:૧૨**

તથા સર્વ પ્રકારની લેશ્યાઓમાં જેમ શુકલલેશ્યા, સર્વ વ્રત, યમ, આદિમાં જેમ બ્રહ્મચર્યનું વ્રત અને સર્વપ્રકારનાં નિયમોને વિષે જેમ શ્રીજિનકથિત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ ગુણો વિશેષ ગણાય છે, તેમ શ્રામણ્ય એ સઘળાં ગુણોમાં પ્રધાન છે. જ્યારે **સંથારાની** આરાધના આના કરતાં અધિક ગણાય છે. **૧૩**

**सव्वुत्तमतित्थाणं तित्थयरपयासिअं जहा तित्थं ।**
**अभिसेउव्व सुराणं तह संथारो सुविहियाणं ॥१४॥**

**सिअकमलकलससत्थिअनंदावत्तवरमल्लदामाणं ।**
**तेसिंपि मंगलाणं संथारो मंगलं अहिअं ॥१५॥**

**तवअग्गिनियमासूरा जिणवरनाणा विसुद्धपत्थयणा ।**
**जे निव्वहंति पुरिसा संथारगइंदमारूढा ॥१६॥**

---

વળી, સર્વ ઉત્તમ તીર્થોમાં જેમ શ્રીતીર્થંકરદેવોનું તીર્થ, સર્વ જાતિનાં અભિષેકોને વિષે જેમ સુમેરૂના શિખરપર દેવ-દેવેન્દ્રોથી કરાતો અભિષેક, તેમ સુવિહિત પુરૂષોની સંથારાની આરાધના શ્રેષ્ઠતર ગણાય છે. ૧૪

શ્વેતકમળ, પૂર્ણકળશ, સ્વસ્તિક, નન્દ્યાવર્ત, અને સુદર ફૂલમાલા આ સઘળીયે મંગળવસ્તુઓ કરતાં, અન્તિમકાલની આરાધનારૂપ સંથારો એ અધિકતર મંગળ છે. ૧૫

શ્રીજિનકથિત તપરૂપ અગ્નિથી કર્મકાષ્ઠોનો નાશ કરનારા, વિરતિ–નિયમોના પાલનમાં શૂરા, અને શ્રીજિનપ્રણીત સમ્યગ્જ્ઞાનથી વિશુદ્ધ આત્મ પરિણુતિવાળા, તથા ઉત્તમ ધર્મરૂપ ભાથુ જેને મેળવ્યું છે એવા મહાનુભાવ આત્માઓ સંથારારૂપ ગજેન્દ્ર પર આરૂઢ થઇને સુખપૂર્વક પારને પામે છે. ૧૬

**परमट्ठो परमउलं परमावयणंति परमकप्पुत्ति ।**
**परमुत्तमतित्थयरो परमगई परमसिद्धित्ति ॥१७॥**
**ता एअं तुमि लद्धं जिणवयणामयविभूसिअं देहं ।**
**धम्मरयणंसिआ ते पडिआ भवणंमि वसुहारा ॥१८॥**
**पत्ता उत्तमपुरिसा कल्लाणपरंपरा परमदिव्वा ।**
**पावयण साहु धीरं[1] कयं च ते अज्ज सप्पुरिसा ! ॥१९॥**

---

ફરી ફરી સમજવું જોઈએ કેઃ મોક્ષનું પરમકારણ હોવાના યોગે આ સંથારો સુવિહિત આત્માઓને માટે અનુપમ આલંબન છે. વળી શ્રીજિનકથિત આ સંથારો, ગુણોનું નિવાસસ્થાન છે. આ કારણે પરમ કલ્પ–આચારરૂપ છે. તથા સર્વોત્તમ શ્રીતીર્થંકરપદ, મોક્ષગતિ અને શ્રીસિદ્ધદશા એ વગેરેનું મૂળ કારણ આ સંથારો છે. ૧૭

ફરી શિષ્યને ઉદ્દેશીને ગુરૂમહારાજ કહે છેઃ—

'હે વિનીત! તેં શ્રીજિનવચનરૂપ અમૃતથી વિભૂષિત શરીર મેળવ્યું છે. વળી તારા ભવનને વિષે ધર્મરૂપ રત્નને આશ્રયીને રહેવાવાળી વસુધારા પડી છે. કારણ કેઃ જગતમાં જે જે મેળવવા યોગ્ય છે, તે તે સઘળું તેં મેળવ્યું છે.' ૧૮

'તેમજ સંથારાની આરાધનાને સ્વીકારવાના યોગે, હે સત્પુરૂષ! તેં જિનપ્રવચનને વિષે સારી ધીરતા રાખી છે. આથી ઉત્તમપુરૂષોથી સેવ્ય અને પરમદિવ્ય એવી કલ્યાણ–લાભોની પરંપરાને તેં પ્રાપ્ત કરી છે.' ૧૯

---

१ धीरा इति पाठां०

**सम्मत्तनाणदंसणवररयणा नाणतेअसंजुत्ता।**
**चारित्तसुद्धसीला तिरयणमाला तुमे लद्धा॥२०॥**

**सुविहिअगुणवित्थारं संथारं जे लहंति सप्पुरिसा।**
**तेसिं जिअलोगसारं रयणाहरणं कयं होइ॥२१॥**

**तं तित्थं तुमि लद्धं जं पवरं सव्वजीवलोगंमि।**
**ण्हाया जत्थ मुणिवरा निव्वाणमणुत्तरं पत्ता॥२२॥**

---

'તથા સમ્યગ્જ્ઞાન અને દર્શનરૂપ સુન્દર રત્નોથી મનોહર, વિશિષ્ટ પ્રકારના જ્ઞાનરૂપ પ્રકાશથી શોભાને ધરનાર અને ચારિત્ર, શીલ વગેરે ગુણોથી શુદ્ધ ત્રિરત્નમાલાને હે વિનય! તેં મેળવી છે.' ૨૦

'સુવિહિત પુરૂષો, જેના યોગે ગુણોની પરંપરાને પ્રાપ્ત કરી શકે છે, તે શ્રીજિનકથિત સંથારાને જે પુણ્યવાન આત્માઓ પામે છે, તે આત્માઓએ જગતમાં સારભૂત જ્ઞાન વગેરે રત્નોનાં આભૂષણોથી પોતાની શોભાને વધારી છે.' ૨૧

'વળી હે મુમુક્ષુ! સમસ્ત લોકમાં ઉત્તમ અને સંસાર સાગરના પારને આણનાર એવું શ્રીજિનપ્રણીત તીર્થ, તેં મેળવ્યું છે. કારણ કે શ્રીજિનપ્રણીત તીર્થનાં સ્વચ્છ અને શીતળ ગુણરુપ જલપ્રવાહોમાં સ્નાન કરીને, અનન્તા મુનિવરોએ નિર્વાણ સુખને પ્રાપ્ત કર્યું છે.' ૨૨

**आसवसंवरनिज्जर तिन्निवि अत्था समाहिआ जत्थ।**
**तं तित्थंति भणंती सीलव्वयबद्धसोवाणा ॥२३॥**
**भंजिय परीसहचमूं उत्तमसंजमबलेण संजुत्ता।**
**भुंजंति कम्मरहिआ निव्वाणमणुत्तरं रज्जं ॥२४॥**
**तिहुअणरज्जसमाहिं पत्तोऽसि तुमं हि समयकप्पंमि।**
**रज्जाभिसेयमउलं विउलफलं लोइ विहरंति ॥२५॥**
**अभिनंदइ मे हिअयं तुब्भे मुक्खस्स साहणोवाओ।**
**जं लद्धो संथारो सुविहिअ! परमत्थनित्थारो ॥२६॥**

---

'આશ્રવ, સંવર અને નિર્જરા વગેરે તત્ત્વો, જેમાં–જે તીર્થમાં સુવ્યવસ્થિત જળવાઈ રહ્યાં છે; તથા શીલ, વ્રત આદિ ચારિત્ર ધર્મરૂપ સુંદર પગથીયાઓથી જેનો માર્ગ સારી રીતિયે વ્યવસ્થિત છે, તે શ્રીજિનપ્રણીત તીર્થ કહેવાય છે.' ૨૩

'જેઓ પરિષહની સેનાને જીતીને, ઉત્તમ પ્રકારના સંયમબલથી યુક્ત બને છે, તે પુણ્યવાન આત્માઓ કર્મથી મુક્ત બનીને અનુત્તર–અનન્ત, અવ્યાબાધ અને અખંડ એવા નિર્વાણ સુખને ભોગવે છે.' ૨૪

વિનયને ઉદ્દેશીને ગુરૂમહારાજ ફરી કહે છે: કે 'હે મહાનુભાવ! શ્રીજિનકથિત સંથારાની આરાધનાને પ્રાપ્ત કરવાથી તેં ત્રણ ભુવનના રાજ્યનાં મૂળ કારણ સમાધિસુખને મેળવ્યું છે. વળી જે કારણથી સંથારો એ સર્વસિદ્ધાન્તોમાં અસાધારણ અને વિશાલફલનું કારણ રાજ્યાભિષેકરૂપ ગણાય છે. તેને પણ લોકને વિષે તેં મેળવ્યો. આથી મારૂં મન આજે અવર્ણ્ય આનન્દને અનુભવે છે, કારણ કે હે સુવિહિત! મોક્ષના સાધનરૂપ ઉપાય અને પરમાર્થથી નિસ્તારના માર્ગરૂપ સંથારાને તેં પ્રાપ્ત કર્યો છે.' ૨૫:૨૬

**देवा वि देवलोए भुंजंता बहुविहाइं भोगाइं ।**
**संथारं चिंतंता आसणसयणाइं मुंचंति ॥२७॥**
**चंदुव्व पिच्छणिज्जो सूरो इव तेअसा विदिप्पंतो ।**
**धणवंतो गुणवंतो हिमवंतमहंतविक्खाओ ॥२८॥**
**गुत्तीसमिइउवेओ संजमतवनिअमजोगजुत्तमणो ।**
**समणो समाहिअमणो दंसणनाणे अणण्णमणो ॥२९**
**मेरुव्व पव्वयाणं सयंभुरमणुव्व चेव उदहीणं ।**
**चंदो इव ताराणं तह संथारो सुविहिआणं ॥३०॥**

'દેવલોકને વિષે બહુપ્રકારના પાંચે ઇન્દ્રિયોના દેવતાઈ સુખોને ભોગવનારા દેવો પણ, શ્રીજિનકથિત સંથારાની આરાધનાનું પૂર્ણ આદરભાવ પૂર્વક ધ્યાન કરતાં આસન, શયન આદિ અન્ય સર્વ વ્યાપારોને તે અવસરે ત્યજી દે છે.' ૨૭

ગુપ્તિ સમિતિથી સહિત; વળી સંયમ, તપ, નિયમ અને યોગોમાં ઉપયોગશીલ; તેમ જ જ્ઞાન, અને દર્શનની આરાધનામાં અનન્ય મનવાળા, તથા સમાધિથી યુક્ત એવા સાધુ, ચન્દ્રની જેમ પ્રેક્ષણીય અને સૂર્યની જેમ તેજથી દેદીપ્યમાન હોય છે. વળી તે સુવિહિત સાધુ, જ્ઞાનરુપ ધનવાળા, ગુણવાન, અને સ્થિરતા ગુણથી મહાહિમવાન પર્વતની જેમ પ્રસિદ્ધિને પામે છે. ૨૮:૨૯

' પર્વતોમાં જેમ મેરૂપર્વત, સર્વ સાગરોને વિષે જેમ સ્વયંભૂરમણ, તારાઓના સમૂહને વિષે જેમ ચન્દ્ર, તેમ સર્વ પ્રકારનાં શુભ અનુષ્ઠાનોની મધ્યમાં સંથારારૂપ અનુષ્ઠાન પ્રધાન ગણાય છે. ' ૩૦

भण केरिसस्स भणिओ संथारो केरिसे व अवगासे।
ऊक्खंपिंगस्स करणं एअं ता इच्छिमो नाउं ॥३१॥
हायंति जस्स जोगा जराय विविहाय हुंति आयंका।
आरुहइ अ संथारं सुविसुद्धो तस्स संथारो ॥३२॥
जो गारवेण मत्तो निच्छइ आलोअणं गुरुसगासे।
आरुहइ अ संथारं अविसुद्धो तस्स संथारो ॥३३॥

જિજ્ઞાસુ શિષ્ય, ગુરૂમહારાજને પૂછે છે કે :

'હે ભગવન્! કેવા પ્રકારના સાધુ પુરૂષના માટે આ સંથારાની આરાધના વિહિત છે? વળી કયા આલંબનને પામીને આ અન્તિમકાલની આરાધના થઈ શકે? અને અનશનને કયારે સ્વીકારી શકાય? આ વસ્તુ હું જાણવાને ઇચ્છું છું, કૃપા કરીને આપશ્રી ફરમાવશો!' ૩૧

ગુરૂમહારાજ જવાબ આપે છે કે 'જેના મન, વચન અને કાયાના શુભયોગો સીદાતા હોય, વળી જે સાધુને અનેક પ્રકારના રોગો શરીરમાં ઉત્પન્ન થયા હોય, આ કારણે પોતાના મરણુકાલને નજીક સમજીને, જે સંથારાને સ્વીકારે છે, તે સંથારો સુવિશુદ્ધ છે. ૩૨

પણ જે ત્રણ પ્રકારના ગારવથી ઉન્મત્ત બનીને, ગુરૂની પાસે સરળભાવથી પોતાના પાપોની આલોચના લેવાને તૈયાર નથી; આ સાધુ સંથારાને સ્વીકારે છે, તો તે સંથારો અવિશુદ્ધ છે. ૩૩

१ लिकस्स इति पाठां०

**जो पुण पत्तब्भूओ करेइ आलोअणं गुरुसगासे।**
**आरुहइ अ संथारं सुविसुद्धो तस्स संथारो ॥३४॥**
**जो पुण दंसणमइलो सिढिलचरित्तो करेइ सामन्नं।**
**आरुहइ अ संथारं अविसुद्धो तस्स संथारो ॥३५॥**
**जो पुण दंसणसुद्धो आयचरित्तो करेइ सामन्नं।**
**आरुहइ अ संथारं सुविसुद्धो तस्स संथारो ॥३६॥**
**जो रागदोसरहिओ तिगुत्तिगुत्तो तिसल्लमयरहिओ।**
**आरुहइ संथारं सुविसुद्धो तस्स संथारो ॥३७॥**

---

વળી જે આલોચનાને યોગ્ય છે, અને ગુરૂની પાસે નિર્મળભાવપૂર્વક આલોચના લઇને સંથારાને સ્વીકારે છે, તેનો સંથારો સુવિશુદ્ધ ગણાય છે. ૩૪

શંકા આદિ દૂષણોથી જેનું સમ્યગ્દર્શનરુપ રત્ન મલિન છે, અને જે શિથિલરીતિયે ચારિત્રનું પાલન કરવા પૂર્વક શ્રમણપણાનો નિર્વાહ કરે છે, તે સાધુની સંથારાની આરાધના શુદ્ધ નથી–અવિશુદ્ધ છે. ૩૫

જે મહાનુભાવ સાધુનો સમ્યગ્ દર્શનગુણ અત્યન્ત નિર્મળ છે, તથા જે નિરતિચાર પૂર્વક સંયમધર્મનું પાલન કરીને પોતાના સાધુપણાનો નિર્વાહ કરે છે, તેની સંથારાની આરાધના સુવિશુદ્ધ છે. ૩૬

રાગ અને દ્વેષથી રહિત, વળી મન, વચન અને કાયાના અશુભ યોગોથી આત્માનું જતન કરનાર તથા ત્રણ પ્રકારના શલ્ય અને આઠ જાતિના મદથી મુક્ત એવો પુણ્યવાન સાધુ, સંથારા પર આરૂઢ થાય છે, તેનો સંથારો સુવિશુદ્ધ ગણાય છે. ૩૭

तिहिं गारवेहिं रहिओ तिदंडपडिमोयगो पहिअकित्ती
आरुहइ संथारं सुविसुद्धो तस्स संथारो ॥३८॥

चउविहकसायमहणो चउहिं विकहाहिं विरहिओ।
आरुहइ अ संथारं सुविसुद्धो तस्स संथारो॥३९॥

पंचमहव्वयकलिओ पंचसु समिईसु सुट्ठु आउत्तो।
आरुहइ अ संथारं सुविसुद्धो तस्स संथारो॥४०॥

---

રસગારવ વગેરે ત્રણ ગારવથી રહિત, ત્રણ પ્રકારના પાપદંડને ત્યજી દેનાર, આ કારણે જગતમાં જેની કીર્તિ વિસ્તારને પામી છે, એવા શ્રમણ મહાત્મા સંથારા પર આરૂઢ થાય છે, તેનો સંથારો સુવિશુદ્ધ કહેવાય છે. ૩૮

ક્રોધ, માન આદિ ચારેય પ્રકારના કષાયોનો નાશ કરનાર, રાજકથા, દેશકથા વગેરે ચાર વિકથાઓના પાપથી સદા મુક્ત રહેનાર એવા સાધુ મહાત્મા સંથારાને સ્વીકારે છે, તેનો સંથારો સુવિશુદ્ધ છે. ૩૯

પાંચ પ્રકારના મહાવ્રતોનું પાલન કરવામાં તત્પર, પાંચ સમિતિના નિર્વાહમાં સારી રીતિયે ઉપયોગશીલ એવો પુણ્યવાન સાધુપુરૂષ સંથારાને સ્વીકારે છે, તેનો સંથારો સુવિશુદ્ધ કહેવાય છે. ૪૦

छक्कायापडिविरओ सत्तभयट्ठाणविरहिअमईओ।
आरुहइ अ संथारं सुविसुद्धो तस्स संथारो ॥४१॥

अट्ठमयठाणजढो कम्मट्ठविहस्स खवणहेउत्ति।
आरुहइ अ संथारं सुविसुद्धो तस्स संथारो ॥४२॥

नवबंभचेरगुत्तो उज्जुत्तो दसविहे समणधम्मे।
आरुहइ अ संथारं सुविसुद्धो तस्स संथारो ॥४३॥

---

પૃથિવીકાય આદિ ષડ્ જીવનિકાયની હિંસાના પાપથી વિરત, ઈહલોકભય વગેરે સાતેય પ્રકારના ભયસ્થાનોથી રહિત બુદ્ધિવાળો, પુણ્યવાન સાધુ મહાત્મા; જે રીતિયે સંથારા પર આરૂઢ થાય છે, તેનો સંથારો સુવિશુદ્ધ છે. ૪૧

જેણે જાતિ, કુલ, લાભ વગેરે આઠ મદસ્થાનોને ત્યજી દીધાં છે એવો સાધુપુરૂષ આઠ પ્રકારના કર્મોનો નાશ કરવાને સારૂ, જે રીતિયે સંથારાપર આરૂઢ થાય છે, તેનો સંથારો સુવિશુદ્ધ કહેવાય છે. ૪૨

વસતિત્યાગ, સ્ત્રી કથાવર્જન આદિ નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિનું વિધિમુજબ પાલન કરનાર અને ક્ષાન્તિ, માર્દવ વગેરે દશવિધ યતિધર્મનો નિર્વાહ કરવામાં કુશળ એવો મહાભાગ સાધુ,, સંથારાપર આરૂઢ થાય છે. તેનો સંથારો સુવિશુદ્ધ ગણાય છે. ૪૩

**जुत्तस्स उत्तमट्ठे मलिअकसायस्स निव्वियारस्स ।**
**भण केरिसो उ लाभो संथारगयस्स समणस्स ? ॥४४**

**जुत्तस्स उत्तमट्ठे मलिअकसायस्स निव्विआरस्स ।**
**भण केरिसं च सुक्खं संथारगयस्स खवगस्स ? ॥४५॥**

**पढमिल्लुगंमि दिवसे संथारगयस्स जो हवइ लाभो ।**
**को दाणि तस्स सक्का अग्घं काउं अणग्घस्स ॥४६॥**

---

વિનીત શિષ્ય, ગુરૂમહારાજને પૂછે છે કે ‘ભગવન્! કષાયોને જીતનાર, અને સર્વ પ્રકારના વિષયોના વિકારથી રહિત, વળી અન્તિમકાલીન આરાધનામાં ઉદ્યુક્ત હોવાને કારણે સંથારાપર આરૂઢ થયેલ એવા સાધુને કયા પ્રકારનો લાભ મળે ?’ ૪૪

તેમ જ ‘હે ભગવન્! કષાયોને જીતનાર તથા સર્વ પ્રકારના વિષયવિકારોથી રહિત અને અન્તિમકાલીન આરાધનામાં ઉદ્યુક્ત હોવાને કારણે સંથારાપર વિધિમુજબ આરૂઢ થયેલા સાધુને કેવું સુખ પ્રાપ્ત થાય ?’ ૪૫

ગુરૂમહારાજ જવાબ આપે છે, કે ‘વિધિમુજબ સંથારા પર આરૂઢ થયેલા મહાનુભાવ ક્ષપકને, પ્રથમ દિવસે જ જે અમૂલ્ય લાભની પ્રાપ્તિ થાય છે, તેનું મૂલ્ય આંકવાને કોણ સમર્થ છે ? ૪૬

जो संखिज्जभवट्ठिई सव्वंपि खवेइ सोत हिं कम्मं ।
अणुसमयं साहुपयं साहू वुत्तो तहिं समए ॥४७॥

तणसंथारनिसन्नोऽवि मुणिवरो भट्ठरागमयमोहो ।
जं पावइ मुत्तिसुहं कत्तो तं चक्कवट्टीवि ? ॥४८॥

नियपुरिसनाडयंमिवि न सा रई तह सहस्सवित्थारे ।
जिणवयणंमिवि सा ते हेउसहस्सोवगूढंमि ॥४९॥

---

કેમકે: તે અવસરે, તે મહામુનિ વિશિષ્ટ પ્રકારના શુભ અધ્યવસાયના યોગે સંખ્યેય ભવોની સ્થિતિવાળા સર્વકર્મો પ્રત્યેક સમયે ખપાવે છે. આ કારણે: તે ક્ષપકસાધુ એ વેળાયે વિશિષ્ટ પ્રકારના શ્રમણગુણને પ્રાપ્ત કરે છે. ૪૭

વળી એ અવસરે તૃણ–સૂકા ઘાસના સંથારાપર આરૂઢ થવા છતાંયે રાગ, મદ અને મોહથી મુક્ત હોવાને કારણે, તે ક્ષપક મહર્ષિ, જે અનુપમ મુકિત–નિઃસંગદશાના સુખને પ્રાપ્ત કરે છે, તે સુખ નિરંતર રાગદશામાં મૂંઝાતો ચક્રવર્તી પણ ક્યાંથી પ્રાપ્ત કરે ? ૪૮

વૈક્રિયલબ્ધિના યોગે પોતાનાં પુરૂષરૂપોને વિકુર્વી, દેવતાઓ જે બત્રીશ ભેદના હજારો પ્રકારથી, સંગીતની લય પૂર્વક નાટકો કરે છે, તેમાં તેઓ તે આનન્દ મેળવી શકતા નથી, કે જે આનન્દ પોતાના હસ્તપ્રમાણ સંથારાપર આરૂઢ થયેલ ક્ષપક મહર્ષિ મેળવે છે. ૪૯

जं रागदोसमइअं सुक्खं जं होइ विसयमईयं च।
अणुहवइ चक्कवट्टी न होइ तं वीअरागस्स ॥५०॥

मा होइ वासगणया न तत्थ वासाणि परिगणिज्जंति।
बहवे गच्छं वुत्था जम्मणमरणं च ते खुत्ता ॥५१॥

पच्छावि ते पयाया खिप्पं काहिंति अप्पणो पत्थं।
जे पच्छिमंमि काले मरंति संथारमारूढा ॥५२॥

---

રાગ અને દ્વેષમય તથા પરિણામકટુ આ કારણે વિષ-પૂર્ણ જે વૈષયિક સુખોને છખંડનો નાથ ચક્રવર્તી અનુભવે છે તે, સંગદશાથી મુક્ત, વીતરાગ સાધુ પુરૂષો; અનુભવતા નથી. તેઓ કેવળ અખંડ આત્મરમણતાના સુખને અનુભવે છે. ૫૦

મોક્ષના સુખની પ્રાપ્તિને માટે; શ્રીજૈનશાસનમાં એકાન્તે વર્ષકાલની ગણના નથી. કેવળ આરાધક આત્માઓની અપ્રમત્તદશા પર સઘળો આધાર છે. કેમકે: ઘણાયે વર્ષો ગચ્છમાં રહેનારા પણ પ્રમત્ત આત્માઓ જન્મ–મરણરૂપ સંસારસાગરમાં ડુબી ગયા છે. ૫૧

જે આત્માઓ અન્તિમ કાલે સમાધિ પૂર્વક સંથારારૂપ આરાધનાને સ્વીકારીને મરણને પામે છે, તે મહાનુભાવ આત્માઓ જીવનની પાછલી અવસ્થામાં પણ પોતાનું હિત શીઘ્ર સાધી શકે છે. ૫૨

**नवि कारणं तणमओ संथारो नवि अ फासुआ भूमी।**
**अप्पा खलु संथारो हवइ विसुद्धे चरित्तंमि ॥५३॥**

**निच्चंपि तस्स भावुज्जुअस्स जत्थ व जहिं व संथारो।**
**जो होइ अहक्खाओ विहारमब्भुट्ठिओ लूहो ॥५४॥**

**वासारत्तंमि तवं चित्तविचित्ताइ सुट्ठु काऊणं।**
**हेमंते संथारं आरुहइ सव्ववत्थासु ॥५५॥**

---

સૂકા ઘાસનો સંથારો કે જીવરહિત–પ્રાસુક ભૂમિ એજ કેવળ અન્તિમકાલની આરાધનાનું આલંબન નથી. પણ વિશુદ્ધ નિરતિચાર ચારિત્રના પાલનમાં ઉપયોગશીલ આત્મા એ સંથારારૂપ છે. આ કારણે આવો આત્મા આરાધનામાં આલંબન છે. ૫૩

દ્રવ્યથી સંલેખનાને સ્વીકારવાને તત્પર, ભાવથી કષાયના ત્યાગદ્વારાયે રૂક્ષ–લુખ્ખો એવો આત્મા સદાકાલ જૈનશાસનમાં અપ્રમત્ત હોવાને કારણે કોઈપણ ક્ષેત્રમાં કોઈપણ કાલે શ્રીજિનકથિત આરાધનામાં પરિણત બને છે. ૫૪

સંથારાને માટે સામાન્યરીતિયે આ મુજબ છે: કે ‘વર્ષાકાલમાં વિવિધ પ્રકારના તપોને સારી રીતિયે કરીને, આરાધક મહાનુભાવ હેમન્તઋતુમાં સર્વ અવસ્થાઓને વિષે સંથારાપર આરૂઢ થાય છે.’

**आसीअ पोअणपुरे अज्जा नामेण पुप्फचूलत्ति ।**
**तीसे धम्मायरिओ पविस्सुओ अन्निआउत्तो ॥५६॥**

**सो गंगमुत्तरंतो सहसा उस्सारिओ अ नावाए ।**
**पडिवन्न उत्तिमट्ठं तेणवि आराहिअं मरणं ॥५७॥**

**पंचमहव्वयकलिआ पंचसया अज्जया सुपुरिसाणं ।**
**नयरंमि कुंभकारे कडगंमि निविसिआ तइआ ॥५८॥**

**पंचसया एगूणा वायंमि पराजिएण रुट्ठेणं ।**
**जंतंमि पावमइणा छुन्ना छन्नेण कम्मेण ॥५९॥**

---

સમાધિભાવથી સંથારાપર આરૂઢ થઈને પંડિત મરણને પામનાર વન્દનીય મહર્ષિઓના **જીવનપ્રસંગોની નોંધ** આ મુજબ છેઃ—

પોતનપુરમાં **પુષ્પચૂલા** આર્યાના ધર્મગુરૂ **શ્રી અર્ણિકાપુત્ર** પ્રખ્યાત હતા. તેઓ એક અવસરે નાવદ્વારાયે ગંગાનદીને ઉતરતા હતા. નાવમાં બેઠેલા લોકોએ તે વેળાએ તેમને ગંગામાં ધકેલી દીધા. ત્યારબાદ **શ્રીઅર્ણિકાપુત્ર** આચાર્યે તે સમયે સંથારાને સ્વીકારી સમાધિપૂર્વક મરણને મેળવ્યું. ૫૬:૫૭

કુંભકાર નગરમાં **દંડકરાજાના** પાપબુદ્ધિ **પાલકનામના** મંત્રીએ, **સ્કંદકકુમાર** દ્વારાયે વાદમાં પરાજિત થવાના કારણે, ક્રોધવશ બની માયાપૂર્વક પંચ મહાવ્રતયુક્ત એવા **શ્રીસ્કન્દકસૂરિ** આદિ પાંચસો નિર્દોષ સાધુઓને યંત્રમાં પીલી નાંખ્યા.

**निम्ममनिरहंकारा निअयसरीरेवि अप्पडीबद्धा।**
**तेवि तह छुज्जमाणा पडिवन्ना उत्तमं अट्ठं ॥६०॥**

**दंडुत्ति विस्सुअजसो पडिमादसधारओ ठिओ पडिमं।**
**जउणावंके नयरे सरेहिं विद्धो सयंगीओ ॥६१॥**

**जिणवयणनिच्चिअमई निअयसरीरेऽवि अप्पडीबद्धे**
**सोऽवि तह विज्झमाणो पडिवन्नो उत्तमं अट्ठं ॥६२॥**

---

મમતા રહિત, અહંકારથી પર તેમજ પોતાના શરીરને વિષે પણ અપ્રતિબદ્ધ એવા તે ચારસો નવાણુ મહર્ષિપુરૂષો તે રીતિયે પીલાવા છતાંયે સંથારાને સ્વીકારીને આરાધકભાવમાં રહ્યા. જ્યારે શ્રીસ્કન્દકસૂરિ અસમાધિ ભાવને વશ બની વિરાધક બન્યા. ૫૮:૫૯:૬૦.

દંડ નામના પ્રખ્યાત રાજર્ષિ, કે જેઓ પ્રતિમાને ધારણ કરનારા હતા. એક અવસરે **યમુનાવક્ર** નગરનાં ઉદ્યાનમાં તેઓ પ્રતિમાને ધારણ કરીને કાર્યોત્સર્ગધ્યાને ઉભા હતા, ત્યાં **યવન** રાજાએ તે મહર્ષિને બાણુથી વીંધી નાંખ્યા, તેઓ તે વેળાયે સંથારાને સ્વીકારી, આરાધક ભાવમાં રહ્યા. ત્યાર બાદ **યવનરાજાએ** સંવેગ પામીને શ્રમણપણાને સ્વીકાર્યું. શ્રીજિનવચનમાં નિશ્ચિત મતિવાળા તેઓ શરીરને વિષે સ્પૃહાવિનાના બનીને કાયોત્સર્ગધ્યાને ઉભા રહ્યા. તે અવસરે કોઇએ તેઓને બાણુથી વીંધ્યાં; છતાંયે સંથારાને સ્વીકારી તે મહર્ષિ સમાધિમરણને પામ્યા. ૬૧:૬૨

**आसी सुकोसलरिसी चाउम्मासस्स पारणादिवसे ।**
**ओरुहमाणो अ नगा खइओ मायाइ वग्घीए ॥६३॥**

**घीघणिअबद्धकच्छो पच्चक्खाणम्मि सुट्ठु उवउत्तो ।**
**सो तहवि खज्जमाणो पडिवन्नो उत्तमं अट्ठं ॥६४॥**

**उज्जेणीनयरीए अवंतिनामेण विस्सुओ आसी ।**
**पाओवगमनिवन्नो सुसाणमज्झम्मि एगंतो ॥६५॥**

**तिन्नि रयणीइ खइओ भल्लुंकी रुट्ठिया विकड्ढंती ।**
**सोवि तह खज्जमाणो पडिवन्नो उत्तमं अट्ठं ॥६६॥**

---

સાકેતપુરના શ્રીકીર્તિધર રાજાના પુત્ર શ્રીસુકોશલઋષિ, ચાતુર્માસમાં માસક્ષપણના પારણાના દિવસે, પિતામુનિની સાથે પર્વતપરથી ઉતરતા હતા. તે વેળાયે વાઘણ એવી પૂર્વજન્મની માતાએ તેઓને ફાડી નાંખ્યા, છતાંયે તેવે સમયે ગાઢ રીતિયે ધીરતા પૂર્વક પોતાના પ્રત્યાખ્યાનમાં બરોબર ઉપયોગશીલ રહ્યા. વાઘણથી ખવાતાં તેઓએ અન્તે સમાધિપૂર્વક મરણને મેળવ્યું. ૬૩:૬૪

ઉજ્જયિની નગરીમાં શ્રી અવન્તિસુકુમાલ નામનો ધનવાન પ્રખ્યાત હતો. તેણે સંવેગ ભાવને પામીને દીક્ષા લીધી. યોગ્ય અવસરે પાદપોપગમ અનશન સ્વીકારી તેઓ શ્મશાનના મધ્યે એકાન્ત ધ્યાને રહ્યા હતા. રોષાયમાન એવી શિયાલણે તેઓને ત્રાસ પૂર્વક ફાડી ખાધા. આ રીતિયે ત્રણ રાત્રી સુધી ખવાતાં તેઓએ સમાધિ પૂર્વક મરણને પ્રાપ્ત કર્યું. ૬૫:૬૬

जल्लमलपंकधारी आहारो सीलसंजमगुणाणं।
अज्जीरणो अ गीओ कत्तिअ अज्जो सुरवणंमि ॥६७॥

रोहीडगंमि नयरे आहारं फासुअं गवेसंतो।
कोवेण खत्तिएण य भिन्नो सत्तिप्पहारेणं ॥६८॥

एगंतमणावाए विच्छिन्ने थंडिले चइअ देहं।
सोऽवि तह भिन्नदेहो पडिवन्नो उत्तमं अट्ठं ॥६९॥

पाडलिपुत्तंमि पुरे चंदयगुत्तस्स चेव आसीअ।
नामेण धम्मसीहो चंदसिरिं सो पयहिऊणं ॥७०॥

कुल्लउरंमि पुरवरे अह सो अब्भुट्ठिओ ठिओ धम्मे।
कासीअ गिद्धपट्ठं पच्चक्खाणं विगयसोगो ॥७१॥

अह सोवि चत्तदेहो तिरिअसहस्सेहिं खज्जमाणो अ।
सोऽवि तह खज्जमाणो पडिवन्नो उत्तमं अट्ठं ॥७२॥

पाडलिपुत्तंमि पुरे चाणक्को नाम विस्सुओ आसी।
सव्वारंभनिअत्तो इंगिणिमरणं अह निवन्नो ॥७३॥

શરીરનો મલ, રસ્તાની ધૂળ, અને પરસેવો વગેરેથી કાદવમય શરીરવાળા, પણ શરીરનાં સહજ અશુચિ સ્વભાવના જ્ઞાતા, સુરવણ ગ્રામના શ્રીકાર્તિકાર્ય ઋષિ શીલ તથા સંયમગુણોના આધારરુપ હતા. ગીતાર્થ એવા તે મહર્ષિનો દેહ અજીર્ણ રોગથી પીડાતો હોવા છતાંયે તેઓ સદાકાલ સમાધિ ભાવમાં રમણ કરતા. એક વેળાયે રોહિડક નગરમાં પ્રાસુક આહારને ગવેષતા તે ઋષિને, પૂર્વ વૈરી કોઇ ક્ષત્રિયે શક્તિના પ્રહારથી વિંધ્યા. દેહ ભેદાવા છતાંયે તે મહર્ષિ એકાન્ત–ઉજ્જડ અને તાપ વિનાની વિશાલ ભૂમિ પર પોતાના દેહને ત્યજીને સમાધિ મરણને પામ્યા. ૬૭:૬૮:૬૯

પાટલીપુત્ર નગરમાં શ્રી ચન્દ્રગુપ્ત રાજાનો શ્રીધર્મસિંહ નામનો મિત્ર હતો. સંવેગભાવ પામીને તેણે ચન્દ્રગુપ્તની લક્ષ્મીનો ત્યાગ કરી પ્રવ્રજ્યા સ્વીકારી. શ્રીજિનકથિતધર્મમાં સ્થિત એવા તેઓએ કોલ્લપુર નગરમાં અનશનને સ્વીકાર્યું, અને ગૃદ્ધપૃષ્ઠ પચ્ચક્ખાણને શોકરહિતપણે કર્યું. તે વેળાયે જંગલમાં હજારો પશુઓએ તેઓના શરીરને ચૂંથવા માંડ્યું. આમ જેનું શરીર ખવાઇ રહ્યું છે, એવા એ મહર્ષિ; શરીરને વોસિરાવીને પંડિત મરણને પામ્યા. ૭૦:૭૧:૭૨

પાટલીપુત્ર—પટણા નગરમાં શ્રીચાણક્ય નામનો મંત્રી પ્રસિદ્ધ હતો. અવસરે સર્વપ્રકારના પાપ આરંભોથી નિર્વૃત્ત થઇને તેઓએ ઇઙ્ગિની મરણને સ્વીકાર્યું. ૭૩

अणुलोमपूअणाए अह से सत्तू जओ डहइ देहं।
सो तहवि डज्झमाणो पडिवन्नो उत्तमं अट्ठं ॥७४॥

गुट्ठयपाओवगओ सुबंधुणा गोमये पलिवियंमि।
डज्झंतो चाणक्को पडिवन्नो उत्तमं अट्ठं ॥७५॥

काइंदीनयरीए राया नामेण अमयघोसुत्ति।
तो सो सुअस्स रज्जं दाऊणं इह चरे धम्मे ॥७६॥

आहिंडिऊण वसुहं सुत्तत्थविसारओ सुअरहस्सो।
काइंदिं चेव पुरिं अह पत्तो विगयसोगो सो ॥७७॥

नामेण चंडवेगो अह से पडिछिंदइ तयं देहं।
सो तहवि छिज्जमाणो पडिवन्नो उत्तमं अट्ठं ॥७८॥

कोसंबीनयरीए ललिअघडा नाम विस्सुआ आसि।
पाओवगमनिवन्ना बत्तीसं ते सुअरहस्सा ॥७९॥

जलमज्झे ओगाढा नईइ पूरेण निम्ममसरीरा।
तहवि हु जलदहमज्झे पडिवन्ना उत्तमं अट्ठं ॥८०॥

ત્યારબાદ ગાયોના વાડામાં પાદપોપગમ અનશનને સ્વીકારીને તેઓ કાયોત્સર્ગધ્યાને ઉભા રહ્યા. આ પ્રસંગે પૂર્વવૈરી **સુબન્ધુ** મંત્રીએ અનુકૂલ પૂજાના બ્હાનાથી, છાણાને સળગાવીને એમના શરીરને સળગાવી નાંખવા માંડયું. આમ શરીર સળગવા છતાંયે, તે **શ્રીચાણુકય** ઋષિએ સમાધિપૂર્વક મરણને પ્રાપ્ત કર્યું. **૭૪:૭૫**

**કાકન્દી** નગરીમાં **શ્રીઅમૃતઘોષ** નામનો રાજા હતો. યોગ્ય અવસરે તેણે પુત્રને રાજ્ય સોંપી પ્રવ્રજ્યાને ગ્રહણ કરી. સૂત્ર અને અર્થમાં કુશલ તથા શ્રુતના રહસ્યને પામનાર એવા તે રાજર્ષિ શોકરહિતપણે પૃથ્વીપર વિહાર કરતાં ક્રમશઃ **કાકન્દી** નગરમાં પધાર્યા. ત્યાં **ચંડવેગ** નામના વૈરીએ તેઓના શરીરને શસ્ત્રના પ્રહારથી છેદી નાંખ્યું. શરીર છેદાઇ રહ્યું છે તેવી વેળાએ પણ તે મહર્ષિ સમાધિભાવમાં સ્થિર રહ્યા, અને પંડિત મરણને પ્રાપ્ત કર્યું. ૭૬:૭૭:૭૮

**કૌશામ્બી** નગરીમાં **લલિતઘટા** નામના બત્રીશ પુરૂષો પ્રખ્યાત હતા. તેઓએ સંસારની અસારતાને જાણીને શ્રમણપણાને ગ્રહણ કર્યું. શ્રુતસાગરના રહસ્યને પ્રાપ્ત કરનારા એવા તેઓએ શરીરના મમત્વથી રહિત બની, યોગ્ય અવસરે પાદપોપગમ અનશનને સ્વીકાર્યું. અકસ્માત્ નદીના પૂરથી નદીને વિષે તણાતા મોટા હ્રદની મધ્યમાં તેઓ ખેંચાઈ ગયા. આવા અવસરે પણ તેઓએ સમાધિપૂર્વક પંડિતમરણને પ્રાપ્ત કર્યું. ૭૯:૮૦

आसी कुलाणनयरे राया नामेण वेसमणदासो।
तस्स अमच्चो रिट्ठो मिच्छद्दिट्ठी पडिनिविट्ठो ॥८१॥

तत्थयमुणिवरवसहोगणिपिडगधरोतहासिआयरिओ
नामेण उसहसेणो सुअसायरपारगो धीरो ॥८२॥

तस्सासी अ गणहरो नाणासत्थत्थगहिअपेआलो।
नामेण सीहसेणो वायंमि पराजिओ रुट्ठो ॥८३॥

अह सो निराणुकंपो अग्गिं दाऊण सुविहिअपसंते।
सो तह वि डज्झमाणो पडिवन्नो उत्तमं अट्ठं ॥८४॥

कुरुदत्तोऽवि कुमारो सिंबलिफालिव्व अग्गिणा दड्ढो।
सो तह वि उज्झमाणो पडिवन्नो उत्तमं अट्ठं ॥८५॥

आसी चिलाइपुत्तो मुइंगुलिआहिं चालणिव्व कओ।
सो तहवि खज्झमाणो पडिवन्नो उत्तमं अट्ठं ॥८६॥

**કુલાણ** [કુણાલ] નગરમાં **વૈશ્રમણદાસ** નામનો રાજા હતો. આ રાજાને રિષ્ઠ નામનો મંત્રી કે જે મિથ્યાદષ્ટિ અને દુરાગ્રહ વૃત્તિવાળો હતો. તે નગરમાં એક અવસરે મુનિવરોને વિષે વૃષભ સમાન, ગણિ પિટકરૂપ શ્રી દ્વાદશાંગીના ધારક તથા સમસ્ત શ્રુતસાગરના પારને પામનાર અને ધીર એવા **શ્રીઋષભસેન** આચાર્ય, પોતાના પરિવાર સહિત પધાર્યા હતા. તે સૂરિના શિષ્ય **શ્રીસિંહસેન** ઉપાધ્યાય કે જેઓ અનેક પ્રકારના શાસ્ત્રાર્થરહસ્યના જ્ઞાતા, તથા ગણની તપ્તિને કરનારા હતા. રાજમંત્રી રિષ્ઠની સાથે તેઓને વાદ થયો. વાદમાં રિષ્ઠ પરાજિત થયો. આગ્રી રોષથી ધમધમતા, નિર્દય એવા તેણે પ્રશાન્ત અને સુવિહિત **શ્રીસિંહસેન** ઋષિને અગ્નિથી સળગાવી મૂકયા. શરીર અગ્નિથી સળગી રહ્યું છે આ અવસ્થામાં તે ઋષિવરે સમાધિપૂર્વક મરણને પ્રાપ્ત કર્યું. **હસ્તિનાગપુરના કુરૂદત્ત** શ્રેષ્ઠીપુત્રે, સ્થવિરોની પાસે દીક્ષાને સ્વીકારી હતી. એક અવસરે નગરના ઉદ્યાનમાં તેઓ કાયોત્સર્ગધ્યાને ઉભા હતા. ત્યાં ગોપાળે નિર્દોષ એવા તેઓને શાલ્મલીવૃક્ષના લાકડાની જેમ સળગાવી મૂકયાં. છતાંયે આ અવસ્થામાં તેઓએ સમાધિપૂર્વક પંડિત મરણને પ્રાપ્ત કર્યું.

**ચિલાતીપુત્ર** નામના ચોરે, ઉપશમ, વિવેક અને સંવરરૂપ ત્રિપદીને સાંભળીને દીક્ષા ગ્રહણ કરી. તે અવસરે તેઓ ત્યાંજ કાયોત્સર્ગધ્યાને રહ્યા. કીડીઓએ તેમના શરીરને ચાલણીની જેમ છિદ્રવાળું કર્યું આમ શરીર ખવાતું હોવા છતાંયે તેઓ સમાધિથી મરણને પામ્યા. ૮૧:૮૨:૮૩:૮૪:૮૫:૮૬

आसी गयसुकुमालो अल्लयचम्मं व कीलयसएहिं ।
धरणीअले उव्विद्धो तेणवि आराहिअं मरणं ॥८७॥

मंखलिणावि य अरहओ सीसा तेअस्स उवगया दड्ढा
ते तहवि डज्झमाणा पडिवन्ना उत्तमं अट्ठं ॥८८॥

परिजाणई तिगुत्तो जावज्जीवाइ सव्वमाहारं ।
संघसमवायमज्झे सागारं गुरुनिओगेणं ॥८९॥

अहवा समाहिहेउं करेइ सो पाणगस्स आहारं ।
तो पाणगंपि पच्छा वोसिरइ मुणी जहाकालं ॥९०॥

खामेमि सव्वसंघं संवेगं सेसगाण कुणमाणो ।
मणवइजोगेहिं पुरा कयकारिअअणुमए वावि ॥९१॥

**શ્રીગજસુકુમાલ** નામના ઋષિ, નગરના ઉદ્યાનમાં કાયોત્સર્ગધ્યાને રહ્યા હતા. નિરપરાધી અને શાન્ત એવા તેઓને, કોઈ પાપત્માએ હજારો ખીલાઓથી જાણે મઢેલ હોય એવી રીતિયે લીલા ચામડાથી બાંધી, પૃથ્વીપર પછાડયા. આ છતાંયે તેઓએ સમાધિપૂર્વક મરણને મેળવ્યું. ૮૭

મંખલી ગોશાળાંએ નિર્દોષ એવા **શ્રીસુનક્ષત્ર** અને **શ્રીસર્વાનુભૂતિ** નામના **શ્રી મહાવીર પરમાત્માના** શિષ્યોને તેજોલેશ્યાથી બાળી નાંખ્યા હતા. તે રીતિયે સળગતાં તે બન્ને મુનિવરો સમાધિભાવને સ્વીકારી પંડિત મરણને પામ્યા. ૮૮

સંથારાના સ્વીકારની વિધિ આ છે: 'યોગ્ય અવસરે, ત્રણગુપ્તિથી ગુપ્ત એવો ક્ષપકસાધુ જ્ઞપરિજ્ઞાથી જાણે છે. બાદ યાવજ્જીવને માટે સંઘસમુદાયની મધ્યમાં ગુરૂના આદેશ મુજબ આગારો પૂર્વક ચારેય આહારનું પચ્ચક્ખાણ કરે છે. ૮૯

અથવા સમાધિ જાળવવાને સારૂ, કોઇક અવસરે ક્ષપકસાધુ ત્રણઆહારનું પચ્ચક્ખાણ કરે છે. અને કેવળ પ્રાસુક જળનો આહાર કરે છે. બાદ ઉચિત કાલે તે ક્ષપક, પાણીના આહારનું પણ પચ્ચક્ખાણ કરે છે. ૯૦

ક્ષમાપનાની વિધિ આ છે: 'શેષલોકોને સંવેગ પ્રગટ થાય તે રીતિયે તે ક્ષપકે ક્ષમાપના કરવી જોઇએ:' અને સર્વ સંઘ સમુદાયની મધ્યમાં તેણે કહેવું કે 'પૂર્વે મન, વચન અને કાયાના યોગોથી કરવા, કરાવવા કે અનમોદવા દ્વારાયે મેં જે કાંઈ અપરાધો કર્યાં હોય તેને હું ખમાવું છું.' ૯૧

सव्वे अवराहपए एस खमावेमि अज्ज निस्सल्लो।
अम्मापिऊसरिसया सव्वेऽवि खमंतु मह जीवा ॥९२

धीरपुरिसपण्णत्तं सप्पुरिसनिसेविअं परमघोरं ।
धन्ना सिलायलगया साहंती उत्तमं अट्ठं ॥९३॥

नारयतिरिअगईए मणुस्सदेवत्तणे वसंतेणं ।
जं पत्तं सुहदुक्खं तं अणुचिंते अणन्नमणो ॥९४॥

नरएसु वेअणाओ अणोवमाओ असायबहुलाओ।
कायनिमित्तं पत्तो अणंतखुत्तो बहुविहाओ ॥९५॥

देवत्ते मणुअत्ते पराभिओगत्तणं उवगएणं ।
दुक्खपरिकिलेसकरी अणंतखुत्तो समणभूओ ॥९६॥

तिरिअगइं अणुपत्तो भीममहावेअणा अणोअरया।
जम्मणमरणऽरहट्टे अणंतखुत्तो परिब्भमिओ ॥९७॥

બે હાથને મસ્તકે જોડીને તેણે ફરી કહેવું કે' શલ્યથી રહિત આ હું આજે સર્વ પ્રકારના અપરાધોને ખમાવું છું. માતાપિતા સમાન સર્વજીવો મારા વિષે ક્ષમા રાખો. ૯૨

ક્ષપક મહાનુભાવને શ્રીગુરૂમહારાજ આ મુજબ બોધ આપે છે: કે 'ધીરપુરૂષોએ પ્રરૂપેલ, વળી સત્પુરૂષોથી સદા સેવાતા, અને કાયર આત્માઓ માટે અત્યન્ત દુષ્કર એવા પંડિતમરણ–સંથારાને, શિલાતલપર આરૂઢ થયેલા નિઃસંગ અને ધન્ય આત્માઓ સાધે છે.' ૯૩

'હે વિનેય ! સાવધાન બનીને તું વિચાર કર. તેં નારક અને તિર્યંચ ગતિમાં તથા દેવગતિ અને મનુષ્યગતિમાં કેવાં કેવાં સુખદુઃખો ભોગવ્યાં છે ?' ૯૪

'હે મુમુક્ષુ ! નરકને વિષે તેં અસાતા બહુલ–દુઃખપૂર્ણ, અસાધારણ અને તીવ્ર વેદનાઓને શરીરની ખાતર પ્રાયઃ અનન્તીવેળાયે ભોગવી છે.' ' વળી દેવપણામાં તથા મનુષ્ય-પણામાં પારકાના દાસભાવને પામેલા તેં દુઃખ, સંતાપ અને ત્રાસને ઉપજાવનારી વેદનાઓને પ્રાયશઃ અનન્તીવેળાયે અનુ-ભવી છે' 'અને હે પુણ્યવાન ! તિર્યંચગતિને પામીને ન પાર પામી શકાય એવી મહાવેદનાઓને ઘણીયે વાર તેં ભોગવી છે. આ રીતિયે જન્મ તથા મરણરૂપ રેંટના આવર્તો જ્યાં સતત્ ચાલૂ છે, એવા સંસારમાં તું અનન્તકાળ ભટક્યો છે.

૯૫:૯૬:૯૭

सुविहिअ ! अईयकाले अणंतकालं तु आगयगएणं ।
जम्मणमरणमणंतं अणंतखुत्तो समणुभूओ ॥९८॥

नत्थि भयं मरणसमं जम्मणसरिसं न विज्जए दुक्खं।
जम्मणमरणायंकं छिंद ममत्तं सरीराओ ॥९९॥

अन्नं इमं सरीरं अन्नो जीवत्ति निच्छयमईओ ।
दुक्खपरिकिलेसकरं छिंद ममत्तं सरीराओ ॥१००॥

जावंति केइ दुक्खा सारीरा माणसा व संसारे ।
पत्तो अणंतखुत्तो कायस्स ममत्तदोसेणं ॥१०१॥

तम्हा सरीरमाइं सब्भिंतरबाहिरं निरवसेसं ।
छिंद ममत्तं सुविहिअ ! जइ इच्छसि उत्तमं ठाणं ॥

जगआहारो संघो सव्वो मह खमउ निरवसेसंपि ।
अहमवि खमामि सुद्धो गुणसंघायस्स संघस्स ॥१०३

'હે સુવિહિત ! સંસારને વિષે ભૂતકાલમાં તેં અનન્ત-કાલસુધી અનન્તીવેળાયે અનન્તા જન્મ–મરણોને અનુભવ્યાં છે' આ બધાંયે દુઃખો સંસારવર્તી સર્વજીવોને માટે સહજ છે. માટે વર્તમાનકાલના દુઃખોથી તું મૂંઝાઇશ નહિ અને આરાધનાને ભૂલીશ નહિ.' 'મરણના જેવો મહાભય નથી, જન્મ સમાન અન્ય કોઇ દુઃખ છે નહિ. આ કારણે જન્મ–મરણરૂપ મહાભયોના કારણભૂત શરીરના મમત્વભાવને તું શીઘ્ર છેદી નાંખ.' ૯૮:૯૯

---

'વળી હે ભાગ્યવાન ! આ શરીર જીવથી અન્ય છે. તથા જીવ શરીરથી ભિન્ન છે' આ નિશ્ચયપૂર્વક દુઃખ અને કલેશના મૂળ ઉપાદાન સમા શરીરના મમત્વને તારે છેદી નાંખવું જોઇએ. કારણ કે: ભીમ અને અપાર આ સંસારમાં, આત્માએ જે કાંઇ શરીર સંબન્ધી કે મનસંબન્ધી દુઃખોને અનન્તીવેળાયે ભોગવ્યાં છે, તે શરીર પરના મારાપણારૂપ મહાદોષના યોગે જ. આથી હે સુવિહિત ! તને વારંવાર કહેવું પડે છે કે: 'જો સમાધિપૂર્વક મરણને મેળવવું હોય તો તે ઉત્તમ અર્થની પ્રાપ્તિને સારૂ તારે શરીર આદિ આભ્યન્તર અને અન્ય બાહ્ય પરિગ્રહને વિષે મારાપણું સર્વથા વોસિરાવી દેવું.' ૧૦૦:૧૦૧:૧૦૨

મુમુક્ષુ આત્મા, ગુરૂમહારાજની સમક્ષ ફરી ક્ષમાપના કરે છે. કે 'જગતના શરણરુપ, હિતવત્સલ સમસ્ત શ્રીસંઘ, મારાં સઘળાંયે અપરાધોને ખમો, તથા શલ્યથી રહિત બનીને હું પણ, ગુણોના આધારભૂત શ્રીસંઘને ખમાવું છું.' ૧૦૩

आयरिअ उवज्झाए सीसे साहम्मिए कुलगणे य।
जे मे केइ कसाया सव्वे तिविहेण खामेमि ॥१०४॥

सव्वस्स समणसंघस्स भयवओ अंजलिं करिअ सीसे
सव्वं खमावइत्ता अहमवि खामेमि सव्वस्स ॥१०५॥

सव्वस्सजीवरासिस्सभावओ धम्मनिहिअनिअचित्तो
सव्वं खमावइत्ता अहयंपि खमामि सव्वेसिं ॥१०६॥

इअ खामिआइआरो अणुत्तरं तवसमाहिमारूढो।
पप्फोडंतो विहरइ बहुविहबाहाकरं कम्मं ॥१०७॥

जं बद्धमसंखिज्जाहिं असुभभवसयसहस्सकोडीहिं।
एगसमएण विहुणइ संथारं आरुहंतो य ॥१०८॥

इह तह विहारिणो से विग्घकरी वेअणा समुट्ठेइ।
तीसे विज्झवणाए अणुसट्ठिं दिंति निज्जवया ॥१०९॥

તથા 'શ્રી આચાર્યદેવ, શ્રીઉપાધ્યાય, શિષ્યો, સાધર્મિકો, કુળ તથા ગણ વગેરે જે કોઇને મેં કષાય ઉત્પન્ન કરાવ્યો હોય-કષાયનું હું કારણ બન્યો હોઉં તે સર્વને હું ત્રિવિધ યોગે ખમાવું છું.' 'શ્રી સર્વ શ્રમણ સંઘના સઘળાંયે અપરાધોને હું મસ્તક પર બે હાથ જોડવારુપ અંજલિ કરી ખમાવું છું. તથા હું પણ ( ફરી ) સર્વને ખમું છું.' વળી હું જિન-કથિત ધર્મમાં આપંત ચિત્તવાળો થઇને સર્વ જગતના જીવ સમૂહની સાથે બંધુભાવથી-નિઃશલ્યરીતિયે ખમાવું છું. અને હું પણ સર્વને ખમું છું.' — ૧૦૪:૧૦૫:૧૦૬

આમ અતિચારોને ખમનાર, અને અનુત્તર તપ તથા અપૂર્વ સમાધિને પ્રાપ્ત કરનાર ક્ષપક આત્મા; બહુવિધ બાધા સંતાપ વગેરેના મૂળ કારણ કર્મસમૂહને ખપાવતો સમભાવમાં વિહરે છે. અસંખ્યેય લાખ કોટિ અશુભ ભવોની પરંપરા દ્વારાયે જે ગાઢ કર્મ બાંધ્યું હોય, તે સર્વ કર્મ-સમૂહને સંથારા પર આરૂઢ થયેલો ક્ષપક આત્મા, શુભ અધ્યવસાયોના યોગે એક સમયમાં ખપાવે છે. ૧૦૭:૧૦૮

આ અવસરે; સંથારાપર આરૂઢ થયેલા મહાનુભાવ ક્ષપકને કદાચ પૂર્વકાલીન અશુભના યોગે, સમાધિભાવમાં વિઘ્ન કરનારી વેદના ઉદયમાં આવે, તો તેને શમાવવાને સારૂ, ગીતાર્થ એવા નિર્યામક સાધુઓ ભાવનાચંદન જેવી શીતલ ધર્મશિક્ષા આપે. ૧૦૯

जइ ताव ते मुणिवरा आरोविअवित्थरा अपरिकम्मा।
गिरिपब्भारविलग्गा बहुसावयसंकडं भीमं ॥११०॥

धीधणिअबद्धकच्छा अणुत्तरविहारिणो समक्खाया।
सावयदाढगयावि हु साहंती उत्तमं अट्ठं ॥१११॥

किं पुण अणगारसहायगेहिं धीरेहिं संगयमणेहिं।
नहु नित्थरिज्जइ इमो संथारो उत्तमं अट्ठं ? ॥११२॥

उच्छूढसरीरघरा अन्नो जीवो सरीरमन्नंति।
धम्मस्स कारणे सुविहिआ सरीरंपि छड्डंति ॥११३॥

पोराणिअ पच्चुप्पन्निआउ अहिआसिऊण विअणाओ
कम्मकलंकवल्लीं विहुणइ संथारमारूढो ॥११४॥

જે આ મુજબ: 'હે પુણ્ય પુરૂષ! આરાધનામાં જ જેઓએ પોતાનું સઘળુંયે અર્પિત કર્યું છે, એવા પૂર્વકાલીન મુનિવરો; જ્યારે તેવા પ્રકારના અભ્યાસ વગર પણ, અનેક જંગલી જાનવરોથી ચોમેર ઘેરાએલા ભયંકર પર્વતની ટોચ પર કાયોત્સર્ગધ્યાને રહેતા હતા." વળી અત્યન્ત ધીર વૃત્તિને ધરનારા આ કારણે શ્રી જિનકથિત આરાધનાના માર્ગમાં અનુત્તર રીતિયે વિહરનારા તે મહર્ષિપુરૂષો, જંગલી જાનવરોની દાઢમાં આવવા છતાંયે સમાધિભાવને અખંડ રાખે છે. અને ઉત્તમ અર્થને સાધે છે.' ૧૧૦:૧૧૧

'હે સુવિહિત! ધીર તથા સ્વસ્થ મનોવૃત્તિવાળા નિર્યામક સાધુઓ, જ્યારે સદા સહાય કરનારા છે એવી સ્થિતિમાં સમાધિભાવને પામીને શું આ સંથારાની આરાધનાને પાર ન પામી શકાય? અર્થાત્ તારે સહેલાઈથી આ સંથારાના પારને પામવો જોઇએ. કારણ કે જીવ એ શરીરથી અન્ય છે, તેમ શરીર એ પણ જીવથી ભિન્ન છે. આથી શરીરના મમત્વને મૂકી દેનારા સુવિહિતપુરૂષો શ્રીજિનકથિત ધર્મની આરાધનાની ખાતર અવસરે શરીરને પણ ત્યજી દે છે.' ૧૧૨:૧૧૩

'સંથારાપર આરૂઢ થયેલ ક્ષપક, પૂર્વકાલીન અશુભના ઉદયથી ઉત્પન્ન થયેલી વેદનાઓને સમભાવપૂર્વક સહન કરીને, કર્મરુપ અશુભ કલંકની પરંપરાને વેલડીની જેમ મૂળથી હલાવી નાંખે છે. આથી તારે પણ આ વેદનાઓને સમભાવે સહવા પૂર્વક કર્મોને ખપાવવા જોઈએ.' ૧૧૪

जं अन्नाणी कम्मं खवेइ बहुआहिं वासकोडीहिं।
तं नाणी तिहिं गुत्तो खवेइ ऊसासमित्तेणं ॥११५॥

अट्ठविहकम्ममूलं बहुएहिं भवेहिं संचिअं पावं।
तं नाणी तिहिं गुत्तो खवेइ ऊसासमित्तेणं ॥११६॥

एवं मरिऊण धीरा संथारंमि उ गुरु पसत्थंमि।
तइअभवेण व तेण व सिज्झिज्जा खीणकम्मरया ॥

गुत्तीसमिइगुणड्ढो संजमतवनिअमकरणकयमउडो।
सम्मत्तनाणदंसणतिरयणसंपाविअसमग्घो ॥११८॥

संघो सइंदयाणं सदेवमणुआसुरम्मि लोगम्मि।
दुल्लहतरो विसुद्धो सुविसुद्धो तो महामउडो ॥११९॥

'બહુક્રોડ વર્ષો સુધી તપ, ક્રિયા વગેરે દ્વારાયે અજ્ઞાન આત્મા જે કર્મસમૂહને ખપાવે છે. મન, વચન, કાયાના યોગોથી આત્માનું રક્ષણ કરનાર જ્ઞાની આત્મા, તે કર્મસમૂહને શ્વાસ માત્રમાં ખપાવે છે. કારણ કે: સમ્યગ્જ્ઞાન પૂર્વકનાં અનુષ્ઠાનોનો પ્રભાવ અચિન્ત્ય છે.' 'વિશેષ શું કહેવું ? મન, વચન અને કાયાથી આત્માનું જતન કરનાર જ્ઞાની આત્મા, બહુ ભવોથી સંચિત કરેલા આઠ પ્રકારનાં કર્મસમૂહરુપ પાપોન શ્વાસમાત્રમાં ખપાવે છે. આ કારણે:હે સુવિહિત ! સમ્યગ્જ્ઞાનનાં આલંબન પૂર્વક તારે પણ આ આરાધનામાં ઉજમાળ રહેવું.' ૧૧૫: ૧૧૬

આ મુજબ હિતોપદેશરૂપ આલંબનને મેળવનાર સુવિહિત આત્માઓ ગુરૂ વગેરે વડિલજનોથી પ્રશંસાને પામેલા સંથારાપર ધીરતાપૂર્વક આરૂઢ થઇ, સર્વપ્રકારના કર્મમલને ખપાવવા પૂર્વક તે ભવમાં યા ત્રીજા ભવમાં અવશ્ય સિદ્ધ થાય છે. અને મહાનંદ પદને પ્રાપ્ત કરે છે. ૧૧૭

**શ્રી સંઘની સ્તુતિરુપ અન્તિમ મંગળ:** ગુપ્તિ, સમિતિ આદિ ગુણોથી મનોહર; સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રરુપ રત્નત્રયીથી મહામૂલ્યવાન; તથા સંયમ, તપ, નિયમ વગેરે ગુણરુપ સુવર્ણથી જડેલો શ્રીસંઘરુપ મહામુકુટ, દેવ, દેવેન્દ્ર, અસુર અને માનવોથી સહિત ત્રણ લોકમાં વિશુદ્ધ હોવાને કારણે પૂજનીય છે, અતિશય દુર્લભ છે. વળી નિર્મળગુણોનો આધાર છે, માટે પરમશુદ્ધ છે, અને સૌને શિરોધાર્ય છે. ૧૧૮: ૧૧૯

डज्झंतेणवि गिम्हे कालसिलाए कवल्लिभूआए।
सूरेण व चंडेण व किरणसहस्संपयंडेणं ॥१२०॥
लोगविजयं करिंतेण तेण झाणोवउत्तचित्तेणं।
परिसुद्धनाणदंसणविभूइमंतेण चित्तेणं ॥१२१॥
चंदगविज्झं लद्धं केवलसरिसं समाउ परिहीणं।
उत्तमलेसाणुगओ पडिवन्नो उत्तमं अट्ठं ॥१२२॥
एवं मए अभिथुआ संथारगइंदखंधमारूढा।
सुसमणनरिंदचंदा सुहसंकमणं सया दिंतु ॥१२३॥

**સંથારાના આરાધકનું અન્તિમઃ** ગ્રીષ્મઋતુમાં અગ્નિથી લાલચોળ તપેલા લોખંડના તાવડાના જેવી કાળી શિલામાં આરૂઢ થઇને હજારો કિરણોથી પ્રચંડ, અને ઉગ્ર એવા સૂર્યના તાપથી બળવા છતાંયે, કષાય વગેરે લોકનો વિજય કરનાર અને ધ્યાનમાં સદાકાલ ઉપયોગશીલ, વળી અત્યન્ત સુવિશુદ્ધ જ્ઞાન દર્શનરુપ વિભૂતિથી યુક્ત, તથા આરાધનામાં અર્પિત ચિત્તવાળા સુવિહિત પુરૂષે; ઉત્તમ લેશ્યાના પરિણામપૂર્વક રાધાવેધ સમાન દુર્લભ, કેવલજ્ઞાનની સદૃશ, સમતાભાવથી પૂર્ણ એવા ઉત્તમ અર્થરુપ સમાધિ-મરણને મેળવ્યું છે. १२०: १२१: १२२

**પ્રાર્થનાપૂર્વક ઉપસંહારઃ** આ પ્રકારે મેં જેઓની સ્તુતિ કરી છે, એવા શ્રીજિનકથિત અન્તિમ કાલીન સંથારા-રુપ હાથીના સ્કન્ધપર સુખપૂર્વક આરૂઢ થયેલા, વળી નરેન્દ્રોને વિષે ચન્દ્ર સમાન શ્રમણ પુરૂષો, સદાકાલ અમોને શાશ્વત, સ્વાધીન અને અખંડ સુખોની પરંપરા આપો. १२३

# पंडितमृत्यु : महामहोत्सव :

आर्ये ! न शोचनीयोऽसौ महात्मा नरसत्तम ।
येनैकदिनमात्रेण साधितं सत्प्रयोजनम् ॥१॥

यथा पापभरं कृत्वा प्रवृत्तो नरकं प्रति ।
यदि गच्छेत्तथैवाऽत्र ततः शोच्यो भवोदधौ ॥२॥

यः पुन प्राप्य सद्धर्मं निर्धूय निजकल्मषम् ।
सर्वार्थसिद्धिं संप्राप्तो नासौ शोकस्य गोचर: ॥३॥

# પંડિત મરણ : મહા મહોત્સવ :

'શ્રી **અનુસુંદર ચક્રવર્તી**, એક દિવસનું સંયમ પાળીને સમાધિપૂર્વક અન્તિમ આરાધના કરી, પંડિતમરણને પ્રાપ્ત કરી, સદ્ગતિને સાધી ગયા. તે પુણ્યવાનના મૃત્યુથી દુઃખી થતા શ્રી **સુલલિતા** સાધ્વી વગેરેને ઉદ્દેશીને, પૂ. **શ્રી સમન્તભદ્રસૂરિ**, તે અવસરે ઉપદેશરૂપ અમૃતવૃષ્ટિ કરે છે. જે આ મુજબ...

∴

'આર્યે ! જે પુણ્યવાન મહાપુરૂષે, માત્ર એક દિવસના સંયમથી પોતાનું હિતકાર્ય સાધી લીધું છે. અને સ્વયં કૃતકૃત્ય બની શકયા છે. તે પૂર્ણભાગ્યશાળી આત્માને માટે જરાપણ શોક કરવાની જરૂર નથી. હા, જો એ ખૂબ પાપસમૂહને ઉપાર્જીને, તેના ભારથી અહિંથી મરી નરકરૂપ દુર્ગતિમાં ગયા હોત, તથા પરિણામે અનન્ત અપાર સંસાર-સમુદ્રમાં ડૂબી ગયા હોત, તો અવશ્ય એ શોક કરવાને યોગ્ય ગણાત. ૧:૨

—પણ—

'જે પુણ્યશાળી મહાનુભાવ, શ્રી જિનકથિત વિશુદ્ધ ધર્મને પ્રાપ્ત કરી, પોતાના પૂર્વોપાર્જિત કર્મનાં પૂંજને ધોઇ, પંડિતમરણને પ્રાપ્ત કરવા પૂર્વક સર્વપ્રકારના ઇષ્ટ અર્થોની સિદ્ધિને પામ્યા છે, તેને માટે શોક કરવો યોગ્ય નથી. ૩

शोचनीयः सतामिष्टः नरः संयमदुर्बलः ।
स हि सर्वत्र संसारे भ्रमेःदुखभरेरितः ॥४॥

न शोचनीयः स्निग्धेन मृतः संयमवान् नरः ।
स हि संसारचक्रेऽपि तिष्ठेदानन्दपूरितः ॥५॥

स एव च बिभेत्युच्चै मरणे समुपस्थिते ।
येन नाचरितो धर्मः परलोकसुखावहः ॥६॥

सद्धर्मपथ्यपाथेयं यस्त्वादाय प्रतीक्षते ।
मरणं, तस्य तत्प्राप्तौ न भीः किंतु महोत्सवः ॥७॥

ज्ञानदर्शनचारित्रतपोरूपाघनाशिनी ।
आराधना चतुःस्कंधा यस्य स्यात्तस्य किं मृतम् ॥८॥

आनन्दोत्पादका स्तेऽत्र भगवन्तो मुनीश्वराः ।
ये क्षालयित्वा पापौघं मृताः पंडितमृत्युना ।९

---

'જે આત્મા સંયમરુપ બલવિનાનો છે. તે આત્મા દુઃખના ભારથી અપાર સંસારની ચોમેર ભટકે છે. આ કારણે સત્પુરૂષોને માટે તેની દશા શોચનીય છે. પણ જે પુણ્યવાન આત્મા, શ્રી જિનકથિત સંયમધર્મનું સુંદર પ્રકારે આરાધન કરી મરણને પામ્યો છે. તેને માટે સ્નેહીજનોએ શોક કરવાની કાંઈજ જરૂર નથી. કારણ કે: તે આત્મા કદાચ સંસારમાં હશે, તોપણ જ્યાં હશે ત્યાં આનન્દમાં જ રમનારો હશે. ખરેખર તેજ આત્મા મરણકાલે ડરે છે, મૂંઝાય છે, કે જેણે પરલોકના સુખને આપનાર શ્રી જિનપ્રણીત ધર્મનું સમ્યગ્ આરાધન કર્યું નથી.' ૪:૫:૬

'પણ જે ધર્મધન આત્મા, સુંદર રીતિયે ધર્મની આરાધના કરવા પૂર્વક, પરલોકના માર્ગનું ભાથું બાંધીને મૃત્યુની વાટ જોતો ઉભો છે, તેને મરણના અવસરે ડર નથી. એને સારૂ મરણ મહોત્સવરૂપ છે. કારણકે પાપનો નાશ કરનારી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ ચાર સ્થંભોવાળી શુભ આરાધના; જેણે આચરી છે તેને મરણ શું છે? વાસ્તવિક રીતિયે તેઓ જીવન્ત છે. અજરામર છે. જે મુનીશ્વર ભગવન્તો, પાપસમૂહને ખપાવીને, પંડિત મૃત્યુથી મરણને પામ્યા છે, તેઓ ખરેખર આનન્દના દેનારા. એ મહાત્માપુરૂષોના મરણપ્રસંગો સાચે મહામહોત્સવ છે.' ૭:૮:૯

---

# अन्तिम आराधना

ज्ञानदर्शनचारित्रवीर्याराधनतत्परः।
एक एवाऽन्तरात्मा मे व्युत्सृष्टमधुनाऽपरम् ॥१॥

रागद्वेषमहामोहकषायमलधूनकः।
विशुद्धः सांप्रतं वर्ते स्नातकोऽहं समाहितः ॥२॥

क्षाम्यन्तु सर्वसत्त्वा मे क्षान्ति र्मे सर्वजन्तुषु।
निर्वैरः सांप्रतं शान्तः क्षेत्रज्ञो मम वर्तते ॥३॥

यदन्तर्यायिनः किंचिद् बहिर्भूतं पुरा मया।
गृहीतं स्वीयबुद्धया तद् व्युत्सृष्टमधुनाऽखिलम् ॥४॥

तीर्थेश्वरा महात्मानः सिद्धा निर्धूतकल्मषा।
सद्धर्मः साधवश्चेति भवन्तु मम मङ्गलम् ॥५॥

एतावानेवोत्तमत्वेन गृह्णामि भुवनेऽप्यहम्।
एतानेव प्रपद्येऽहं शरणं भवभीरुकः ॥६॥

# અન્તિમ આરાધના

શ્રીજિનકથિત જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા વીર્યની આરાધનામાં તત્પર મારો અન્તરાત્મા એક જ છે, એ જ મારો છે, આ સિવાય અન્ય સર્વને મેં ત્યજી દીધાં છે. રાગ, દ્વેષ, મહામોહ અને કષાયરુપ કારમા મલને ધોઇને, હું અત્યારે નિર્મળ બન્યો છું. આ કારણે હું સાચો સ્નાતક થયો છું. વળી સર્વજીવો, મને ક્ષમા આપો. કારણ કે હું સર્વજીવોને ખમાવું છું. મારો આત્મા હાલ શાન્ત છે. મારે કોઇની પ્રત્યે વૈરવિરોધ નથી. જે કદિકાલે વાસ્તવિક રીતિએ મારા ચેતનસ્વરુપ આત્માની સાથે સંબન્ધ રાખી શકે તેમ નથી. એવી પરવસ્તુઓને મેં અત્યાર સુધી મારી નજીકની માની લીધી; પોતાપણાની બુદ્ધિથી મેં એ વસ્તુઓને જાણી હતી. હાલ તે પૌદ્ગલિક પરવસ્તુઓને હું વોસરાવી દઉ છું. ૧:૨:૩:૪

ત્રિલોકનાથ મહાત્મા શ્રીતીર્થંકરદેવો; પાપમલથી સર્વથા રહિત શ્રી સિદ્ધભગવન્તો; તથા શ્રી જિનેશ્વર પ્રણીત ધર્મ; અને શ્રી સાધુપુરૂષો; મને મંગલરુપ બનો. ત્રણેય લોકમાં આજ ચાર વસ્તુઓ શ્રેષ્ઠતમ છે. આ ચાર તત્ત્વો જ શરણસ્થાન છે. આથી ભવના ભ્રમણથી ડરેલો હું આના શરણને સ્વીકારૂં છું. ૫: ૬

निर्वृत्तसर्वकामोऽहं मनोजालनिरोधकः।
बन्धुः समस्तभूतानां सूनुवत्सर्वयोषिताम् ॥७॥

स्थितः सामायिके शुद्धे सर्वयोगनिरोधिनि।
व्युत्सृष्टचेष्टं मां सिद्धाः पश्यन्तु परमेष्ठिनः ॥८॥

यच्च दुश्चरितं किंचिदिहान्यत्र च मे भवेत्।
संजातं जातसंवेगस्तन्निन्दामि पुनः पुनः ॥९॥

सर्वोपाधिविशुद्धोऽहं ममेयमधुना मतिः।
साक्षात्केवलिन स्तत्त्वं भगवन्तो विजानते ॥१०॥

भवप्रपञ्चनविरतो मोक्षैकगतचेतसा।
समर्पितो मयाऽऽत्मैष जिनानां जन्मनाशिनाम् ॥

तत एव महात्मानः सद्भावार्पितचेतसः।
स्वशक्त्याऽशेषकर्मांशच्छेदं कुर्वन्तु मेऽधुना ॥१२॥

હું અત્યારે સર્વ લાલસાઓથી નિર્વૃત્ત છું. મનનાં દુષ્ટ વિકલ્પોને મેં તદ્દન રોકી લીધાં છે. હાલ હું જગતના સર્વ પ્રાણીવર્ગને બંધુરુપ ગણુ છું, સર્વ સ્ત્રીઓ મારે મન માતા સમાન છે, હું તેઓનો પુત્ર છું. સર્વ પ્રકારના યોગોનો નિરોધ કરનાર હું શુદ્ધ સામાયિકમાં હાલ રહું છું. વળી સર્વ ચેષ્ટાઓને ત્યજી દેનારા મને, હે સિદ્ધભગવન્તો કરૂણાદૃષ્ટિથી નિહાળો. ૭:૮

આ ભવમાં કે અન્ય ભવોમાં, મેં જે કાંઇ દુષ્કૃત આચર્યું હોય તે સર્વ દુષ્કૃતને, સંવેગભાવથી ભાવિત એવો હું, આ અવસરે વારંવાર નિન્દું છું. સર્વપ્રકારના પરિગ્રહને મૂકીને હું વિશુદ્ધ બન્યો છું. મારી મનોવૃત્તિ અત્યારે આ છે. મારી વર્તમાનસ્થિતિના તત્ત્વને શ્રી કેવલજ્ઞાનીભગવન્તો સાક્ષાત જાણી શકે છે. ૯:૧૦

કેવળ મોક્ષનીજ એક ઇચ્છાથી હું સંસારના સર્વ સંબન્ધોથી અળગો બન્યો છું. જન્મ મરણરુપ મહાદુઃખોનો નાશ કરનારા શ્રી જિનેશ્વરદેવોના શરણે મેં મારા આત્માને સોંપી દીધો છે, આ કારણે : તે કરૂણાસાગર મહાત્માપુરૂષો, સદ્દભાવપૂર્વક અર્પિત થયેલા મારાં સઘળાયે કર્મોનો નાશ પોતાની શક્તિથી આ વેળાયે કરો. ૧૧:૧૨

# —: નૂતન પ્રકાશનો :—

[ ૧ ]

મહોપાધ્યાય શ્રી લાવણ્યવિજયજી સંકલિત

## શ્રી દ્રવ્યસપ્તતિકા

મૂળ ટીકા અને ભાષાન્તરપૂર્વક.

ખાસ ખપી આત્માઓને ભેટ. પોષ્ટેજ અલગ.

લખોઃ—માસ્તર પ્રભુદાસ દીપચંદ

જૈન દેરાસર પેઢી, બીલીમોરા. [ B. B. Ry ]

[ ૨ ]

## શ્રી પિંડવિશુદ્ધિ સટીક

મૂલ્ય, ૧-૧૨-૦

## શ્રી પ્રતિક્રમણસૂત્રપદવિવૃતિ

મૂલ્ય, ૦-૬-૦

## શ્રી આવશ્યક નિર્યુક્તિ દીપિકા ભા. ૧

મૂલ્ય, ૩-૮-૦

અદ્યાવધિ અમુદ્રિત, અપૂર્વ અને અભ્યસનીય ગ્રન્થો.

## શ્રી યુગાદિદેશના

મૂલ્ય, ૧-૦-૦

—શુદ્ધ અને સુંદર પ્રકાશન—

પ્રાપ્તિસ્થાનઃ—

આ૦ શ્રી વિજયદાનસૂરિ જૈન ગ્રન્થમાળા

ઠે. માસ્તર હીરાલાલ રણછોડદાસ

ગોપીપુરા, સુરત.

Printed by:-Hiralal Devchand Shah, at Sharda Mudranalay
Pankore naka, opp. Jumma masjid, Ahmedabad.